# અમદાવાદ એક્સપ્રેસ

Ahmedabad Express | Ahmedabad | RNI No.GUJGUJ/2011/40654




**પેજ-08**
માધુરી દીક્ષિત 'બિગ બોસ 19'માં જોવા મળશે, સોશિયલ મીડિયા પર



**પેજ-09**
કેપ્ટન બન્યાના 4 કલાક પછી મ્હાત્રેની સદી, મુશ્તાક અલી ટ્રોફીમાં મુંબઈએ વિદર્ભને...

**હવામાન**

| શહેર | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| અમદાવાદ | 30.00 | 19.00 |
| વડોદરા | 31.00 | 17.00 |
| સુરત | 31.00 | 19.00 |

પેજ 5



ભારતીય ટેલિકોમ રેસમાં જિયો સૌથી આગળ રિલાયન્સ જિયો વૃદ્ધિ...


30 NOVEMBER-2025 SUNDAY


ખાલેદા ઝિયાની સ્થિતિ અત્યંત ગંભીર ફેફસામાં સંક્રમણ બાદ દાખલ



પેજ 10

**.....સુવિચાર.....**
અત્યાર ની આ દુનિયા માં જેટલું તમે વધુ પોતાનું કરવા જશો એટલા જ તમે વધુ હેરાન થતાં જશો


વર્ષ-15 । અંક-019 । વિક્રમ સંવત-2082 । માગસર સુદ-10 । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ ■ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક


**અમેરિકાનો વેનેઝુએલા પર ગંભીર આરોપ**

## વેનેઝુએલાનો એરસ્પેસ બંધ કરવા ડોનાલ્ડ ટ્રમ્પનો આદેશ



(એજન્સી) વોશિંગ્ટન | તા.29

અમેરિકા અને વેનેઝુએલા વચ્ચે છેલ્લા ઘણા સમયથી તણાવ સતત વધી રહ્યો છે. અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ વારંવાર ડ્રગ્સ મુદ્દે વેનેઝુએલા અને તેના પ્રમુખ નિકોલસ માદુરોને ધમકી આપી રહ્યા છે. એવામાં હવે ટ્રમ્પે વેનેઝુએલા અને તેની આસપાસનો એરસ્પેસ બંધ કરવાની જાહેરાત કરી છે.

### શું વેનેઝુએલા પર હુમલો કરશે અમેરિકા?

અમેરિકા વેનેઝુએલા વિરુદ્ધ સૈન્ય કાર્યવાહી કરશે તેવી અવારનવાર સંભાવનાઓ વ્યક્ત કરવામાં આવી હતી. એવામાં ટ્રમ્પ દ્વારા એરસ્પેસ બંધ કરવાની જાહેરાત બાદ આવી અટકળોમાં વધારો થયો છે. એવામાં સવાલ થાય છે કે શું અમેરિકા હવે વેનેઝુએલા પર હુમલો કરશે?

ટ્રમ્પે ટ્રુથ સોશિયલ નામના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર પોસ્ટ કરતાં ચેતવણી આપતા કહ્યું કે તમામ એરલાઈન્સ, પાયલટ, ડ્રગ્સ માફિયા વેનેઝુએલાની ઉપર અને આસપાસ સંપૂર્ણ એરસ્પેસ બંધ સમજે. નોંધનીય છે કે થોડા દિવસ પહેલા જ અમેરિકાએ સંકેત આપ્યા હતા કે તેઓ નિકોલસ માદુરોને સત્તાથી હટાવવા માટે વિવિધ વિકલ્પો પર વિચાર કરી રહ્યું છે. અમેરિકાનો આરોપ છે કે ડ્રગ્સની હેરફેરમાં માદુરોની સરકાર પણ સામેલ છે. બીજી તરફ વેનેઝુએલાનો આરોપ છે કે અમેરિકા તેમના દેશમાં અસ્થિરતા ફેલાવી સત્તા પરિવર્તન કરવા માંગે છે.

**IMDએ રેડ એલર્ટ જારી કર્યું... ફ્લાઇટ્સ રદ, ટ્રેનોને અસર... શ્રીલંકામાં વિનાશ વેર્યા બાદ**

# ભારત તરફ આગળ વધી રહેલું ચક્રવાત દીતવાહ

(એજન્સી) નવી દિલ્હી | તા.29

ચક્રવાત દિટવાહ ભારતના દક્ષિણ કિનારા તરફ આગળ વધી રહ્યું છે. શનિવારે તમિલનાડુના ઘણા ભાગોમાં ભારે વરસાદ પડ્યો. રામનાથપુરમ અને નાગપટ્ટિનમ જિલ્લાઓ સૌથી વધુ પ્રભાવિત થયા હતા. હવામાન વિભાગ (IMD) એ એક નિવેદનમાં જણાવ્યું હતું કે, 'શ્રીલંકા અને તેની બાજુમાં આવેલા દક્ષિણપશ્ચિમ બંગાળની ખાડી પર ચક્રવાત દિટવાહ છેલ્લા છ કલાક દરમિયાન 8 કિમી પ્રતિ કલાકની ઝડપે ઉત્તર-ઉત્તરપશ્ચિમ તરફ આગળ વધ્યું અને આજે સવારે 5:30 વાગ્યે દક્ષિણપશ્ચિમ બંગાળની ખાડી અને તેની બાજુમાં આવેલા ઉત્તર શ્રીલંકા પર કેન્દ્રિત થયું.' તે 30 નવેમ્બરની સવાર સુધીમાં ભારતના દક્ષિણ કિનારા પર પહોંચવાની ધારણા છે.

### તમિલનાડુમાં ભારે વરસાદની ચેતવણી

તમિલનાડુના મહેસૂલ મંત્રી રામચંદ્રને પત્રકારો સાથે વાત કરતા જણાવ્યું હતું કે રાજ્યમાં અત્યાર સુધી કોઈ જાનહાનિ થઈ નથી. તેમણે એમ પણ કહ્યું કે NDRF અને SDRF સહિત 28 આપત્તિ પ્રતિભાવ ટીમો કોઈપણ પરિસ્થિતિ માટે તૈયાર છે.



**ભારે વરસાદના કારણે 9,000 એકર મીઠાના ખેતરો ડૂબી ગયા**

### દક્ષિણ ભારત માટે આગામી 24 કલાક 'ભારે' વડોદરાથી NDRF ટીમો ચેન્નઈ રવાના

1 શક્તિશાળી વાવાઝોડાની શક્યતાને જોતાં તમિલનાડુમાં હાઈએલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. SDRFની ટીમો દરિયાકાંઠાના વિસ્તારોમાં ખડેપગે છે. લોકોને સુરક્ષિત રાખવા માટે શેલ્ટર્સ તૈયાર કરવામાં આવી રહ્યા છે.

2 આજે બપોરની સ્થિતિ અનુસાર દિતવાહ વાવાઝોડું ભારતના કરાઈકલથી 170 કિમી, પોંડિચેરીથી 280 કિમી જ્યારે ચેન્નઈથી 380 કિમી દૂર હતું. આજે મોડી રાતથી આવતીકાલે વહેલી સવાર સુધીમાં વાવાઝોડું તમિલનાડુ અને આંધ્ર પ્રદેશથી પસાર થવાની શક્યતા છે.

3 વાવાઝોડાના કારણે આજે અને આવતીકાલે તમિલનાડુ, પોંડિચેરી અને આંધ્ર પ્રદેશમાં ભારેથી અતિભારે વરસાદની આગાહી છે.

4 છેલ્લા એક સપ્તાહથી ભારે વરસાદ, વાવાઝોડું, ભૂસ્ખલન જેવી કુદરતી આફતમાં શ્રીલંકામાં 123 લોકોના મોત થયા છે. જ્યારે 43 હજાર 900 લોકોએ ઘર છોડી શેલ્ટરમાં આશરો લેવો પડ્યો છે.

5 શ્રીલંકામાં ફસાયેલા ભારતીયો માટે કોલંબો એરપોર્ટ પર હેલ્પડેસ્ક શરૂ કરવામાં આવ્યું છે. તથા હેલ્પલાઈન નંબર પર જાહેર કરાયો છે: +94 773727832

6 વાવાઝોડાથી લોકોને બચાવવા માટેની તૈયારીઓ મુદ્દે તમિલનાડુના મુખ્યમંત્રીએ ઉચ્ચ અધિકારીઓ સાથે બેઠક યોજી. તથા વિવિધ સિનિયર મંત્રીઓને પણ સંવેદનશીલ વિસ્તારોની જવાબદારી આપવામાં આવી છે.

### તમિલનાડુમાં 6000 રાહત શિબિરો તૈયાર કરાઇ, ભારે વરસાદના કારણે 54 ફ્લાઇટ્સ રદ

તમિલનાડુના નાગપટ્ટિનમ જિલ્લામાં ચક્રવાત દિત્વાને કારણે થયેલા ભારે વરસાદને કારણે મીઠાના ઉત્પાદન પર ભારે અસર પડી છે. વેધારણ્યમ વિસ્તારમાં લગભગ 9,000 એકર મીઠાના ખેતરો ડૂબી ગયા હતા, જેના કારણે ઉત્પાદન પર ભારે અસર પડી હતી. તમિલનાડુના મહેસૂલ અને આપત્તિ વ્યવસ્થાપન મંત્રી કે.કે.એસ. એસ.આર. રામચંદ્રને જણાવ્યું હતું કે ચક્રવાત દિત્વાની અસરનો સામનો કરવા માટે રાજ્યભરમાં આશરે 6,000 રાહત શિબિરો સ્થાપિત કરવામાં આવ્યા છે. જોકે, તેમણે કહ્યું કે અત્યાર સુધીમાં આ શિબિરોમાં ખૂબ ઓછા લોકો પહોંચ્યા છે.

## ભારતે શ્રીલંકાને 12 ટન જેટલી સહાય મોકલી

(એજન્સી) નવીદિલ્હી/કોલંબો | તા.29

ઓપરેશન સાગરબંધુ હેઠળ ભારતે દીતવાહ ચક્રવાત ગ્રસ્ત શ્રીલંકાને ૧૨ ટન જેટલી તત્કાળ સહાય મોકલી આપી છે. ભારતનાં વિશાળ માલવાહક વિમાન સી-૧૩૦ જે દ્વારા ટેન્ટસ, તાડપત્રીઓ, બ્લેન્કેટસ, હાઈજીન કીટસ અને તૈયાર તત્કાળ ખવાય તેવા ખાદ્ય પદાર્થો શનિવારે શ્રીલંકા પહોંચાડી દીધા છે. આ ઉપરાંત ભારતનાં બે યુદ્ધ જહાજો આઈ.એન.એસ. વિક્રાંત અને આઈએનએસ ઉદયગિરી પણ ૪.૫ ટન જેટલું ડ્રાય રેશન તથા ૨૨ ટન જેટલું ફ્રેશ રેશન લઈ શ્રીલંકા પહોંચી ગયાં છે.



## પંજાબ : 16,000 કરોડ રૂપિયાના ખર્ચે 44,920 કિલોમીટરના રસ્તાઓ બનશે

(એજન્સી) ચંદીગઢ | તા.29

પંજાબના દરેક ગામમાં ડામરની ગંધ, ખેતરોમાં જેસીબીનો અવાજ સંભળાય છે, અને ટ્રેક્ટર પર કાંકરી અને રોલરોનો લય પંજાબનો નવો સૂર બની ગયો છે. મુખ્યમંત્રી ભગવંત માનએ રસ્તાઓને રાજકીય શોપીસ નહીં, પણ જાહેર વિકાસમાં પરિવર્તિત કર્યા છે. ૧૯,૩૭૩ કિલોમીટરના ગ્રામીણ રસ્તાઓ પર કામ પહેલાથી જ ચાલી રહ્યું હતું, અને હવે, આ ગતિને વેગ આપીને, એક શ્વાસમાં ૪૪,૯૨૦ કિલોમીટરના રોડ નેટવર્ક સાથે પંજાબ સ્થાપિત કરવાનું લક્ષ્ય છે. આ માત્ર ઘોષણા નથી, પરંતુ જમીન પર દેખાતો સંપૂર્ણ રોડમેપ છે. પંજાબ સરકારે ફક્ત કોન્ટ્રાક્ટ આપ્યા જ નહીં, રમતના નિયમો બદલી નાખ્યા. તેણે ટેન્ડરના બદલામાં કમિશનની જૂની રાજનીતિને અચાનક દૂર કરી દીધી, 'સારા રસ્તા બનાવો, અને તમને તમારા પૈસા સમયસર મળશે.' એવું વચન આપ્યું. પરંતુ જ્યારે ગેરરીતિની વાત આવે છે, ત્યારે એક પંજાબી કહેવત છે, 'એક ફટકો, એક ફટકો.' અને આ ચેતવણી સજા બની નહીં, તે એક સિસ્ટમ બની ગઈ. ફ્લાઈંગ સ્ક્વોડ બનાવવામાં આવી હતી, જેમને સ્થળ પર જ રસ્તાની ઊંડાઈ, જાડાઈ અને બિટ્યુમેન ગુણવત્તાનું નિરીક્ષણ કરવાનું કામ સોંપવામાં આવ્યું હતું. ગામમાંથી વીડિયો લેવામાં આવે છે, અને સરકારી કાર્યવાહી સીધી ઘટનાસ્થળે નિર્દેશિત કરવામાં આવે છે.



## 'જ્યાં સુધી અન્યાય હશે, ત્યાં સુધી જેહાદ રહેશે'

**મૌલાના મદનીનું વિવાતિદ નિવેદન**

ભોપાલ | જમિયત ઉલેમા-એ-હિંદના અધ્યક્ષ મૌલાના મહમૂદ મદનીએ ભોપાલમાં એક કાર્યક્રમમાં ન્યાયતંત્રના નિર્ણયો પર સવાલ ઉઠાવતાં કહ્યું કે, 'બાબરી મસ્જિદ અને તલાક જેવા કેસોના નિર્ણયથી એવું પ્રતીત થાય છે કે અદાલતો સરકારના દબાણ હેઠળ કામ કરી રહી છે. અદાલતોના ઘણા એવા નિર્ણયો સામે આવ્યા છે, જેમાં બંધારણમાં અપાયેલ લઘુમતીઓના અધિકારોનું ઉલ્લંઘન છે.' તેમણે કહ્યું, '1991ના ઉપાસના સ્થળ અધિનિયમ છતાં અન્ય કેસોમાં જે પ્રકારની કાર્યવાહી કરવામાં આવી તે આનું ઉદાહરણ છે. સુપ્રીમ ત્યારે જ 'સુપ્રીમ' કહી શકાય જ્યાં સુધી ત્યાં બંધારણ સુરક્ષિત છે, જો આવું ન થાય તો સુપ્રીમ કોર્ટને 'સુપ્રીમ' કહેવાનો અધિકાર નથી.'

## પાકિસ્તાને સરહદી વિસ્તારોમાંથી 72 આતંકવાદી લોન્ચપેડ ખસેડ્યા છે

(એજન્સી) નવી દિલ્હી | તા.29

ઓપરેશન સિંદૂર બાદ, પાકિસ્તાન સાવચેતીભર્યા પગલાં લઈ રહ્યું છે. તેણે છ ડઝનથી વધુ આતંકવાદી લોન્ચપેડ પાકિસ્તાનના 'ઊંડાણવાળા વિસ્તારોમાં' ખસેડ્યા છે. પાકિસ્તાને શિયાળા દરમિયાન ઘૂસણખોરી માટે બ્લુપ્રિન્ટ તૈયાર કરી છે. જમ્મુમાં, આંતરરાષ્ટ્રીય સરહદ અને નિયંત્રણ રેખા પરથી ઘૂસણખોરી માટે 72 લોન્ચપેડ સક્રિય છે. જરૂર પડ્યે આ બધા લોન્ચપેડનો ઉપયોગ કરવામાં આવે છે. આ બધા લોન્ચપેડનો ઉપયોગ તમામ આતંકવાદી સંગઠનો કરી રહ્યા છે.

બીજી તરફ, BSF એ દાવો કર્યો છે કે ઓપરેશન સિંદૂર પછી, પાકિસ્તાની સરકારે પાકિસ્તાની રેન્જર્સ અને સેનાને બધા લોન્ચપેડને આ ઊંડાણવાળા વિસ્તારોમાં (રહેણાંક વિસ્તારો) ખસેડવા સૂચના આપી છે. પાકિસ્તાન ઘૂસણખોરી કરવા માટે ગાઢ ધુમ્મસનો લાભ લેવાનો પ્રયાસ કરી રહ્યું છે. BSF ના વરિષ્ઠ અધિકારીઓએ શનિવારે જણાવ્યું હતું કે જો સરકાર સરહદ પારની કાર્યવાહી ફરી શરૂ કરવાનો નિર્ણય લે છે, તો દળ દુશ્મનને ભારે નુકસાન પહોંચાડવા માટે તૈયાર છે. જોકે, તેમણે ઉમેર્યું હતું કે 7 થી 10 મે સુધી ચાર દિવસની અથડામણ બાદ BSF લશ્કરી કાર્યવાહી પર પ્રતિબંધનું પાલન કરી રહ્યું છે. BSFએ સરહદ પર ઘણા આતંકવાદી લોન્ચપેડનો નાશ કર્યો હતો.

**BSFએ સરહદ પર પેટ્રોલિંગ વધારી દીધું...**

### બિહાર : મહાગઠબંધનના નેતા તરીકે તેજસ્વી યાદવ સર્વાનુમતે ચૂંટાયા, હવે શિયાળુ સત્રમાં સરકારને ઘેરશે!



બિહાર વિધાનસભાનું શિયાળુ સત્ર 1 ડિસેમ્બરથી શરૂ થવા જઈ રહ્યું છે. આ મહત્ત્વપૂર્ણ સત્ર પહેલા શનિવારે મહાગઠબંધનના ધારાસભ્યોની બેઠક યોજાઈ હતી. જેમાં રાષ્ટ્રીય જનતા દળ (RJD)ના નેતા તેજસ્વી યાદવને સર્વાનુમતે ધારાસભ્ય પક્ષના નેતા તરીકે ચૂંટવામાં આવ્યા હતા. તેજસ્વી યાદવના નિવાસસ્થાને યોજાયેલી આ બેઠકમાં, મહાગઠબંધન વિધાનસભા પક્ષના નેતા તરીકે ચૂંટાયા બાદ તેજસ્વી યાદવે ધારાસભ્યોને સંબોધિત કર્યા હતા. તેમણે જણાવ્યું હતું કે શિયાળુ સત્ર દરમિયાન તેઓ સરકાર સામે આક્રમક વલણ અપનાવશે.

### આસામ : છ વંશીય જૂથોને ST દરજ્જો આપવા પર વિદ્યાર્થીઓએ ગુસ્સો વ્યક્ત કર્યો, સચિવાલય પર તોડફોડ

આસામમાં બોડોલેન્ડ ટેરિટોરિયલ કાઉન્સિલ (BTC) એ શનિવારે છ વંશીય જૂથોના આદિવાસીકરણ સામે વિરોધ પ્રદર્શન કર્યું. શનિવારે આસામ વિધાનસભામાં છ વંશીય જૂથોના આદિવાસીકરણ અંગે મંત્રી જૂથનો અહેવાલ રજૂ થાય તે પહેલાં, બોડોલેન્ડ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓએ વિરોધ શરૂ કર્યો. વિદ્યાર્થીઓનું એક ટોળું ઝડપથી BTC સચિવાલયમાં ઘૂસી ગયું અને તોડફોડ કરી. છ વંશીય જૂથો અંગે મંત્રી જૂથનો અહેવાલ શનિવારે સાંજે વિધાનસભામાં રજૂ કરવામાં આવ્યો. મંત્રી રોનોજ પેગુએ અહેવાલ રજૂ કર્યો. આ અહેવાલ હવે કેન્દ્ર સરકારને મોકલવામાં આવશે. રાજ્ય મંત્રીમંડળે બુધવારે ગૃહમાં રજૂ કરાયેલા અહેવાલને મંજૂરી આપી હતી. વિદ્યાર્થીઓ આનો વિરોધ કરી રહ્યા છે.

### લુધિયાણાની મહિલાને કેનેડામાં જીવતી સળગાવી: દિયરે પહેલા કારનો અકસ્માત કર્યો, પછી આગ લગાવી



કેનેડાના ડેલ્ટા શહેરમાં લુધિયાણાની મહિલા મનદીપ કૌરની હત્યાના કેસમાં મોટો ખુલાસો થયો છે. મહિલાની હત્યા તેના દિયરે જ કરી હતી. તપાસમાં સામે આવ્યું કે દિયરે પહેલા ભાભીની કારનો અકસ્માત કર્યો અને બાદમાં તેને આગ ચાંપી દીધી હતી. પોલીસે દિયર ગુરજોત સિંહની ધરપકડ કરી લીધી. મનદીપ લુધિયાણાના ગુજ્જરવાલની હતી જ્યારે ગુરજોત સિંહ સિધવાં બેટના લોધીવાલ ગામનો રહેવાસી છે. બંને કેનેડામાં PR હતા. હજુ સુધી હત્યાના કારણો જાણી શકાયા નથી. ડેલ્ટા પોલીસ અનુસાર, 26 ઓક્ટોબરે રાત્રે 11:20 વાગ્યે હાઈવે 17ના બ્લોકમાં એક કાર અકસ્માત થયો હતો. બાદ કારમાં આગ લાગી ગઈ.

# ગુજરાતથી વાયા મિઝોરમ મ્યાનમાર ડ્રગ્સ અને હવાલા રેકેટનો પર્દાફાશ, ઈડીના દરોડામાં ચોંકાવનારા ખુલાસા

(એજન્સી) નવીદિલ્હી | તા.29

ઈડીએ 27 નવેમ્બરના રોજ ગુજરાત, આસામ અને મિઝોરમ તેમજ મ્યાંમારની સરહદ નજીકના વિસ્તારોમાં ડ્રગ્સ અને મની લોન્ડરિંગ કેસમાં એકસાથે સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું. ઈડીની વિવિધ ટીમે ખાસ કરીને ગુજરાતમાં અમદાવાદ, મિઝોરમમાં આઈઝોલ અને ચંપાઈ અને આસામમાં શ્રીભૂમિ (કરીમગંજ)માં કેટલાક સ્થળે પ્રિવેન્શન ઑફ મની લોન્ડરિંગ એક્ટ હેઠળ દરોડા પાડ્યા હતા. આ તપાસમાં ભારત-મ્યાનમાર સરહદે સક્રિય એક ડ્રગ કોરિડોર અને હવાલા નેટવર્કનો ભાંડાફોડ થયો છે. આ કેસ મિઝોરમ પોલીસની એક એફઆઈઆર સાથે સંકળાયેલો છે, જેમાં આશરે પાંચ કિલો હેરોઈન સાથે છ લોકોની ધરપકડ કરાઈ હતી. આંતરરાષ્ટ્રીય બજારોમાં તે ડ્રગ્સની કિંમત રૂ. દોઢ કરોડ હતી.

### મિઝોરમમાં છ લોકોની ધરપકડમાં પર્દાફાશ



મિઝોરમમાં ડ્રગ્સ કેસમાં છ લોકોની ધરપકડ કરીને સઘન પૂછપરછ હાથ ધરાઈ હતી. તેમાં પોલીસને મિઝોરમમાં ગેરકાયદે રીતે ડ્રગ્સ બનાવતી કંપનીઓ અને ગુજરાતની કેટલીક કંપનીઓ વચ્ચે નાણાકીય સંબંધ હોવાનું ખૂલ્યું હતું. ઈડીના સૂત્રોના જણાવ્યાનુસાર, ગુજરાતની ક્રિશિવ એન્ટરપ્રાઈઝ નામની કંપની મિઝોરમની કંપનીઓને મેથામ્ફેટાઈન નામનું ડ્રગ્સ બનાવવા ઉપયોગી કાચો માલ સપ્લાય કરતી હતી. મિઝોરમમાં ગેરકાયદે ડ્રગ્સનું ઉત્પાદન કરતી આ કંપનીઓના તાર ડ્રગ અને હવાલા નેટવર્ક માફિયા સાથે જોડાયેલા છે. આ કેસમાં મિઝોરમ પોલીસે NDPS એક્ટ, 1985 હેઠળ એફઆઈઆર નોંધીને તપાસ હાથ ધરી હતી.

### મ્યાનમારમાં ફાઇનલ પ્રોડક્ટ તૈયાર કરીને ફરી ભારત મોકલાતી

ઈડીના જણાવ્યાનુસાર, મેથામ્ફેટામાઈનના ઉત્પાદનમાં વપરાતો કાચો માલ મિઝોરમથી મ્યાનમાર મોકલાતો હતો, જ્યાં મેથામ્ફેટામાઈન ડ્રગ્સ સંપૂર્ણપણે તૈયાર કરાતું હતું. આ કાચા માલ માટે કોલકાતાની શેલ કંપનીઓના નામે પેપર વર્ક કરાતું હતું. આમ, દસ્તાવેજોમાં આ એક સીધોસાદો વેપાર બતાવાતો હતો, પરંતુ તેની ખરીદી મિઝોરમની ગેરકાયદે ડ્રગ્સ બનાવતી કંપનીઓ કરતી હતી.

**હવાલા નેટવર્ક ઓપરેટરોના ખાતામાં સમગ્ર ડ્રગ્સનો વેપલો ફૂલ્યોફાલ્યો હતો :** આ કેસમાં ઈડીને આસામ, મિઝોરમ, નાગાલેન્ડ, પશ્ચિમ બંગાળ, ત્રિપુરા અને દિલ્હીમાં ફેલાયેલા હવાલા ઓપરેટરોના ખાતામાં કુલ 52 કરોડથી વધુની શંકાસ્પદ ક્રેડિટ અને નાણાકીય વ્યવહારો મળ્યા હતા, જેનાથી આ કેસને દિશા મળી હતી. ખાસ કરીને આસામના કરીમગંજ આ ડ્રગ્સ નેટવર્કનું મહત્ત્વનું કેશ કલેક્શન અને હવાલાનું કેન્દ્ર હતું.

## 62 વર્ષની વયે ઓસ્ટ્રેલિયાના વડાપ્રધાને ફરી કર્યા લગ્ન

(એજન્સી) કેનબેરા | તા.29



ઓસ્ટ્રેલિયાના PM એન્થોની અલ્બાનીઝે 62 વર્ષની વયે બીજા લગ્ન કર્યા છે. આલ્બાનીઝે તેમની લાંબા સમયની પાર્ટનર જોડી હેડન (47) સાથે લગ્ન કર્યા છે, જે હવે સત્તાવાર રીતે ઓસ્ટ્રેલિયાના ફર્સ્ટ લેડી બની ગયા છે. જોડી હેડન એક ફાઈનાન્સિયલ સર્વિસીસ પ્રોફેશનલ અને વિમેન એડવોકેટ છે. ઓસ્ટ્રેલિયાના ઈતિહાસમાં આ પહેલી વાર છે જ્યારે કોઈ વડા પ્રધાન પદ પર રહીને લગ્નના બંધનમાં બંધાયા છે. કેનબેરામાં વડા પ્રધાનના નિવાસસ્થાન 'ધ લોજ' ખાતે યોજાયેલા આ સિમ્પલ સમારોહમાં માત્ર નજીકનો પરિવાર અને મિત્રો જ સામેલ રહ્યા હતા. ગત વર્ષે વેલેન્ટાઈન ડે પર અલ્બાનીઝે હેડનને પ્રપોઝ કર્યું હતું, આતુરતાથી રાહ જોવાઈ રહી હતી. જોકે, આ લગ્ન સમારોહની તારીખ અને તૈયારીઓ સંપૂર્ણપણે પ્રાઈવેટ રાખવામાં આવી હતી.

## ન્યૂઝ ફ્લેશ

### ડાંગ જિલ્લા આયુર્વેદિક ફાર્મસી મંડળીમાં કાયદાનો ખુલ્લેઆમ ભંગ : તીખો વિવાદ

સુશીલ પવાર | ડાંગ

ડાંગ જિલ્લાની આયુર્વેદિક ફાર્મસી મંડળીમાં કાયદાના નિયમોનો ખુલ્લેઆમ ભંગ થઈ રહ્યો હોવાનો ગંભીર વિવાદ હવે ચરમસીમાએ પહોંચ્યો છે. પૂર્વ પ્રમુખ બનસભાઈ ચોર્યા અને અન્ય સભાસદોએ સ્પષ્ટ આક્ષેપ કર્યો છે કે, મંડળીના પેટા કાયદા મુજબ દરેક પદાધિકારીએ ૫૮ વર્ષની ઉંમર પૂરી થતાં જ ફરજમુક્ત થવાનો નિયમ છે, પરંતુ વર્તમાન પ્રમુખ/મંત્રી આ નિયમની નિરંકુશ અવગણના કરી રહ્યા છે.આ સભાસદોએ આક્રોશ વ્યક્ત કર્યો છે કે, '૫૮ વર્ષની નિવૃત્તિની વય અમારા પર જ લાગુ પડે અને વર્તમાન પ્રમુખ/મંત્રી પર કેમ નહીં?' તેમના મતે મંડળીમાં 'અમુકને ગોળ અને અમુકને ખોળ'ની નીતિ ચાલી રહી છે. જેના કારણે પૂર્વ પ્રમુખ અને સભાસદોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. આશ્ચર્યજનક બાબત એ છે કે એ જ પ્રમુખ/મંત્રી અન્ય સભાસદોને અને પૂર્વ પ્રમુખને 'કાયદો' બતાવી પદ પરથી દૂર કરે છે.

### નર્મદા જિલ્લાના બજેટનો ઉપયોગ સરકારી કાર્યક્રમો અને તાઈફાઓમાં

(એજન્સી) અમદાવાદ | તા. 28

આમ આદમી પાર્ટીના ડેડીયાપાડાના ધારાસભ્ય ચૈતર વસાવાએ નર્મદા જિલ્લા નિવાસી કલેક્ટરની અધ્યક્ષતામાં મળેલી જિલ્લાની સંકલન સમિતિની બેઠકમાં ગંભીર આક્ષેપો કરીને ખળભળાટ મચાવ્યો છે. ધારાસભ્યએ જણાવ્યું કે, નર્મદા જિલ્લાનું બજેટ ટ્રાયબલ લોકોના વિકાસ માટે વપરાવાને બદલે સરકારી કાર્યક્રમોમાં અને તાઈફાઓમાં ઉપયોગ થઈ રહ્યો છે.
આજે મળેલી સંકલન સમિતિની બેઠકમાં મનરેગા, પ્રધાનમંત્રી આવાસ યોજના, જીઈબીની યોજના, પાક નુકસાની અને એસઆઈઆરની કામગીરી જેવા લોકોની સુખાકારીના વિષયો પર ચર્ચા થઈ હતી.
જોકે, ચર્ચાનો મુખ્ય મુદ્દો નર્મદા જિલ્લામાં પૂરતું બજેટ ન હોવા છતાં સરકારી કાર્યક્રમોમાં થતો કરોડો રૂપિયાનો ખર્ચ રહ્યો હતો.

### દીન દયાલ પોર્ટ ઑથોરિટીમાં નોકરી ગુમાવનાર ૪૪૦ વારસદારોના ધરણાં

(એજન્સી) ગાંધીધામ | તા. 28

દીન દયાલ પોર્ટ ઑથોરિટી (DPA) માં ચાલુ નોકરી દરમિયાન અવસાન પામેલા કર્મચારીઓના વારસદારોને નોકરી આપવાના મામલે ચાલી રહેલો વિવાદ હવે ચરમસીમાએ પહોંચ્યો છે. રાષ્ટ્રીય દલિત અધિકાર મંચ કચ્છ દ્વારા તારીખ ૧૯.૧૧.૨૦૨૫ થી શરૂ કરાયેલા અચોક્કસ મુદતના ધરણાં, તારીખ ૨૯.૧૧.૨૦૨૫ થી ભૂખ હડતાળમાં પરિવર્તિત થયા છે.વારસદારોને અનેક રજૂઆતો બાદ પણ પોર્ટ પ્રશાસન દ્વારા ન્યાય ન મળતાં આ આંદોલનને વધુ ઉગ્ર બનાવવાની ફરજ પડી છે.પોર્ટ પ્રશાસન દ્વારા ગત વર્ષે આંદોલન બાદ ૧૭ લોકોને નોકરી આપવામાં આવી હતી.
પરંતુ હજુ પણ ગંભીર પ્રશ્ન એ છે કે ૪૪૦ જેટલા વારસદારો બાકી છે, જેઓ રોજગારીથી વંચિત છે અને તેમને ન્યાય મળ્યો નથી.

### બાઢડા-રાજુલા રોડનું સમારકામ ચાલુ: પેવર પટ્ટાથી દુરસ્તીકરણ શરૂ



(એજન્સી) અમરેલી | તા. 28

અમરેલી જિલ્લામાં રાજ્ય સરકારના માર્ગદર્શન મુજબ માર્ગ અને મકાન-રાજ્ય વિભાગ દ્વારા માર્ગ મરામતની કામગીરી પુરજોશમાં શરૂ કરવામાં આવી છે. લાંબા સમયથી બિસ્માર હાલતમાં રહેલા માર્ગોને સુધારવા માટે તંત્ર દ્વારા અવિરતપણે પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.
હાલમાં, જિલ્લાના મહત્ત્વના ગણાતા બાઢડા-રાજુલા રોડનું દુરસ્તીકરણનું કામ શરૂ છે. આ રોડનું સમારકામ અત્યાધુનિક પદ્ધતિથી પેવર પટ્ટા દ્વારા કરવામાં આવી રહ્યું છે, જેનાથી રોડની ગુણવત્તા અને મજબૂતી લાંબા સમય સુધી જળવાઈ રહેશે.

### AAP નેતા ઈસુદાન ગઢવી, ગોપાલ ઈટાલીયા, ચૈતર વસાવા, મનોજ સોરઠીયા અને સહિતના પ્રદેશ નેતાઓએ કિસાનમાં પંચાયતમાં હાજરી આપી

# કિસાન મહાપંચાયતમાં હજારો ખેડૂતો ઉમટી પડ્યા








■ ભાજપની સરકારે 30 વર્ષથી ગુજરાતની જનતા ને લૂંટવાનું ચાલુ કર્યું છે, કોઈ પણ વિભાગનું કામ થાય ભાજપે એમાં ભ્રષ્ટાચાર કરવાનું કામ કર્યું છે

■ ભાજપના નેતાઓને કહેવા માગું છું કે તમારે જેટલો ભ્રષ્ટાચાર કરવો હોય કરો પણ AAPની સરકાર બનતા જ વ્યાજ સાથે જનતાના પૈસા એમના ખાતામાં નાખવાનું કામ આમ આદમી પાર્ટી કરશે

■ ભાજપ સારી સ્કૂલ ન આપે, શિક્ષક ન આપે, સારું આરોગ્ય ન આપે, સારા રસ્તા ન આપે, તેમ છતાં શા માટે આપડે કમળનું બટન દબાવીએ છીએ? આપડે હવે આત્મા જગાડવાની જરૂર છે

■ AAPએ કિસાન મહાપંચાયતમાં ખેડૂતોના દેવા માફીની માંગ ઉચ્ચારી : ભાજપ સરકારે ખેડૂતો માટે "કૃષિ મજાક પેકેજ" જાહેર કર્યું:

(એજન્સી) અમદાવાદ | તા. 28

ખેડૂતો સાથે થઈ રહેલા અત્યાચારના વિરોધમાં અને ખેડૂતોની દેવા માફી સહિત 10 અલગ અલગ માંગોને મુદ્દે આમ આદમી પાર્ટી દ્વારા આણંદ જિલ્લાના આંકલાવ તાલુકાના કહાનવાડી, આંબલી ચોકડી ખાતે ખેડૂત મહાપંચાયતનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ખેડૂત મહાપંચાયતમાં આમ આદમી પાર્ટીના પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવી, વિસાવદરના ધારાસભ્ય ગોપાલ ઈટાલીયા, ડેડીયાપાડાના ધારાસભ્ય ચૈતર વસાવા, પ્રદેશ સંગઠન મહામંત્રી મનોજ સોરઠિયા, નેશનલ જોઈન્ટ સેક્રેટરી રાજુભાઈ સોલંકી, વિદ્યાર્થી નેતા યુવરાજસિંહ જાડેજા, વડોદરા શહેર પ્રમુખ અને ઈસ્ટ ઝોન પ્રભારી અશોક ઓઝા, વડોદરા લોકસભા ઈન્ચાર્જ વીરેન રામી, આણંદ લોકસભા પ્રભારી અમરીશ પટેલ અને આણંદ જિલ્લા પ્રમુખ વિજય બારૈયા ઉપસ્થિત રહ્યા હતા. આ ખેડૂત મહાપંચાયતમાં મોટી સંખ્યામાં ખેડૂતો, મહિલાઓ, યુવાઓ, વૃદ્ધો ઉમટી પડ્યા હતા.આમ આદમી પાર્ટીના પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવીએ ભાજપ પર પ્રહાર કરતા કહ્યું હતું કે, તમે સૌ તમારા કામ મૂકીને આજે અહીંયા આ સભામાં પધાર્યા છો એના માટે હું તમામ ખેડૂતોનો આભાર વ્યક્ત કરું છું. નરેન્દ્ર મોદી જ્યારે પ્રધાનમંત્રી બનવાના હતા ત્યારે કહેતા હતા કે એવી ફસલ બીમા યોજના લાવવી છે કે ખેડૂતે મગફળી ઉતારી લીધી હોય પાથરા પડી ગયા હોય થ્રેસરમાંથી મગફળી કાઢવાની બાકી હોય અને કમોસમી વરસાદ થાય તો પણ પાક વીમો મળશે એવું કહ્યું હતું.

#### ડ્રગ માફિયાઓ, બુટલેગર સહિત તમામ લોકોને ખુલ્લા પાડવાનું કામ AAP આગામી દિવસમાં કરશે

લોકપ્રિય આદિવાસી નેતા ચૈતર વસાવાએ મોટી સંખ્યામાં ઉપસ્થિત ખેડૂતો સમક્ષ કિસાન મહાપંચાયતમાં પોતાની વાત રજુ કરતા જણાવ્યું હતું કે, આ દેશ કૃષિપ્રધાન દેશ છે અને આ દેશ ખેડૂતોનો દેશ છે, આ દેશ કોઈ ભાજપના નેતાઓનો દેશ નથી. ખેડૂતો દિવસ રાત મહેનત કરીને, દેવું કરીને, જોખમ ઉઠાવીને જ્યારે પોતાનો પાક ઉગાડે છે અને બજારમાં લઈ જાય છે ત્યારે બજારમાં એ પાકનો ભાવ નક્કી કરવાનો અધિકાર પણ ખેડૂતો પાસે હોતો નથી. માટે હું ઉદ્યોગપતિઓની સરકારને કહેવા માગું છું કે 2027ની ચૂંટણીમાં જગતના તાત એવા ખેડૂતો ભાજપની સરકારને ઉખાડીને ફેંકી દેશે.

#### ભાજપ ખેતી, ખેડૂત અને ગામડા વિરોધી નીતિ ધરાવે છે: મનોજ સોરઠીયા

##### સત્તામાં બેસેલી ભાજપે ગુજરાતના લોકોને લૂંટવા સિવાય કોઈ કામ નથી કર્યું

આમ આદમી પાર્ટીના ગુજરાત પ્રદેશ મહામંત્રી મનોજ સોરઠીયાએ મોટી સંખ્યામાં ઉપસ્થિત ખેડૂતો સમક્ષ પોતાની વાત રજૂ કરતા જણાવ્યું હતું કે, છેલ્લા 30 વર્ષથી આપણે ગુજરાતમાં ભાજપના શાસનનો સામનો કરી રહ્યા છીએ ભાજપે વર્ષોથી ખેડૂતો વિરોધી ગામડાઓ વિરોધી ખેતી વિરોધી, આદિવાસી વિરોધી, વંચિતો અને શોષીતો વિરોધી પાર્ટી રહી છે. આજથી પાંચ-દસ વર્ષ પહેલા ગુજરાતમાં આમ આદમી પાર્ટીનું કોઈ ખાસ અસ્તિત્વ ન હતું પરંતુ

##### ભાજપની સામે ગુજરાતમાં AAPનું નેતૃત્વ ઊભું થયું છે, ત્યારથી ભાજપને પરસેવો છૂટી રહ્યો છે

આજે સમગ્ર ગુજરાતમાં આમ આદમી પાર્ટી મજબૂત બની રહી છે. સત્તામાં બેસેલી ભાજપે ગુજરાતમાં લોકોને લૂંટવા સિવાય કોઈ કામ કર્યું નથી એટલા માટે આજે નાની એવી આમ આદમી પાર્ટી એક ઉમ્મીદની કિરણ બનીને ઉભરી છે અને લોકો આમ આદમી પાર્ટીને ખુબ જ સમર્થન અને પ્રેમ આપી રહ્યા છે. ભાજપે આપણને આપણા અધિકારોથી દૂર રાખવાનો કામ કર્યું, આપણા બાળકોને શિક્ષણથી દૂર રાખવાનું કામ કર્યું.

### ખાતરી આપી કે તેનું ખાનગીકરણ કરવામાં આવશે નહીં

# ભારત સરકાર SCL મોહાલીના આધુનિકીકરણ માટે ₹4,500 કરોડનું રોકાણ કરશે

### વિદ્યાર્થીઓ દ્વારા ડિઝાઇન કરાયેલી 28 ચિપ્સને SCL ખાતે ફેબ્રિકેશન કરીને આજે સોંપવામાં આવી







(એજન્સી) અમદાવાદ | તા. 28

કેન્દ્રીય ઈલેક્ટ્રોનિક્સ અને માહિતી ટેકનોલોજી મંત્રી શ્રી અશ્વિની વૈષ્ણવ અને કેન્દ્રીય રાજ્ય મંત્રી શ્રી રવનીત સિંહે સેમિકન્ડક્ટર લેબોરેટરી (SCL), મોહાલીની મુલાકાત લઈને કામગીરીની પ્રગતિ અને ચાલી રહેલી આધુનિકીકરણ પ્રવૃત્તિઓની સમીક્ષા કરી. મુલાકાત દરમિયાન, શ્રી અશ્વિની વૈષ્ણવે જાહેરાત કરી કે ભારત સરકાર SCL ને અપગ્રેડ કરવા અને વિસ્તૃત કરવા માટે 4,500 કરોડનું રોકાણ કરશે. મંત્રીએ ખાતરી આપી, "કોઈ શંકા નથી. SCL મોહાલીનું આધુનિકીકરણ કરવામાં આવશે અને તેનું ખાનગીકરણ કરવામાં આવશે નહીં. એક મોટી યાત્રા આગળ છે, અને ભારત તેના માટે તૈયાર છે." મંત્રી SCL મોહાલી ખાતે એક કાર્યક્રમમાં બોલી રહ્યા હતા જ્યાં 17 શૈક્ષણિક સંસ્થાઓના વિદ્યાર્થીઓ દ્વારા ડિઝાઇન કરાયેલી 28 ચિપ્સ સોંપવામાં આવી હતી.આ ચિપ્સને ચિપ્સ ટુ સ્ટાર્ટ-અપ (C2S) કાર્યક્રમના ભાગ રૂપે વિદ્યાર્થીઓને પૂરા પાડવામાં આવેલા ઈલેક્ટ્રોનિક ડિઝાઈન ઓટોમેશન (EDA) ટૂલ્સનો ઉપયોગ કરીને ડિઝાઇન કરવામાં આવી છે.

#### વિશ્વ-સ્તરીય EDA ટૂલ્સ

ભારત એવા કેટલાક દેશોમાંનો એક છે જ્યાં લગભગ 300 યુનિવર્સિટીઓના વિદ્યાર્થીઓ સરકારી સહાય દ્વારા પૂરા પાડવામાં આવેલા વિશ્વ-સ્તરીય EDA ટૂલ્સનો ઉપયોગ કરીને સેમિકન્ડક્ટર ચિપ્સ ડિઝાઇન કરી રહ્યા છે. શ્રી અશ્વિની વૈષ્ણવે કહ્યું કે આ ઈકોસિસ્ટમ વિશ્વમાં અનન્ય છે. તેમણે પુનરોચ્ચાર કર્યો કે SCL પ્રતિભા વિકાસ, નવીનતા અને સ્ટાર્ટ-અપ્સ માટે એક પ્લેટફોર્મ રહેશે. SCL દ્વારા અત્યાર સુધી પૂરો પાડવામાં આવેલો આ ફેબ્રિકેશન સપોર્ટ ભવિષ્યમાં વધુ વધશે.

#### SCL મોહાલી માટે રોડમેપ

શ્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ SCL મોહાલી માટે સ્પષ્ટ રોડમેપ તૈયાર કર્યો છે, અને તેમણે મુખ્ય વિઝન ક્ષેત્રોની રૂપરેખા આપી:SCL ને આધુનિક ધોરણે અપગ્રેડ કરવામાં આવશે અને સરકાર 4,500 કરોડનું રોકાણ કરશે. આમાં ઉત્પાદન ક્ષમતામાં મોટા પાયે વધારો સામેલ હશે, જે વર્તમાન સ્તરોથી 100 ગણા વેફરના ઉત્પાદનને લક્ષ્ય બનાવશે.SCL મોહાલી વિદ્યાર્થીઓ, સંશોધકો અને સ્ટાર્ટ-અપ્સને તેમની ચિપ ડિઝાઈન્સને વાસ્તવિક સિલિકોનમાં ફેરવવા માટે ફેબ્રિકેશન સુવિધાઓ પૂરી પાડીને ટેકો આપવાનું ચાલુ રાખશે.

પૂર્વ મંત્રી અને ધારાસભ્ય બચુભાઈ ખાબડના હસ્તે વિકાસ કાર્યોનો પ્રારંભ

### દેવગઢ બારીયા તાલુકામાં ૨૧ કરોડના ખર્ચે વિવિધ રસ્તાઓના કામોનું ખાતમુહૂર્ત



ગામડાઓના સર્વાંગી વિકાસ માટે રાજ્ય સરકાર કટીબદ્ધ હોવાની ધારાસભ્યની ખાતરી

દિપક રાવલ | દાહોદ

દાહોદ. દાહોદ જિલ્લાના દેવગઢ બારીયા તાલુકામાં આજે વિકાસના એક નવા યુગનો પ્રારંભ થયો છે. પૂર્વ પંચાયત અને કૃષિ મંત્રી તેમજ ધારાસભ્ય શ્રી બચુભાઈ ખાબડના અધ્યક્ષ સ્થાને ૨૧ કરોડના ખર્ચે વિવિધ રસ્તાઓના કામોનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું.આ ખાતમુહૂર્ત કાર્યક્રમમાં ડુખલી ઉધાવળા મોટા ફળિયા રોડ, મોટીખજુરી કાળીયા ફળિયા રોડ, વાંદર ભૂલવાણ રોડ, વડભેટ નવધરા પ્રાથમિક શાળા રોડ અને સેવનિયા સાદરા ફળિયા રોડ સહિતના અનેક મહત્ત્વપૂર્ણ રસ્તાઓના નિર્માણનો સમાવેશ થાય છે.ધારાસભ્ય શ્રી બચુભાઈ ખાબડે આ પ્રસંગે જણાવ્યું હતું કે, તત્કાલિન મુખ્યમંત્રીશ્રી અને હાલના વડાપ્રધાનશ્રી નરેન્દ્ર ભાઈ મોદીએ ગુજરાતના વિકાસ માટે એક નવી દિશા આપી હતી. આ વિકાસ સંસ્કૃતિ ગુજરાતમાં સતત ચાલુ રહી છે, જેના પરિણામે આજે ગુજરાત દેશભરમાં અગ્રેસર છે.

### ઝાલોદ અને લીમડી તાલુકાના ૧૬.૦૭ કરોડના 30 રિસર્ફેસિંગ રસ્તાઓનું ખાતમુહૂર્ત



દિપક રાવલ, દાહોદ

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના 'વિકસિત ભારતના' સંકલ્પને સાકાર કરવા માટે રાજ્યના મુખ્યમંત્રીશ્રીએ સમગ્ર ગુજરાતમાં સલામત અને સુવિધા સભર માર્ગોના જોડાણ દ્વારા છેવાડાના માનવીઓ સુધી રોડ નેટવર્ક પૂરું પાડવા માટે માર્ગ અને મકાન વિભાગને નિર્દેશો આપ્યા હતા. જે અંતર્ગત દાહોદ જિલ્લામાં આંતરિયાળ તથા ગ્રામ્ય વિસ્તારોમાં માર્ગોના દુરસ્તીકરણ અને રિસર્ફેસિંગની કામગીરી ઝડપી ગતિએ હાથ ધરવામાં આવી રહી છે.આ મહત્ત્વપૂર્ણ માર્ગ નિર્માણ કામગીરીના ભાગરૂપે, આજે પંચાયત માર્ગ અને મકાન દાહોદ વિભાગ હેઠળ ઝાલોદ અને ગોવિંદ ગુરૂ - લીમડી તાલુકાના મંજૂર થયેલા 30 જેટલા રિસર્ફેસિંગ રસ્તાઓનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું.

### ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી દ્વારા શિક્ષકોના ક્ષમતા નિર્માણ પર તાલીમ



નરેન્દ્ર દવે | જૂનાગઢ

જૂનાગઢ. ઉચ્ચ શિક્ષણના સ્તરને વધુ ગુણવત્તાસભર બનાવવાના ઉમદા હેતુથી, ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જૂનાગઢ દ્વારા આજે પટેલ કેળવણી મંડળ સંચાલિત શૈક્ષણિક સંકુલનાં મધ્યસ્થ ખંડમાં એક મહત્વપૂર્ણ ક્ષમતા નિર્માણ તાલીમ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ યુનિવર્સિટીનાં કુલગુરૂ પ્રો. પ્રતાપસિંહજી ચૌહાણની અધ્યક્ષતામાં યોજાયો હતો.

કાર્યક્રમને દીપ પ્રાગટ્યથી પ્રારંભ કરાવતા પ્રો. ચૌહાણે યુનિવર્સિટીનાં કાર્યક્ષેત્રીય વિસ્તારની ૧૪૦ ઉપરાંત વિવિધ કોલેજોમાંથી ઉપસ્થિત અધ્યાપકશ્રીઓને સંબોધન કર્યું હતું. તેમણે જણાવ્યું હતું કે, રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ (NEP-2020) એ ભારતના ઉચ્ચ શિક્ષણના પરિદ્રશ્યના પુનરૂત્થાનમાં એક નિર્ણાયક બાબત છે. તેમણે NEP-2020ને શિક્ષણ પ્રણાલીમાં વ્યાપક પરિવર્તનને ચિહ્નિત કરતી એક સ્વપ્નદ્રષ્ટા બ્લુપ્રિન્ટ ગણાવી હતી, જેનો મુખ્ય ઉદ્દેશ્ય ભારતને વિશ્વના અગ્રણી ઉચ્ચ શિક્ષણ કેન્દ્રોમાં પુનઃસ્થાપિત કરવાનો છે.



### જાફરાબાદની 'ખારા જળમાં મીઠી વીરડી' સમાન લાઈબ્રેરીના વાચકે સ્પર્ધાત્મક પરીક્ષામાં મેળવી સફળતા

કિશોર આર. સોલંકી | જાફરાબાદ

જાફરાબાદ. જાફરાબાદની આન, બાન અને શાન ધરાવતી જ્ઞાનની પરબ સમાન તથા ખારા જળમાં મીઠી વીરડી સમાન ગણાતી જા.કે.ઉ. મંડળ સંચાલિત શેઠ ત્રિ. મા. લાઈબ્રેરી માટે ગૌરવરૂપ ઘટના બની છે. આ લાઈબ્રેરીના કાયમી વાચક અને કેશોદના વતની નામદેવ હાર્દિકભાઈ ગૌણ સેવા સમિતિ દ્વારા લેવાતી સ્પર્ધાત્મક પરીક્ષામાં ઝળહળતી સફળતા મેળવીને ઉત્તીર્ણ થયા છે.છેલ્લા ૪ વર્ષોથી જાફરાબાદની પોસ્ટ ઓફિસમાં સર્વિસ કરતાં કરતાં નામદેવ હાર્દિકભાઈએ સતત વાંચન અને અભ્યાસ કરીને આ સિદ્ધિ હાંસલ કરી છે. તેમણે ડો. બાબાસાહેબ આંબેડકરના કથન 'શિક્ષિત બનો, સંગઠિત બનો અને સંઘર્ષ કરો' ના સૂત્રને ખરા અર્થમાં સાર્થક કરી બતાવ્યું છે. તેમની ગાંધીનગર ખાતે મદદનીશ આદિજાતિ વિકાસ અધિકારી તરીકે નિમણૂક થતાં લાઈબ્રેરી દ્વારા તેમનું સન્માન કરવામાં આવ્યું હતું.લાઈબ્રેરીના ગ્રંથપાલ અલારખભાઈ ફકીરના અધ્યક્ષ સ્થાને આયોજિત સન્માન કાર્યક્રમમાં લાઈબ્રેરીના કાયમી વાચકો, સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરતા વિદ્યાર્થીઓ અને બહેનો ઉપસ્થિત રહ્યા હતા.

### મહીસાગર વન વિભાગનું સફળ ઓપરેશન: ગેરકાયદેસર લાકડાની હેરફેર અટકાવાઈ



જગદીશ ત્રિવેદી | મહીસાગર

મહીસાગર. મહીસાગર જિલ્લામાં ગેરકાયદેસર લાકડાની હેરફેરને ડામી દેવા માટે વન વિભાગ દ્વારા આક્રમક કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. નાયબ વન સંરક્ષકશ્રીના સીધા માર્ગદર્શન હેઠળ અને પરિક્ષેત્ર વન અધિકારીશ્રી લુણાવાડાની તાત્કાલિક સૂચનાઓ મુજબ, વન વિભાગની ટીમે વનસંપદાના સંરક્ષણ માટેની તેમની પ્રતિબદ્ધતા સાબિત કરતું એક સફળ ઓપરેશન પાર પાડ્યું છે.
પ્રાપ્ત માહિતી અનુસાર, વન વિભાગના સ્ટાફે મલેકપુર બાજુથી ગેરકાયદેસર વનસંપદાના વહનની સંભાવનાને ધ્યાનમાં રાખીને વ્યૂહાત્મક રીતે ચાકલીયા ચોકડી પર ખાસ વોચ ગોઠવી હતી. આ વોચ દરમિયાન, બપોરના આશરે ૧૨:૦૦ કલાકે, બે માલવાહક વાહનો શંકાસ્પદ જણાયા હતા. વન વિભાગના સ્ટાફે તુરંત જ વાહનોને અટકાવી દીધા હતા. આ વાહનોના નંબર GJ 23 X 7558 અને GJ 18 T 9653 હતા.
પાસ-પરમિટ વિના વહન થતો જથ્થો જપ્ત
બંને શંકાસ્પદ વાહનોની તલાશી લેતા, તેમાં ગેરકાયદેસર રીતે લીલા તાજા પંચરાવ લાકડાનો મોટો જથ્થો ભરેલો મળી આવ્યો હતો.



### ડાંગમાં કોંગ્રેસની ચીમકી: સરદાર સાહેબની જગ્યા એક ઈંચ પણ ઓછી નહીં થવા દેવાય

સુશીલ પવાર | ડાંગ

ડાંગ. દેશના લોહ પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની ગરિમા અને સન્માન જાળવવાના મુદ્દે ડાંગ જિલ્લા કોંગ્રેસ સમિતિએ આજે જિલ્લા કલેક્ટરને સંબોધતું એક આવેદનપત્ર પાઠવીને તંત્રને સ્પષ્ટ ચીમકી આપી છે. કોંગ્રેસે આક્ષેપ કર્યો છે કે, સરદાર સાહેબની પ્રતિમાની જગ્યાના નવીનીકરણના નામે વેઠ ઉતારવામાં આવી રહી છે અને ભૂતકાળમાં જે જગ્યા હતી તેને નાની કરવાની તજવીજ હાથ ધરવામાં આવી છે.ડાંગ જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ સ્નેલભાઈ ઠાકર અને ગુજરાત પ્રદેશ યુવક મંત્રી મનીષભાઈ મારકણાની આગેવાની હેઠળ આ આવેદનપત્ર પાઠવવામાં આવ્યું હતું. આવેદનપત્રમાં જણાવવામાં આવ્યું છે કે, ગત દિવસોમાં સરદાર પટેલ સાહેબની ૧૫૦મી જન્મ જયંતિના ઉપલક્ષમાં સરકારે મોટા ઉપાડે 'રન ફોર યુનિટી' અને 'યુનિટી માર્ચ' જેવા કાર્યક્રમો કર્યા હતા. એ સમયે આહવા આંબાપડા ચાર રસ્તા ખાતે સરદાર સાહેબની જૂની પ્રતિમા હટાવીને મોટી પ્રતિમા મૂકવામાં આવી હતી. વેઠ ઉતારવાનો અને જગ્યા ઘટાડવાનો આક્ષેપ. કોંગ્રેસે આવેદનપત્રમાં ગર્વની વાત સાથે જ ગંભીર બાબત રજૂ કરી હતી.

### દેશલપર- ગુંતલી ગામના શેરી રોડનું અધુરું કામ લોકો માટે મુસીબત



(અહેવાલ: મહેશ એલ. સોની, નખત્રાણા)

નખત્રાણા. નખત્રાણા તાલુકાના દેશલપર (ગુંતલી) ગામમાં તાજેતરમાં બનેલા સી.સી. રોડનું અધૂરું કામ હવે ગામલોકો માટે માથાનો દુઃખાવો બની ગયું છે. ગામની શેરીઓમાં સી.સી. રોડનું કામ તો પૂર્ણ કરી દેવામાં આવ્યું છે, પરંતુ રોડની બંને સાઈડોનું પુરાણ કરવાની અત્યંત મહત્ત્વપૂર્ણ કામગીરી બાકી રાખવામાં આવી છે, જેના કારણે ગામલોકો સહિત અહીંથી પસાર થતા વાહનવ્યવહારને પણ ખૂબ જ મુશ્કેલીઓ પડી રહી છે.
સી.સી. રોડ બનવાથી રોડની સપાટી જમીન કરતાં ઊંચી થઈ ગઈ છે, અને સાઈડમાં પુરાણ ન થવાના કારણે કિનારીઓ તૂટી રહી છે અને અહીંથી પસાર થવું જોખમી બની ગયું છે. ખાસ કરીને રાત્રિના સમયે કે વરસાદી માહોલમાં આ અધૂરા કામને કારણે અકસ્માત થવાનો ભય સતત તોળાઈ રહ્યો છે. વાહનચાલકોના ટાયરોને પણ નુકસાન થઈ રહ્યું હોવાની ફરિયાદો ઉઠી છે. આ અધુરું કામ વહેલી તકે પૂર્ણ કરવા માટે હવે સ્થાનિક કક્ષાએ જબ્બરી લોક માંગ ઉઠી છે.ગામના આગેવાનો તેમજ તાલુકાના રાજકીય પક્ષના હોદ્દેદારો પર આ કામને લઈને સીધા આક્ષેપો થઈ રહ્યા છે.

OWNER PUBLISHER PRINTER : KALPESH JAYRAM KOSHTI PUBLISHED FROM 205, Chanakya Building, B/h. Sales India, Income Tax, Ashram Road, Ahmedabad-380009. GUJARAT
PRINTING PRESS : VIDHATA OFFSET, 12-b, mahashakti industrial estate, behind anil starch mill, naroda road, naroda, Ahmedabad. EDITOR KALPESH J. KOSHTI | Help Line No. 7359601122 | E-mail : support@ahmedabadexpress.com | RNI No. GUJGUJ/2011/40654

# SIR: ગુજરાતમાં 5 કરોડથી વધુ મતદારોને ગણતરી ફોર્મનું વિતરણ પૂર્ણ

## મતદાર યાદીની ખાસ સઘન સુધારણા ઝુંબેશ : 91.41% ડિજિટાઇઝેશન સાથે ડાંગ જિલ્લો મોખરે

(એજન્સી) અમદાવાદ | તા. 29

સમગ્ર ગુજરાતમાં મતદાર યાદીની ખાસ સઘન સુધારણા ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. આ ઝુંબેશમાં ગણતરીનો તબક્કો 4થી ડિસેમ્બર સુધી ચાલવાનો છે. ભારતના ચૂંટણી પંચના માર્ગદર્શનમાં તથા મુખ્ય નિર્વાચન અધિકારી હારીત શુક્લાની આગેવાનીમાં CEO કચેરી(Chief electoral office)ની સમગ્ર ટીમ તમામ જિલ્લાઓના ચૂંટણી અધિકારીશ્રી અને સ્ટાફ સાથે સંકલન સાધીને સમગ્ર પ્રક્રિયાને વેગવાન બનાવવા કાર્યરત છે.

2025ની મતદાર યાદીમાં નોંધાયેલા 5 કરોડથી વધુ મતદારોને ગણતરી ફોર્મનું વિતરણ કરી દેવામાં આવ્યું છે. રાજ્યના 33 જિલ્લાઓ પૈકી મોટાભાગના જિલ્લાઓમાં 100% ફોર્મ વિતરણ સંપન્ન થયું છે. જ્યારે અમુક જિલ્લાઓમાં 100% વિતરણનું લક્ષ્ય હાંસલ થવામાં છે. આ ફોર્મ પૈકી પરત મળેલા ફોર્મને ડિજિટાઇઝેશનની કામગીરી પૂરજોશમાં ચાલી રહી છે.

આ કામગીરીમાં 91.41 % ગણતરી ફોર્મના ડિજિટાઈઝેશન સાથે ડાંગ જિલ્લો મોખરે છે. જ્યારે અન્ય જિલ્લાઓમાં પણ કામગીરી પ્રગતિમાં છે.

ગણતરી દરમિયાન રાજ્યભરમાં 14.16 લાખથી વધુ અવસાન પામેલ મતદારો મતદાર યાદીમાં સામેલ હતા. જ્યારે 2.88 લાખથી વધુ મતદારો તેમના સરનામે ગેરહાજર જોવા મળ્યા, સાથોસાથ 18 લાખથી વધુ મતદારો કાયમી સ્થળાંતરિત થઈ ચૂક્યા હોવાનું ધ્યાને આવ્યું છે. તદુપરાંત 2.26 લાખથી વધુ મતદારો રિપીટેડ હોવાનું ધ્યાનમાં આવ્યું છે.

મતદારોની ગણતરીની સમગ્ર કામગીરીને સુપેરે પૂરી કરવામાં કાર્યરત ગુજરાતના તમામ BLOની અસરકારક કામગીરીને CEO કચેરી દ્વારા બિરદાવવામાં આવી રહી છે. સાથોસાથ BLOને કોઈપણ તકલીફ હોય તો સ્થાનિક કચેરીનો સંપર્ક કરવા જણાવવામાં આવ્યું છે.



## ન્યૂઝ ફ્લેશ

### જૂનાગઢમાં 176 નશીલી કેફ સીરપની બોટલો સાથે યુવક ઝડપાયો

જૂનાગઢ | જૂનાગઢ શહેરમાં નશીલા પદાર્થોની હેરાફેરી સામે પોલીસે મોટી કાર્યવાહી હાથ ધરી છે. શહેરના એ ડિવિઝન પોલીસે ગુપ્ત બાતમીના આધારે વોચ ગોઠવીને મોટી માત્રામાં પ્રતિબંધિત નશાકારક કફ સીરપના જથ્થા સાથે એક યુવકને ઝડપી પાડ્યો છે. ગુરુવારે મોડી રાત્રે લગભગ 1.25 કલાકે પોલીસે કુંભારવાડા-મિયાણીવાસ વિસ્તારમાં ચેકિંગ હાથ ધર્યું હતું. જમાલવાડી વિસ્તારનો રહેવાસી આશીફ ઉર્ફે ભોલુડી અબડા હિંગોરા (ઉ.વ. 19) બાચકામાં નશાકારક કેફ સીરપનો જથ્થો લઈને બેઠેલો મળી આવ્યો હતો. મધરાતની ડ્રગ્સ ડીલ નિષ્ફળ : પોલીસે બાચકાની તપાસ કરતાં તેમાંથી કુલ 176 બોટલ નશાકારક કોફીનાડીલ ઔષધી મળી આવી હતી, જેની બજારકિંમત 31,680 થાય છે. આશીફે પૂછપરછમાં કબૂલ્યું હતું કે તે આ જથ્થો કુંભારવાડાના જ વસીમ ઉર્ફે કાલો હાસમ પલેજાને વેચવા જઈ રહ્યો હતો. એ ડિવિઝન પોલીસે તુરંત જ મુદ્દામાલ જપ્ત કરીને FSL તપાસ માટે મોકલી આપ્યો છે.

### સુરેન્દ્રનગરમાં ગેરકાયદે ચાલતી કાર્બોસેલની ખાણ પર રેડ

સુરેન્દ્રનગર | ગેરકાયદે ખાણ ખનીજના હબ ગણાતા સુરેન્દ્રનગરમાં ફરી મોટાપાયે ચાલતા કાર્બોસેલના કૂવા ઝડપાયા છે. આ વખતે સાયલા તાલુકાના ચોરવીરા ગામના વિસ્તારમાં ધમધમતી ગેરકાયદેસર કાર્બોસેલની ખાણમાં ખાણ ખનીજ વિભાગે દરોડા પાડયા હતા. આ દરમ્યાન કાર્બોસેલની ખાણ પરથી 9 કૂવા, 6 ટ્રેક્ટર, જનરેટર, ચરખની સહિતનો લાખોનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો. સુરેન્દ્રનગર ખાણ ખનીજ વિભાગે ગેરકાયદેસર ચાલતી કાર્બોસેલની ખાણ પરથી જપ્ત કરેલો તમામ મુદ્દામાલ સુરેન્દ્રનગર ખાણ ખનીજ ઓફિસે લઈ જવામાં આવ્યો હતો. ખાણ અંદર કેટલું ખોદકામ થયું છે. કાર્બોસેલની કામગીરી ચાલુ હાલતમાં હતી ત્યારે ખનીજ વિભાગ દ્વારા દરોડા કરવામાં આવ્યા હતા. ખાણ અંદરથી મજૂરી કરતા મજૂરને ખનીજ વિભાગ દ્વારા બહાર કાઢવામાં આવ્યા હતા.

### ઊંઝામાં ફૂડ સેફ્ટીના કેસમાં કોર્ટે રૂ. 2.40 લાખનો દંડ ફટકાર્યો

ઊંઝા | મસાલાના વિશ્વ વિખ્યાત બજાર ઊંઝામાં જીરા અને વરિયાળીમાં ભેળસેળ કરનારા વેપારીઓ સામે કોર્ટે કડક પગલાં લીધાં છે. લાંબા સમયથી ચાલી રહેલા કેસમાં કોર્ટે 3 ભેળસેળિયા વેપારીઓને આર્થિક દંડ અને સજા ફટકારી છે, જે આ પ્રકારના ગુનાઓમાં વેપારીઓ માટે એક મોટો સંદેશ છે. ધર્મેન્દ્ર પટેલને બનાવટી વરિયાળીના કેસમાં રૂ. 1.50 લાખનો જંગી દંડ ફટકારવામાં આવ્યો છે. અન્ય બે આરોપીઓ જય પલ અને લલિત પટેલને રૂ. 45-45 હજારનો દંડ કરવામાં આવ્યો છે. કોર્ટે સ્પષ્ટ આદેશ આપ્યો છે કે જો આ આરોપીઓ નક્કી કરેલો દંડ ભરવામાં નિષ્ફળ જશે, તો તેમને એક મહિનાની કેદની સજા ભોગવવી પડશે.

## અમદાવાદ | સરખેજ વિસ્તારમાં એમ્બરગ્રીસ વેચવા આવેલા ચાર ઝડપાયા

# રૂ.8.70 કરોડની કિંમતનો એમ્બરગ્રીસનો જથ્થો ઝડપાયો

(એજન્સી) અમદાવાદ | તા. 29

ગુજરાતમાં એમ્બરગ્રીસ ઝડપાવાની ઘટના સામે આવતી હોય છે, ત્યારે અમદાવાદના સરખેજ વિસ્તારમાં પોલીસ દ્વારા ગેરકાયદે એમ્બરગ્રીસ એટલે કે વ્હેલ માછલીની ઉલ્ટીનો જથ્થો ઝડપી પાડવામાં આવ્યો છે. આ મામલે પોલીસે ચાર આરોપીઓની ધરપકડ કરીને કુલ રૂપિયા 8.70 કરોડનો મુદ્દામાલ કબજે કર્યો છે.

### રૂ.8.70 કરોડની કિંમતનો એમ્બરગ્રીસનો જથ્થો ઝડપાયો

મળતી માહિતી મુજબ, પોલીસે સરખેજ મકરબા ટોરન્ટ પાવર રોડ પર નવા બની રહેલા ઓવરબ્રિજની બાજુમાં આવેલા સત્યદીપ હાઈટ્સ પાસેથી ચાર શખ્સોને વોચ ગોઠવીને પકડી પાડ્યા હતા. તેમની પાસેથી એમ્બરગ્રીસનો મોટો જથ્થો મળી આવ્યો હતો. પોલીસને પકડેલા ચાર આરોપીઓ પાસેથી કુલ 8 કિલો 704 ગ્રામ એમ્બરગ્રીસના નાના-મોટા ટુકડાઓ મળ્યા હતા. બજારમાં આ પદાર્થની કિંમત રૂપિયા 8,70,40,000 છે.

### સુરતથી લાવી અમદાવાદમાં વેચાવાના હતા

ઝડપાયેલા ચાર આરોપીઓની ઓળખ રિંકુસિંહ સમરબહાદુરસિંહ રાજપુત (ઉં.વ.21), શશાંક પાંડે(ઉં.વ.29), એજેક્સ વ્યાસ(ઉં.વ.23) અને જતીન પાટીલ(ઉં.વ.25) તરીકે થઈ છે. આરોપી અમદાવાદના નરોડા અને ન્યુ મણિનગર વિસ્તારના રહેવાસી છે. આરોપીઓની પૂછપરછમાં જાણવા મળ્યું હતું કે, તેમણે આ એમ્બરગ્રીસનો જથ્થો સુરત ખાતે રહેતા બિપિન સોલંકી નામના એક શખસ પાસેથી મેળવ્યો હતો. આરોપી એમ્બરગ્રીસના વેચાણ માટે ગ્રાહકો શોધી રહ્યા હતા, ત્યારે પોલીસે તેમને ઝડપી પાડ્યા હતા.



**3થી 7 વર્ષ સુધીની જેલ થઈ શકે |** એમ્બરગ્રીસ તરીકે ઓળખાતી વ્હેલ માછલીની ઊલટી સામાન્ય કિસ્સામાં જોવા મળતી નથી. ભાગ્યે જ એ જોવા મળે છે. જોકે વાઈલ્ડલાઈફ પ્રોટેક્શન એક્ટ હેઠળ વ્હેલ પણ સંરક્ષિત પ્રાણી હોઈ, એનો શિકાર કરી શકાય નહીં. હાડકાં, વાળ, કે પછી એની ઊલટીનો પણ કારોબાર કરી શકાય નહીં અર્થાત એ પ્રતિબંધિત છે. પોલીસ કે વન વિભાગ દ્વારા આવા કિસ્સામાં પકડવામાં આવે ત્યારે શિડ્યૂલ 1 અંતર્ગત ત્રણ વર્ષથી લઈ સાત વર્ષ સુધીની જેલ પણ થઈ શકે છે.

**આટલી મોંઘી કેમ?** આંતરરાષ્ટ્રીય બજારમાં એમ્બરગ્રીસની કિંમત 1થી 2 કરોડ રૂપિયા કિલો સુધીની હોઈ શકે છે. તેની કિંમત તેની શુદ્ધતા અને ગુણવત્તા ઉપર આધાર રાખે છે. જાણકારો જણાવે છે કે, આ ખૂબ જ દુર્લભ વસ્તુ છે તેથી તેની કિંમત ખૂબ જ ઊંચી છે. પરંપરાગત રીતે એમ્બરગ્રીસનો ઉપયોગ પર્ફ્યૂમ બનાવવામાં કરવામાં આવે છે. જો કે પહેલા તેનો ઉપયોગ ખાવામાં, તમ્બાકૂ અને આલ્કોહોલમાં ફ્લેનર માટે પણ કરવામાં આવતો હતો.



**શું હોય છે વ્હેલની ઉલટી?** આ પદાર્થને વ્હેલની ઉલટી કહેવામાં આવે છે પરંતુ આ સાચુ નથી. હકીકતમાં એમ્બરગ્રીસનો અર્થ ફ્રેન્ચમાં 'ગ્રે અંબર' થાય છે. તે મીણ જેવો એક પદાર્થ હોય છે જે સ્પર્મ વ્હેલના પાચનતંત્રમાં બને છે. સ્પર્મ વ્હેલ એક સંરક્ષિત પ્રજાતિ છે. આ પદાર્થ વ્હેલના પાચનતંત્રમાં બનતો હોવાથી તેને ઉલટી કહેવામાં આવે છે. આ વિશે હજુ પણ વિજ્ઞાન સંપૂર્ણ વિશ્વાસ સાથે નથી કહી શકતું કે એમ્બરગ્રીસ કેવી રીતે બને છે. એક સિદ્ધાંત કહે છે કે, વ્હેલ જ્યારે ખૂબ જ મોટા પ્રમાણમાં સમુદ્રી જીવ ખાઈ લે છે અને તેનો આકાર મોટો હોય છે ત્યારે તેને પચાવવા માટે વ્હેલના આંતરડાઓમાં આ પદાર્થ બને છે.

## 'અમારી સરકાર હોવા છતાં 10 વર્ષથી રોડ નથી બન્યો, મારા વિસ્તારનાં કામ નહીં થાય તો હું રાજીનામું આપીશ'

# 'BJPના ધારાસભ્ય-સાંસદનું ગાંધીનગરમાં કંઈ ઊપજતું નથી'

## કલ્પેશ વસાવાનો સીધો આક્ષેપ



(એજન્સી) નર્મદા | તા. 29



નર્મદા જિલ્લા ભારતીય જનતા પાર્ટી (BJP)માં આંતરિક વિખવાદ હવે જાહેરમાં સપાટી પર આવ્યો છે. નાંદોદ તાલુકા પંચાયતની જૂનારાજ બેઠક પરથી ભાજપના મૅન્ડેટ પર ચૂંટાયેલા સભ્ય કલ્પેશ વસાવાએ પક્ષ અને સ્થાનિક નેતૃત્વ સામે ગંભીર આક્ષેપો કરીને રાજીનામું આપવાની ચીમકી ઉચ્ચારી છે. કલ્પેશ વસાવાએ સીધો આક્ષેપ કર્યો છે કે, અમારી સરકાર છે તોય 10 વર્ષથી ગામનો રોડ નથી બન્યો.

### સાંસદ-ધારાસભ્યથી પણ કામ ના બન્યું એટલે અમે ચૈતરભાઈ સાથે રેલીમાં જોડાયા

કલ્પેશ વસાવાએ વધુમાં જણાવ્યું હતું કે, જુનારાજનો રસ્તો એક વરસથી બંધ છે. એક તો માંડ 10 વર્ષે મંજૂર થયો અને તે પણ કામગીરી અટકી ગઈ. સાંસદ-ધારાસભ્યથી પણ ના બન્યું એટલે અમે ચૈતરભાઈ વસાવા સાથે રેલીમાં જોડાયા.

### 'અમારી સરકાર હોવા છતાં 10 વર્ષથી રોડ નથી બન્યો'

તાલુકા પંચાયત સભ્ય કલ્પેશ વસાવાએ નાંદોદ તાલુકા પંચાયતના મહિલા પ્રમુખના મનસ્વી વલણને આ વિવાદનું મુખ્ય કારણ ગણાવ્યું છે. તેમનો આક્ષેપ છે કે, પ્રમુખ સરકારી ગ્રાન્ટનો મનફાવે તેમ ઉપયોગ કરે છે. અન્ય સદસ્યો સાથે કામો બાબતે ચર્ચા કર્યા વગર એકતરફી વલણ દાખવી લાખો-કરોડોની ગ્રાન્ટ વાપરી રહ્યા છે. તેમના વિસ્તારના જે કામો રજૂ કરવામાં આવે છે, તે કરવામાં આવતા નથી.

### 'અમે 30 વર્ષથી ભાજપમાં છીએ પણ, લાગે છે હવે રાજીનામું આપવું પડશે'

વસાવાએ સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું હતું કે, અમને પ્રજાએ ચુંટેલા છે, જેથી વિકાસના કામો તો પ્રજા માંગે જ ને, અમે કેટલું સહન કરીએ. અમે 30 વર્ષથી ભાજપમાં છીએ પણ, હવે લાગે છે કે રાજીનામું આપવું પડશે. જો મારા વિસ્તારમાં વિકાસના કામો નહીં થાય તો હવે હું પક્ષમાંથી રાજીનામું આપી દઈશ.

### કલ્પેશ વસાવા અગાઉ ચૈતર વસાવાની પદયાત્રામાં જોડાયા હતા

આ ખળભળાટની વચ્ચે એ વાત પણ સામે આવી છે કે, કલ્પેશ વસાવા અગાઉ ડેડિયાપાડાના 'આપ' ધારાસભ્ય ચૈતર વસાવા દ્વારા જૂનારાજ વિસ્તારના રસ્તા મુદ્દે યોજાયેલી પદયાત્રામાં પણ જોડાયા હતા. તે સમયે જ તેમની વિરુદ્ધ સંગઠનાત્મક કાર્યવાહી થવાની શક્યતા હતી, પરંતુ કોઈ કાર્યવાહી કરવામાં આવી નહોતી.

### ટીડીઓ રજા ઉપર ઉતરી જતાં બેઠક રદ

આજના કારોબારી બેઠક રદ થવાથી વિવાદ વધુ વકર્યો છે, કારણ કે નાંદોદ તાલુકા પંચાયત કચેરી ખાતે કારોબારીની બેઠક યોજાવાની હતી, પરંતુ અચાનક ટીડીઓ રજા ઉપર ઉતરી જતાં બેઠક રદ કરવામાં આવી હતી. તાલુકા પંચાયત સભ્યની આ ખુલ્લી ધમકીએ નર્મદા જિલ્લા ભાજપમાં મોટું સંકટ ઊભું કર્યું છે અને ગાંધીનગર સુધીના નેતૃત્વની કાર્યક્ષમતા પર સવાલો ઉઠાવ્યા છે.

# સેંજળ ગામ પાસે બોલેરો કાર પલટી, મહિલાનું મોત

(એજન્સી) અમરેલી | તા. 29

અમરેલીમાં એક ગમખ્વાર અકસ્માત સર્જાતા સમગ્ર પંથકમાં અરેરાટી વ્યાપી ગઈ છે. આ અકસ્માતમાં એક મહિલાનું મોત થયું છે. જ્યારે 15 લોકોને ઈજા પહોંચતા તેમને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે.

બોલેરો કાર અચાનક પલટી ગઈ

ઘટનાની મળતી વિગતો અનુસાર, અમરેલીના સેંજળ ગામ પાસેથી પસાર થઈ રહેલી બોલેરો કાર અચાનક પલટી ગઈ હતી. જે કારણે અકસ્માત સર્જાયો હતો. જેમાં એક મહિલાનું ઘટના સ્થળે મોત નીપજ્યું છે. આ સાથે કારમાં સવાર અન્ય 15 લોકોને ગંભીર ઈજા પહોંચી છે. ઘટનાની જાણ થતા પોલીસ તાત્કાલિક ઘટના સ્થળે



પહોંચ્યા હતા. ઘાયલોને અમરેલી, વંડા અને સાવરકુંડલાની હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. દીકરીને તેડવા આવેલા પરિવારને અકસ્માત નડ્યો હતો.

આ પરિવાર પાલીતાણાના ગંઢોળ(હસ્તગીરી) ગામનો વતની છે. જે સેંજળ ગામે દીકરીને તેડવા માટે આવ્યો હતો. જે દરમિયાન તેમને અકસ્માત નડ્યો હતો. જેમાં એક મહિલાનું મોત થતા સમગ્ર પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું છે.

# હાઈકોર્ટે 9 સપ્તાહ પ્રેગ્નેન્ટ 17 વર્ષીય સગીરાના ગર્ભપાતની આપી મંજૂરી

## બાળક જીવિત જન્મે તો જુવાનાઈલ જસ્ટિસ એક્ટ મુજબ કાર્યવાહી કરે : કોર્ટ, આરોપીએ અપહરણ કરી દુષ્કર્મ આચર્યું હતું

(એજન્સી) અમદાવાદ | તા. 29

ગુજરાત હાઈકોર્ટમાં 17 વર્ષ અને 6 મહિનાની સગીરાએ પોતાના 9 સપ્તાહ અને 5 દિવસના ગર્ભના ગર્ભપાત માટે વાલી મારફતે અરજી કરી હતી. જે સંદર્ભે ગુજરાત હાઈકોર્ટે રાજકોટની દીનદયાળ ઉપાધ્યાય હોસ્પિટલને સગીરાના મેડિકલ તપાસના આદેશ આપ્યા હતા. જે રિપોર્ટ અનુસાર સગીરાના ગર્ભપાતની હાઈકોર્ટે મંજૂરી આપી છે.

ઉલ્લેખનીય છે કે ગુજરાત હાઈકોર્ટ દ્વારા બે વર્ષમાં આજના (29 નવેમ્બર, 2025) કેસ સહિત 18 પીડિતાને ગર્ભપાતની મંજૂરી આપવામાં આવી છે, જેમાં 15 સગીરાનો સમાવેશ થાય છે. જોકે, 12 મેના રોજ હાઈકોર્ટે 13 વર્ષીય સગીરાના 33 સપ્તાહના ગર્ભપાતની મંજૂરી આપી હતી. ત્યાર બાદ 13 મેના રોજ સગીરાને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી અને 17 મે, 2025ના રોજ સગીરાએ બાળકીને જન્મ આપ્યો હતો. આ ઉપરાંત હાઈકોર્ટ દ્વારા 28 સપ્તાહ પ્રેગ્નેન્ટ 14 વર્ષની પીડિતાને જીવનું જોખમ હોવાથી ગર્ભપાતની મંજૂરી આપવા ઈનકાર કર્યો હતો.



આરોપીએ સગીરાનું અપહરણ કરી દુષ્કર્મ આચર્યું હતું

કેસની વિગતને જોતા સગીરા એક દુષ્કર્મ પીડિત છે અને આરોપી સામે રાજકોટના શાપર વેરાવળ પોલીસ સ્ટેશને ઓક્ટોબર મહિનામાં પોક્સો અને દુષ્કર્મની કલમો અંતર્ગત ગુનો નોંધાયો હતો. આરોપીએ સગીરાનું અપહરણ કરી તેની સાથે દુષ્કર્મ આચરતા તે ગર્ભવતી બની હતી. હાઈકોર્ટે હોસ્પિટલને ગર્ભપાત શક્ય છે કે કેમ અને ગર્ભપાતમાં કેટલું જોખમ રહેલું છે તે અંગે રિપોર્ટ માગ્યો હતો.

રિપોર્ટમાં ગર્ભપાત શક્ય હોવાનું જણાવ્યું હતું. આથી હાઈકોર્ટે સગીરાના ગર્ભના પેશીના DNAની તપાસ આરોપી સામે ગુનો પુરવાર કરવા FSLમાં મોકલવાનો હુકમ કરી આ અરજીને મંજૂર કરી છે. હોસ્પિટલના નિષ્ણાંત ડોક્ટરો સગીરા સાથે વાત કરી તેની સંમતિ લઈને સર્જરી કરે. બાળક જીવિત જન્મે તો જુવેનાઈલ જસ્ટિસ એક્ટ મુજબ આગળની કાર્યવાહી કરવામાં આવે.

## અમદાવાદ શહેરમાં ચકચાર : વાલીઓ માટે લાલ બત્તી સમાન કિસ્સો

# શાળાએ મુકવા જતા રિક્ષા ચાલકે બાળક સાથે કરી અશ્લિલ હરકત

### આ કિસ્સાએ સ્કૂલ વાહનોમાં બાળકોની સુરક્ષા મુદ્દે ફરી એકવાર ચિંતા ઊભી કરી

(એજન્સી) અમદાવાદ | તા. 29

અમદાવાદ શહેરમાં બાળકોની સુરક્ષા પર ગંભીર સવાલ ઉઠાવે તેવો ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. સ્કૂલે મૂકવા જતા એક રિક્ષાચાલકે માસૂમ બાળકો સાથે અશ્લીલ હરકતો કરી હોવાની ફરિયાદ નોંધાતા અમદાવાદ શહેરમાં ચકચાર મચી ગઈ છે. આ સાથે વાલીઓની ચિંતામાં પણ વધારો થયો છે.

### રિક્ષા ચાલક રાજકુમાર રાજપૂતની ધરપકડ

પ્રાપ્ત માહિતી અનુસાર, આ રિક્ષાચાલક સ્કૂલે જતા 6 થી 9 વર્ષની વયજૂથના કુલ ચાર જેટલા બાળક અને બાળકીઓ સાથે સતત અશ્લીલ વર્તન કરતો હતો. આ શરમજનક ઘટનાની જાણ બાળકોના વાલીઓને થતાં, તેઓએ તાત્કાલિક પોલીસનો સંપર્ક કર્યો હતો. વાલીઓની ફરિયાદના આધારે, રામોલ પોલીસે ત્વરિત કાર્યવાહી હાથ ધરી છે. પોલીસે આરોપી સ્કૂલ રિક્ષા ચાલક રાજકુમાર રાજપૂતની ધરપકડ કરી લીધી છે. આવું કૃત્ય આચરવામાં આવતા વાલીઓ અને સ્થાનિકોમાં ભારે રોષ ફેલાયો છે આ સમગ્ર મામલાની ગંભીરતા જોતાં, પોલીસે આરોપી વિરુદ્ધ પોક્સો એક્ટ હેઠળ ગુનો દાખલ કરીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.



### વાલીઓમાં રોષ ફેલાયો

બાળકોને સુરક્ષિત રીતે સ્કૂલ પહોંચાડવાની જવાબદારી સંભાળતા રિક્ષાચાલક દ્વારા જ આવું કૃત્ય આચરવામાં આવતા વાલીઓ અને સ્થાનિકોમાં ભારે રોષ ફેલાયો છે. પોલીસે આ આરોપીની સઘન પૂછપરછ શરૂ કરી છે અને સાથે જ સ્કૂલ વાહનો દ્વારા બાળકોની હેરફેર કરતા અન્ય ડ્રાઈવરોની પૃષ્ઠભૂમિ ચકાસવા માટે પણ પગલાં ભરવામાં આવે તેવી માંગ ઉઠી છે. આ કિસ્સાએ સ્કૂલ વાહનોમાં બાળકોની સુરક્ષા મુદ્દે ફરી એકવાર ચિંતા ઊભી કરી છે.

# AMCના બુદ્ધિ પ્રદર્શનથી પ્રજા હેરાન-પરેશાન, દોઢ વર્ષથી બ્રિજનું કામ ખોરંભે

(એજન્સી) અમદાવાદ | તા. 29

અમદાવાદ શહેરમાં અનેક જગ્યાઓ પર બ્રિજની કામગીરી ચાલી રહી છે, પરંતુ મહાનગરપાલિકા (AMC) દ્વારા કામગીરી પૂર્વે પૂરતો અભ્યાસ ન કરાતાં નાગરિકોને પારાવાર હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. શહેરના મકરબા અને વેજલપુર બુટ ભવાની મંદિર નજીક ચાલી રહેલા બ્રિજ પ્રોજેક્ટ્સમાં AMCના આયોજનના અભાવે કામ ખોરંભે ચઢ્યું છે. મકરબા વિસ્તારમાં રેલવે સાથેના સંકલનના અભાવે બ્રિજનું કામ અટવાયું છે. જ્યારે બુટ ભવાની મંદિર ખાતે તો AMCની બુદ્ધિનું પ્રદર્શન સામે આવ્યું છે.

### ધારાસભ્યની રજૂઆતો બેઅસર

બ્રિજની ડિઝાઈન તૈયાર કર્યા બાદ જ્યારે પિલ્લર બનાવવાનું શરૂ કરાયું, ત્યારે મનપાને ખ્યાલ આવ્યો કે નીચેથી જૂની ડ્રેનેજ, સ્ટોર્મ વોટર અને વોટર લાઈન પસાર થઈ રહી છે. આ લાઈનોનું સમારકામ કર્યા વિના કામ આગળ વધી શકે તેમ ન હોવાથી છેલ્લા દોઢ વર્ષથી બ્રિજની કામગીરી બિલકુલ ખોરંભે ચડેલી છે. જોકે, બ્રિજનું કામ અઢી વર્ષ પહેલાં શરૂ કરાયું હતું. ધારાસભ્ય અમિત ઠાકર દ્વારા સંકલન બેઠકોમાં અનેકવાર રજૂઆતો કરવા છતાં અધિકારીઓ ગંભીરતાથી કામગીરી ન કરતા હોવાથી સ્થાનિક લોકોને ભારે મુશ્કેલી પડી રહી છે.



## આજનું રાશિ ભવિષ્ય

**મેષ : અ. લ. ઈ.**

લાગણીની દૃષ્ટિએ તમે આજે સ્થિર નહીં હો- આથી અન્યોની સામે તમે કઈ રીતે વર્તો છો તથા શું બોલો છો તે અંગે સાવચેત રહેજો. આ રાશિ ના અમુક લોકો ને પોતાના સંતાન થી આર્થિક લાભ થવા ની શક્યતા છે.

**વૃષભ : બ. વ. ઉ.**

આર્થિક બાબતોમાં સુધારો ચોક્કસ થશે. જરૂર પડશે તો તમારા મિત્ર તમારી મદદે આવશે. પ્રેમમાં કોઈને સફળ થવાની કલ્પના કરવામાં મદદ કરજો. ચંદ્રમા ની સ્થિતિ ને જોતા, એમ કહી શકાય કે આજે તમારી પાસે ખુબ મફત સમય રહેશે, પરંતુ તે પછી પણ તમે જે કામ કરવા નું હતું .

**મિથુન : ક. છ. ઘ.**

વાહન ચલાવતી વખતે તકેદારી રાખો. તમારા વધારાનાં નાણાં એવા સુરક્ષિત સ્થળે મૂકો જે તમને આવનારા સમયમાં વળતરનું વચન આપે. મિત્રો તથા જીવનસાથી આરામ તથા ખુશીઓ લાવશે, એ સિવાય નિસ્તેજ અને દોડધામભર્યો દિવસ.

**કર્ક : ડ. હ.**

તબિયત પર ધ્યાન આપવું પડશે. કોઈપણ અનુભવી માણસ ની સલાહ વગર આજે એવું કોઈપણ કામ ના કરો જેથી તમને નાણાકીય નુકસાન થાય. ટપાલ દ્વારા આવેલો પત્ર આખા પરિવાર માટે ખુશીના સમાચાર લાવશે.

**સિંહ : મ. ટ.**

તમારો કોઈ મિત્ર તમારી ઉદારતા તથા સહનશક્તિની મર્યાદાની કસોટી કરી શકે છે. તમારા મૂલ્યોનું જતન કરવામાં અને તમારા દરેક નિર્ણયમાં તર્કસંગત રહેવાની તકેદારી તમારે રાખવી પડશે. વેપાર માં આજ ના દિવસે સારો લાભ થવા ની શક્યતા છે.

**કન્યા : પ. ઠ. ણ.**

આજે તમારો આત્મવિશ્વાસ વધશે તથા તમારૂ આગળ વધવું નિશ્ચિત છે. વેપાર ને મજબૂત કરવા માટે તમે કોઈ મહત્વપૂર્ણ પગલાં લાયી શકો છો જેના માટે તમારા કોઈ નજીકી તમારી નાણાકીય મદદ કરી શકે છે.

**તુલા : ર. ત.**

કામનું દબાણ તથા ઘરમાં તકલીફ તાણ લાવી શકે છે. આજે તમારી કોઈ ચલ સંપત્તિ ચોરી હોઈ શકે છે તેથી જેટલું શક્ય હોય તેટલું આના થી બચો. તમારી વધારાની ઊર્જા તથા અસાધારણ ઉત્સાહ તમારી તરફેણમાં પરિણામો લાવશે.

**વૃશ્ચિક : ન. ય.**

મિત્રો તમારો પરિચય કોઈક ખાસ વ્યક્તિ સાથે કરાવશેજે તમારા વિચારો પર નોંધપાત્ર અસર છોડશે. આજે તમે પૈસા બચાવવા માટે પોતાના પરિવાર માં થી સલાહ લયી શકો છો અને તેને પોતાના જીવન માં સ્થાન પણ આપી શકો છો.

**ધન : ભ. ધ. ફ. ઢ.**

જીવન ના ખરાબ તબક્કા માં પૈસા તમારા કામ આવશે તેથી આજ થીજ પોતાના પૈસા બચત કરવા ના વિષે વિચારો નહિ તો તમને તકલીફો આવી શકે છે. એક જૂનો મિત્ર દિવસના અંત ભાગમાં મુલાકાત લેશે. તમે દરકાર કરનાર તથા સમજુ મિત્રને મળશો.

**મકર : ખ. જ.**

પ્રશંસા કરીને તમને અન્યોની ખુશીનો આનંદ લો એવી શક્યતા છે. તામ્ર પૈસા ત્યારેજ તમારા કામ માં આવશે જ્યારે તમે તેને સંચિત કરો આ વાત તમે જેટલી સારી રીતે સમજી લો તે વધારે સારું નહીંતર પાછળ થી તમે પછતાશો.

**કુંભ : ગ. સ. શ. ષ.**

પોતાના માટે પૈસા બચવાનો તમારો ખ્યાલ આજે પૂરો થયી શકે છે. આજે તમે સારી બચત કરવા માટે સમર્થ હશો. બાળકો તથા તમારાથી ઓછો અનુભવ ધરાવતા લોકો સાથ તમારે ધીરજથી કામ લેવું પડશે. આજે તમે પ્રેમના મૂડમા હશો.

**મીન : દ. ચ. ઝ. થ.**

તમારા વજન પર નજર રાખો અને વધુ પડતું ખાવાનું ટાળો. સટ્ટા અથવા અણધાર્યા લાભ દ્વારા તમારી આર્થિક હાલત સુધરશે. તમે જેને પ્રેમ કરે છો એવા લોકો પાસેથી ભેટ મેળવવા અથવા તેમને આપવા માટે મંગળકારી દિવસ.

---

### શેત્રુંજય પર્વત સાથે જોડાયેલો વિવાદ

# પાલિતાણા પોલીસ સ્ટેશનમાં સનસનાટીપૂર્ણ ઘટના: મોત, જૈન યાત્રિકે ઝેરી દવા પી લેતા મોત

| ભાવનગર/પાલિતાણા |

ગુજરાતના ભાવનગર જિલ્લાના પાલિતાણા ખાતે એક અત્યંત સનસનાટીપૂર્ણ અને દુ:ખદ ઘટના બની છે. પાલિતાણામાં દર્શનાર્થે આવેલા એક જૈન યાત્રિક ઝેરી દવા (Jain Yatrik Zaheri Dava) પી લેતા તેમનું સારવાર દરમિયાન મોત થયું છે. આ ઘટના પાલિતાણા ટાઉન પોલીસ મથકની અંદર બની હતી, જ્યાં તેમને નિવેદન માટે બોલાવવામાં આવ્યા હતા. મૃતક યાત્રિકનું નામ યોગેશભાઈ દેવચંદભાઈ ડેડિયા (ઉ.વ. ૫૩, રહે. બહેરામપુરા, અમદાવાદ) છે. તેમને ૬ માસ પૂર્વે થયેલી છેતરપિંડીની અરજી અને તાજેતરમાં સિક્યોરિટી તથા પૂજારી સાથે પુજન બાબતે થયેલી માથાકૂટના મામલે પોલીસ દ્વારા ગઈકાલે નિવેદન માટે પાલિતાણા પોલીસ સ્ટેશન મોત (Palitana Police Station Mot) માં લાવવામાં આવ્યા હતા.પાલિતાણા ડિવિઝનના ઇન્ચાર્જ DYSP ડામોરે આ બનાવની વિગતો આપતાં જણાવ્યું હતું કે, શેત્રુંજય પર્વત પર પૂજન કરવા આવેલા યોગેશભાઈને કોઈ બાબતે પૂજારી અને સિક્યોરિટી એજન્સીના કર્મચારીઓ સાથે માથાકૂટ થઈ હતી. આ મામલે પોલીસને જાણ કરવામાં આવતા તેમને બપોરે નિવેદન માટે બોલાવવામાં આવ્યા હતા.પોલીસ સ્ટેશનમાં હાજર હતા તે દરમિયાન, યોગેશભાઈ બાથરૂમમાં ગયા હતા અને ત્યાં જઈને અનાજમાં નાખવાની ઝેરી ટિકડીઓ ખાઈ લીધી હતી. થોડીવાર પછી તેમને છાતીમાં દુખાવો અને ગભરામણ થતાં તેમણે પોતે દવા ખાધી હોવાની જાણ પોલીસને કરી હતી. પોલીસે તાત્કાલિક તેમને માનસિંહજી હોસ્પિટલ પાલિતાણા અને ત્યારબાદ ખાનગી હોસ્પિટલમાં ખસેડ્યા હતા, પરંતુ સારવાર દરમિયાન તેમનું મોત નિપજ્યું હતું. પોલીસે આ બનાવ અંગે અકસ્માતે મોતની નોંધ કરી છે.

મૃતક યોગેશભાઈ ડેડિયા વિરુદ્ધ પૂર્વમાં પણ ગંભીર આરોપો હતા, જેના સંબંધમાં તેમને બોલાવવામાં આવ્યા હતા. પાલિતાણાની આણંદજી કલ્યાણજી પેઢીના વિજિલન્સ સિક્યોરિટી ઓફિસરે ગત તા. ૦૮-૦૬-૨૦૨૫ ના રોજ યોગેશભાઈ, જૈમિનભાઈ શાહ અને તેમના સાગરિતો વિરુદ્ધ અરજી આપી હતી.આ અરજીમાં આરોપ હતો કે, શેત્રુંજય ડુંગર પર આરતીના ઘીની મોટી બોલી બોલ્યા બાદ તેમણે પેઢીની ખોટી રિસિપ્ટો છાપીને યાત્રિકો સાથે ગેરકાયદે પૈસા પડાવી લાખો રૂપિયાનો લાભ લીધો હતો અને ખોટા ડોક્યુમેન્ટ બનાવી વિશ્વાસઘાત કર્યો હતો. યોગેશભાઈ ફરીથી આ જ રીતની પ્રવૃત્તિ કરતા પકડાઈ ગયા હતા, જેના પગલે છેતરપિંડી પૂજન માથાકૂટ (Cheterpindi Pujan Mathakut) નો મામલો પોલીસ મથકે પહોંચ્યો હતો.પોલીસે ઉમેર્યું હતું કે, મૃતકના પરિવારજનોએ છેલ્લા આશરે ૧૫-૧૭ વર્ષથી તેમની સાથે કોઈ સંબંધ ન હોવાનું પણ જણાવ્યું છે. પાલિતાણા પોલીસ સ્ટેશન મોત અને આ જૈન યાત્રિક ઝેરી દવા કેસની વધુ તપાસ ચાલી રહી છે.

---

### પોરબંદર કાનાલુસ આંશિક રદ્દ

## ભાવનગર-ઓખા ટ્રેનના બે સ્ટેશન પર સ્ટોપ રદ્દ: યાત્રિકોની સુવિધા પર દોઢ માસ અસર

ભાવનગર : પશ્ચિમ રેલવેના રાજકોટ મંડળ હેઠળ આવતા લાખાબાવળ-પીપળી-કાનાલુસ સેક્શનમાં ચાલી રહેલા ડબલ ટ્રેક કાર્ય અસર (Double Track Karya Asar) ને કારણે ભાવનગર ડિવિઝનની મુખ્ય ટ્રેનોના સંચાલન અને સ્ટોપ પર અસર પડી છે. ભાવનગર રેલવે મંડળ દ્વારા જાહેર કરવામાં આવ્યું છે કે, ભાવનગર-ઓખા-ભાવનગર ટ્રેનનો બે મુખ્ય સ્ટેશનો પરનો સ્ટોપ દોઢ માસ માટે રદ્દ કરવામાં આવ્યો છે, તેમજ એક લોકલ ટ્રેનને આંશિક રીતે રદ્દ કરાઈ છે.આ દોઢ માસના સમયગાળા દરમિયાન ભાવનગર ઓખા ટ્રેન સ્ટોપ રદ્દ (Bhavnagar Okha Train Stop Radd) થતાં આ બંને સ્ટેશનો પર મુસાફરોને ચઢવા-ઉતરવાની સુવિધા ઉપલબ્ધ રહેશે નહીં. મુસાફરોને નજીકના વૈકલ્પિક સ્ટેશનોનો ઉપયોગ કરવા જણાવાયું છે.ભાવનગર મંડળના સિનિયર ડિવિઝનલ કોમર્શિયલ મેનેજરના જણાવ્યા અનુસાર, પોરબંદર કાનાલુસ આંશિક રદ્દ (Porbandar Kanalus Anshik Radd) થવાના કારણે આ લોકલ ટ્રેન તેના નિર્ધારિત માર્ગના બદલે માત્ર પોરબંદર-ગોપજામ વચ્ચે જ ચાલશે.રેલવે વ્યવહારને સુધારવા અને ભવિષ્યમાં ઝડપી સંચાલન માટે આ ડબલ ટ્રેક કાર્ય અસર જરૂરી હોવાથી, રેલવે તંત્રએ યાત્રિકોને આ ફેરફારોની નોંધ લેવા વિનંતી કરી છે, જેથી તેમને કોઈ અસુવિધા ન થાય.

---

### મુંદ્રામાં ખોટી શંકાનો કરૂણ અંજામ

## પત્નીની છરીના ઘા ઝીંકીને હત્યા કર્યા બાદ પતિની આત્મહત્યા

કચ્છ : જમીનમાંથી નામ કઢાવી નાખી ઘરમાંથી કાઢી મૂકશે તેવા ખોટા વહેમમાં એક પરિવારે પોતાનો માળો વિંખી નાખ્યો હતો.આ કરૂણાંતિકા ઝરપરા ગામના લૈયારા વાડી વિસ્તારમાં ગત રાત્રિથી આજે સવારના અરસામાં બની હતી. મુંદ્રા પોલીસ પાસેથી મળેલી માહિતી મુજબ, શંકાશીલ અને ઝનૂની સ્વભાવના સવરાજ જખા સેડા (ગઢવી)એ ગત મધરાત્રે પત્ની હીરબાઈ પર છરી વડે હુમલો કરી તેમની હત્યા કરી નાખી હતી. વહેલી સવારે લગભગ સાડા ચાર વાગ્યે આ બનાવની જાણ થઈ હતી. હત્યા કર્યા બાદ સવરાજ ઘરેથી ફરાર થઈ ગયો હતો. આ ઘટના અંગે મૃતક હીરબાઈના પુત્ર વાલજીએ આજે સવારે મુંદ્રા પોલીસ મથકે પોતાના પિતા સવરાજ વિરુદ્ધ હત્યાની ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદમાં તેણે જણાવ્યું કે, તેના પિતા સવરાજને એવી દ્રઢ શંકા હતી કે તેની પત્ની અને બંને દીકરા એકસંપ થઈને જમીનમાંથી તેમનું નામ કઢાવી નાખશે અને તેને ઘરમાંથી કાઢી મૂકશે. આ જ શંકાને કારણે તે અવારનવાર ઘરમાં ઝઘડો કરતા હતા.ફરિયાદ નોંધાયા બાદ પોલીસે તાત્કાલિક કાર્યવાહી હાથ ધરી હતી.

---

## કંથારિયાની સીમમાં અજાણ્યા વાહનની ટક્કરે મહિલાનું મોત

આણંદ : આંકલાવ તાલુકાના આસોદરથી વાસદ જતા રોડ પર કંથારિયાની સીમમાં અજાણ્યા વાહને એક બાઈકને અડફેટે લેતા બાઈક ઉપર સવાર મહિલા રોડ ઉપર પટકાયા બાદ વાહનનું ટાયર માથા ઉપર ફરી વળતા ગંભીર ઈજાથી મહિલાનું ઘટનાસ્થળે જ મોત થયું હતું. આ બનાવ અંગે આંકલાવ પોલીસે અજાણ્યા વાહનચાલક સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. મૂળ બોરસદ તાલુકાના કંકાપુરાના વતની અને હાલ વડોદરાના સાંકરદા ખાતે રહેતા ચંદુભાઈ અમરસિંહ પરમાર ૨૬મી નવેમ્બરના રોજ પત્ની નીતાને બાઈક ઉપર બેસાડી તેમના મૂળ વતન કંકાપુરા ખાતે આવ્યા હતા.

---

### દાયકાનો રેકોર્ડબ્રેક

## ઈડરમાં 'સફેદ' દૂધનો 'કાળો' કારોબાર: 200 લિટર બનાવટી દૂધ સાથે એક ઝડપાયો

સાબરકાંઠા : સાબરકાંઠા જિલ્લામાં લોકોના સ્વાસ્થ્ય સાથે ગંભીર ચેડાં કરતું વધુ એક કૌભાંડ સ્પેશિયલ ઓપરેશન ગ્રૂપ (SOG) પોલીસે ઝડપી પાડ્યું છે. ઈડર તાલુકાના શિંગા ગામે દરોડો પાડીને પોલીસે સોયા ઓઈલ અને વિવિધ પાઉડરના મિશ્રણથી બનાવટી દૂધ બનાવતી ફેક્ટરીનો પર્દાફાશ કરી 200 લિટર નકલી દૂધનો જથ્થો જપ્ત કર્યો છે. સાબરકાંઠા SOG પોલીસને ચોક્કસ બાતમી મળી હતી કે શીંગા ગામના રામજી મંદિર પાસે પટેલ ફળીમાં રહેતો અશ્વિનકુમાર શર્મા પોતાના ઘરમાં જ બનાવટી દૂધ બનાવી રહ્યો હતો. આ હકીકતના આધારે પોલીસે ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગ, હિંમતનગરની ટીમને સાથે રાખીને સંયુક્ત દરોડો પાડ્યો હતો.

પોલીસ તપાસમાં ચોંકાવનારી વિગતો સામે આવી હતી. આરોપી અશ્વિનકુમાર સુનીલભાઈ શર્મા દૂધમાં મિલાવટ કરવાને બદલે કેમિકલ અને પાઉડરનો ઉપયોગ કરી આખેઆખું બનાવટી દૂધ જ તૈયાર કરતો હતો.

---

### સરદાર પટેલ નિવાસસ્થાન વિવાદ

## પ્રતિમા સાથે સીએમ-સાંસદની તકતી મુકાતા નગરજનોમાં આક્રોશ



આણંદ/કરમસદ

દેશના લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલના વતન કરમસદ સ્થિત ૨૦૦ વર્ષ જુના નિવાસસ્થાનમાં તાજેતરમાં થયેલા એક કાર્યક્રમે મોટો વિવાદ જગાવ્યો છે. અહીં સરદાર પટેલની પ્રતિમાની બાજુમાં મૂકવામાં આવેલી તકતીમાં રાજ્યના મુખ્યમંત્રી અને આણંદના સાંસદ મિતેશ પટેલનું નામ લખવામાં આવતા નગરજનો અને 'સરદાર સન્માન સંકલ્પ સમિતિ' દ્વારા ઉગ્ર વિરોધ નોંધાવવામાં આવ્યો છે.

તા. ૨૬ નવેમ્બરે કરમસદથી એકતા યાત્રાનો પ્રારંભ થયો હતો, જેમાં મુખ્યમંત્રી સહિત દેશભરના નેતાઓએ સરદાર પટેલના નિવાસસ્થાનની મુલાકાત લીધી હતી. આ દરમિયાન નિવાસસ્થાને સરદાર પટેલની પ્રતિમા મૂકવામાં આવી અને તેની બાજુમાં સીએમ સાંસદ તકતી લગાવવામાં આવી.

સમિતિએ આક્ષેપ કર્યો કે સરકારે સરદાર સાહેબના નિવાસસ્થાનના ૨૦૦ વર્ષના ઈતિહાસમાં લોકપ્રિયતા મેળવવા માટે આ તકતી મૂકીને આ નિવાસસ્થાનનું અપમાન કર્યું છે. તેમણે આ સરદાર પટેલ નિવાસસ્થાન વિવાદ માં પોતાનો આક્રોશ વ્યક્ત કરવા નિવાસસ્થાને જઈને સૂત્રોચ્ચાર કર્યા: 'સરદાર નામ ચોર, સરદાર ગામ ચોર અને ખેડૂતોની જમીન ચોર ગાદી છોડ'નનગરજનો અને સમિતિની માંગ છે કે આ તકતી તાત્કાલિક હટાવવામાં આવે.એક તરફ સરદાર પટેલ નિવાસસ્થાન વિવાદ તકતીને લઈને ચાલી રહ્યો છે, ત્યારે બીજી તરફ સરદાર પટેલના ઘર સહિત કરમસદની અનેક ઐતિહાસિક મિલકતો પર સી વન સત્તા પ્રકાર કાયદો (C One Satta Prakar Kaaydo) ના કારણે જોખમ તોળાઈ રહ્યું છે.૨૦૧૫માં અમલમાં આવેલા આ કાયદામાં ૧૫૦ થી ૨૦૦ વર્ષ જુના બાંધકામ થયેલા મકાનોને ગેરકાયદેસર ગણવામાં આવ્યા છે.જોખમમાં મિલકતો: કરમસદની અંદાજિત ૯૦૦ જેટલી મિલકતોનો આ કાયદામાં સમાવેશ થાય છે.

---

### ૨૨ સ્થળોએ તપાસ ચાલી

### સ્ક્રેપ, સળિયા, કપડાં અને ચશ્માના શો-રૂમ સહિત કુલ ૨૨ સ્થળોએ તપાસ

## સળંગ ત્રીજા દિવસે ભાવનગર સ્ટેટ જીએસટી દરોડા યથાવત્

ભાવનગર : ભાવનગર શહેર અને જિલ્લામાં સ્ટેટ જીએસટી વિભાગ દ્વારા શરૂ કરવામાં આવેલી સર્ચ અને દરોડાની કાર્યવાહી આજે સતત ત્રીજા દિવસે પણ યથાવત્ રહી હતી. ભાવનગર સ્ટેટ જીએસટી દરોડા (Bhavnagar State GST Daroda) માં સ્ક્રેપ, સળિયા, રેડિમેઈડ કપડા, ઘડિયાળ અને ચશ્માના શો-રૂમ ધરાવતી પાંચ વેપારી પેઢીઓના કુલ ૨૨ સ્થળોએ તપાસ (22 Sthaloe Tapas) ચાલી રહી છે.

જીએસટી વિભાગની આશરે ૨૫ ટીમો દ્વારા હાથ ધરવામાં આવેલી આ તપાસમાં વિભાગને કેટલાક ગંભીર સંકેતો મળ્યા છે. ત્રણ દિવસની તપાસ દરમિયાન પેઢીઓના શંકાસ્પદ વ્યવહારો દસ્તાવેજો (Shankaspad Vyavaharo Dastavejo) મળી આવ્યા છે, જેના આધારે વિભાગે એવી સંભાવના વ્યક્ત કરી છે કે આ તપાસ હજુ લાંબી ચાલશે અને આવતીકાલે પણ યથાવત્ રહી શકે છે. આ દસ્તાવેજોની ઝીણવટભરી ચકાસણી બાદ મોટા બેનામી હિસાબો અને કરચોરીનો પર્દાફાશ થવાની શક્યતા નકારી શકાય તેમ નથી.




સત્તાવાર રીતે વિભાગ દ્વારા કોઈ વિગતો જાહેર કરવામાં આવી નથી, પરંતુ બજારમાં વ્યાપક ચર્ચા છે કે સ્ટેટ જીએસટીના મોબાઈલ સ્ક્વોર્ડના એક ઉચ્ચ અધિકારી અને બિલ વગર ગાડીઓ ચલાવતા વહીવટદાર વચ્ચેના 'વટના વાંધા' અને આંતરિક ખેંચતાણને કારણે આ કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. જોકે, વિભાગે આ મામલે મૌન સેવ્યું છે અને માત્ર ભાવનગર સ્ટેટ જીએસટી દરોડા ની તપાસ પર જ ધ્યાન કેન્દ્રિત કર્યું છે.શરૂઆતમાં પાંચ પેઢીઓના ૨૦ સ્થળોએ સર્ચ હાથ ધરાયું હતું, પરંતુ બાદમાં તેમાં વધુ બે સ્થળો ઉમેરાતા કુલ ૨૨ સ્થળોએ તપાસ કરવામાં આવી રહી છે. તપાસમાં મુખ્યત્વે નીચેના સેક્ટરની પેઢીઓ સામેલ છે: શંકાસ્પદ વ્યવહારો દસ્તાવેજો ની સઘન ચકાસણી પૂર્ણ થયા બાદ આ ભાવનગર સ્ટેટ જીએસટી દરોડા માં મોટા ખુલાસા થવાની સંભાવના છે, જેનાથી રાજ્ય સરકારની તિજોરીને થયેલા નુકસાનનો અંદાજ મેળવી શકાશે.

---

## નડિયાદના ખેતા તળાવની દેસાઇ વગા તરફની દિવાલ નમી ગઇ

નડિયાદ : નડિયાદના ખેતા તળાવની દેસાઇ વગા તરફની દિવાલ નમી ગઈ છે. તૂટેલા હિસ્તો છતાં મહાનગરપાલિકા બેદરકારી દાખવી રહ્યું હોવાથી સ્થાનિક લોકોમાં રોષ ફેલાયો છે.

નડિયાદ મહાનગરપાલિકા દ્વારા ખેતા તળાવનું કરોડો રૂપિયાના ખર્ચે રિનોવેશન કરવામાં આવ્યું હતું. પરંતુ દિવાલના સમારકામને અવગણના કરવામાં આવ્યું હોવાનું મનાઇ રહ્યું છે. ખેતા તળાવની દેસાઈ વગા તરફના રહેણાંક વિસ્તારની સામે જ જર્જરિત દિવાલ આવેલી છે. આ દિવાલનો એક હિસ્સો સંપૂર્ણપણે તૂટી ગયો છે. દિવાલની આસપાસનો મોટોભાગ પણ નીચે તરફ નમી ગયો છે. દિવાલની જોખમી સ્થિતિ છતાં મનપા તંત્ર નિંદ્રાધિન જણાઈ રહ્યું છે. તંત્ર તાત્કાલિક ધોરણે નમેલી અને તૂટેલી દિવાલનું સમારકામ કરાવે તેવી પ્રબળ માંગણી ઉઠી છે.

---

### ૯૦ લાખ મિલકત વેરો બાકી, દોડધામ મચી

## કડક વસૂલાત ઝુંબેશ: ભાવનગર મહાપાલિકા સીલ, નિર્મળનગરમાં 30 દુકાનો સીલ કરાઈ

ભાવનગર : ભાવનગર મહાપાલિકાના ઘરવેરા વિભાગે બાકી મિલકત વેરો વસૂલવા માટે કડક જપ્તી ઝુંબેશ શરૂ કરી છે, જેના ભાગરૂપે આજે શહેરના નિર્મળનગર વિસ્તારમાં આકરાં પગલાં લેવામાં આવ્યા છે. ભાવનગર મહાપાલિકા સીલ ની કાર્યવાહીથી વેરો નહીં ભરનારા મિલકત ધારકોમાં ફફડાટ વ્યાપી ગયો છે.શહેરના નિર્મળનગર વિસ્તારમાં આવેલા શ્રીજી રત્ન કોમ્પ્લેક્ષમાં મહાપાલિકા દ્વારા આજે શુક્રવારે કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. આ કોમ્પ્લેક્ષની નિર્મળનગર ૩૦ દુકાન નો વેરો બાકી હતો. આ દુકાનદારો પર છેલ્લા ચાર વર્ષનો મળીને આશરે ૯૦ લાખ મિલકત વેરો બાકી હતો.મહાપાલિકા દ્વારા વેરો ભરવા માટે અગાઉ જાણ કરવામાં આવી હતી, તેમ છતાં મિલકત ધારકો દ્વારા વેરો ભરવામાં ન આવતા આજે ઘરવેરા વિભાગની રીકવરી ટીમે આ ૩૦ દુકાનોને સીલ મારી દીધા હતા. આ અચાનક થયેલી કાર્યવાહીના પગલે મિલકત ધારકોમાં દોડધામ મચી જવા પામી હતી. મહાપાલિકાના રીકવરી વિભાગના અધિકારીએ માહિતી આપતા જણાવ્યું હતું કે, દુકાનોને સીલ માર્યા બાદ કેટલાક મિલકત ધારકોએ તાત્કાલિક વેરો ભરી દીધો હતો. જે આસામીઓએ મિલકત વેરો ભર્યો હતો,

તેની દુકાનના સીલ તાત્કાલિક ખોલી નાખવામાં આવ્યા હતા.મહાપાલિકાની આ કડક અને ત્વરિત કામગીરીના કારણે બાકીદારોમાં ફફડાટ ફેલાયો છે અને ઘણા બાકીદારો હવે સ્વયં વેરો ભરવા માટે દોડી રહ્યા છે. મહાપાલિકાના સૂત્રોએ જણાવ્યું છે કે મિલકત જપ્તીની અને ભાવનગર મહાપાલિકા સીલ મારવાની આ કાર્યવાહી આગામી દિવસોમાં પણ ચાલુ રહેશે.

---

### અનેક રજૂઆત બાદ પણ કોર્પોરેશન દ્વારા ઉકેલ નહીં

## નડિયાદ શહેરના ચકલાસી ભાગોળથી ફતેપુરાના માર્ગ પર અકસ્માતનો ભય



નડિયાદ : નડિયાદ શહેરના ચકલાસી ભાગોળથી ફતેપુરા તરફના માર્ગ પર સંરક્ષણ દિવાલ કે રેલિંગ ન હોવાથી વાહનચાલકો અકસ્માતના ભય તળે માર્ગ પસાર કરવા મજબૂર બન્યા છે. આ રોડ પર અકસ્માતના અનેક બનાવો બન્યા છે. નડિયાદ કોર્પોરેશન દ્વારા કાયમી ઉકેલ લાવવામાં ન આવતા સ્થાનિકો અને વાહનચાલકોમાં રોષ ફેલાયો છે, તેમજ સત્વરે સુરક્ષા દિવાલ બનાવવાની માંગ ઉઠવા પામી છે. આ માર્ગ પર મોટી સંખ્યામાં રહેણાંક વિસ્તારો, એક શાળા તેમજ નાનામોટા મંદિરો આવેલા હોવાથી અહીં દિવસ દરમિયાન લોકોની અને વાહનોની અવરજવર ખૂબ જ વધારે રહે છે. ખાસ કરીને શાળાનો સમય હોય ત્યારે આ માર્ગ પર ટ્રાફિકનું ભારણ નોંધનીય રહે છે. જોકે, આ અત્યંત વ્યસ્ત રોડને બરાબર અડીને જ એક ખુલ્લો અને ઊંડો કાંસ આવેલો છે. આ કાંસ અને રોડ વચ્ચે વાહનચાલકો કે રાહદારીઓની સુરક્ષા માટેની કોઈ સંરક્ષણ દીવાલ, પેરાફીટ કે પછી મજબૂત રેલિંગ બનાવવામાં આવી નથી. તેના કારણે, જો કોઈ વાહનચાલકનું સહેજ પણ ધ્યાન ચૂકે કે રાત્રિના અંધારામાં ભૂલથી પણ વાહન કાંસ તરફ જાય, તો તે સીધું જ કાંસમાં ઉતરી જવાનો ખતરો ઊભો થયો છે. સ્થાનિક રહેવાસીઓ અને રોડનો ઉપયોગ કરનારા વાહનચાલકોની વર્ષોથી માંગ રહી છે કે, આ જીવલેણ જોખમી કાંસને સમાંતર રોડની સાઈડમાં તાત્કાલિક ધોરણે સંરક્ષણ દીવાલ કે મજબૂત પેરાફીટનું નિર્માણ કરવામાં આવે. સ્થાનિકોના જણાવ્યા મુજબ, ભૂતકાળમાં અનેક વખત આ ખુલ્લા કાંસને કારણે નાના-મોટા અકસ્માતો સર્જાયા છે અને કેટલાક વાહનચાલકો વાહનો સાથે કાંસમાં ખાબક્યા છે. નડિયાદ કોર્પોરેશન દ્વારા કાયમી ઉકેલ લાવવામાં ન આવતા લોકોમાં રોષ ફેલાયો હતો.

---

### કોંગ્રેસે બોરતળાવના દબાણ દૂર ન થવાનો આક્ષેપ કર્યો

# ગંભીર વિવાદ: ભાવનગર મહાપાલિકા વોકઆઉટ, મદ્રેશા દબાણ મામલો ગુંજ્યો

(એજન્સી) ભાવનગર | તા.29

ભાવનગર મહાપાલિકાની સાધારણ સભામાં આજે શુક્રવારે વિપક્ષ કોંગ્રેસના વોકઆઉટના કારણે મોટો હોબાળો થયો હતો. આ સભામાં મુખ્યત્વે મદ્રેશા દબાણ મામલો (Madresha Daban Maamlo) ગુંજ્યો હતો, જેના પગલે વિપક્ષી સભ્યો સભામાંથી બહાર નીકળી ગયા હતા અને શાસક ભાજપે ચર્ચા વગર જ અનેક ઠરાવોને મંજૂરી આપી દીધી હતી.સાધારણ સભા શરૂ થતાની સાથે જ કોંગ્રેસના નગરસેવક ભરત બુધેલીયાએ મેયરની મંજૂરી લીધા વગર જ મદ્રેશા દબાણ મામલો ઉઠાવ્યો હતો. કોંગ્રેસના નગરસેવકોએ આક્ષેપ કર્યો હતો કે:બોરતળાવની ડૂબની જમીનના દબાણો કે અન્ય શૈક્ષણિક સંસ્થાઓમાં નિયમ વિરુદ્ધ બાંધકામ હોવા છતાં પગલાં લેવાતા નથી.આ મામલે ૧૦ મિનિટ સુધી ભાજપ અને કોંગ્રેસના નગરસેવકો વચ્ચે ઉગ્ર ચર્ચા ચાલી હતી. મેયરે વારંવાર બેસી જવા કહેવા છતાં કોંગ્રેસના




નગરસેવક સવાલોનો મારો ચાલુ રાખતાં તેમને સભામાંથી બહાર કાઢવાની સૂચના આપવામાં આવી. તેના વિરોધમાં કોંગ્રેસના અન્ય નગરસેવકો પણ સભામાંથી બહાર નીકળી ગયા અને ભાવનગર મહાપાલિકા વોકઆઉટ કર્યું. મંજૂર ઠરાવો: શિક્ષણ સમિતિના શિક્ષકોના એનપીએસ અંતર્ગત સીપીએફ ફાળામાં ૧૦% થી વધારીને ૧૪% કરવો, રહેણાંકીય લીઝપટ્ટાની મુદત રીન્યુઅલ કરવી, વ્યવસાય વેરાની યોજના લંબાવવી વગેરે મળીને કુલ ૨૧ ઠરાવોને મંજૂરી અપાઈ. નીલમબાગ પાસેનો લીઝ હોલ્ડ પ્લોટનો કબજો મનપા પાસે રહેશે તેવો ઠરાવ અધ્યક્ષ સ્થાનેથી કરવામાં આવ્યો, જ્યારે ખારગેટ પાસેની એક જગ્યા લીઝથી ફાળવવાનો ઠરાવ પેન્ડિંગ રખાયો હતો.કોંગ્રેસના કેટલાક નગરસેવકોમાં આ વોકઆઉટને લઈને નારાજગીની ચર્ચા છે. વારંવારના વોકઆઉટથી પ્રજાના પ્રશ્નોની ચર્ચા વગર ઠરાવો મંજૂર થતાં ભાજપને ફાયદો થતો હોવાનું જણાય છે.સૌથી ગંભીર બાબત એ છે કે, સતત બીજી સાધારણ સભા પ્રજાના પ્રશ્નોની ચર્ચા વગર પૂર્ણ થઈ છે. મહાપાલિકાની સભામાં હાજર રહેનાર તમામ ૫૨ નગરસેવકોને ૫૦૦ નું મહેનતાણું ચૂકવવામાં આવે છે, જેનો કુલ ખર્ચ ૨૬,૦૦૦ થાય છે. ચર્ચા વગર સભા પૂર્ણ થતાં પ્રજાના ટેક્સના પૈસાનો બગાડ થાય છે, જે ગંભીર બાબત છે અને જાગૃત નાગરિકોમાં આ અંગે ચર્ચા થઈ રહી છે.

---

### નડિયાદના એડિ. જ્યુડિ. મેજિ.નો ચુકાદો

## ચેક રિટર્ન કેસમાં નડિયાદ મનપાના દબાણ અધિકારીને એક વર્ષની કેદ

નડિયાદ : નડિયાદની કોર્ટે ચેક રિટર્ન કેસમાં નડિયાદ મહાનગરપાલિકામાં દબાણ વિભાગના અધિકારીને એક વર્ષની સાદી કેદની સજા ફટકારી છે. તેમજ એક મહિનામાં વ્યાજ સાથે રકમ ચૂકવવા આદેશ કરાયો છે. જો તેમ કરવામાં આરોપી નિષ્ફળ જશે તો વધુ ૬ માસની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવ્યો છે.

નડિયાદ ફાયર બ્રિગેડના ક્વાર્ટર્સમાં રહેતા રાકેશભાઈ શર્માએ દિકરાના લગ્ન માટે પૈસાની જરૂર પડતા જીતેન્દ્રકુમાર હરિભાઈ ભટ્ટ પાસેથી રૂ. ૧,૬૪,૦૦૦ની લોન લીધી હતી. રાકેશ શર્માએ આ લોનની રકમ ૩૦ દિવસમાં પરત કરવાની બાહેંધરી આપી હતી. જોકે, લોનના પેટે આપેલો ચેક રિટર્ન થતાં જીતેન્દ્રકુમાર બ્રહ્મભટ્ટે તેમને કાયદેસરની નોટિસ મોકલી હતી. આમ છતાં, લીધેલી લોનના નાણાં પરત ન કરતા જીતેન્દ્રકુમારે નડિયાદની કોર્ટમાં ચેક રિટર્ન થયા અંગે કેસ દાખલ કર્યો હતો.

આ અંગેનો કેસ નડિયાદની કોર્ટમાં ચાલી જતા એડિશનલ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ દ્વારા આરોપીને એક મહિનાની અંદર વ્યાજ સાથે રૂ. ૧,૮૦,૦૦૦ રૂપિયા ચૂકવી આપવા તેમજ ૧ વર્ષની સાદી કેદની સજાનો હુકમ કર્યો હતો. તેમજ આરોપી આ રકમ ચૂકવવામાં નિષ્ફળ જશે તો તેને વધુ ૬ માસની સાદી કેદની સજા ભોગવવી પડશે તેવો આદેશ કર્યો હતો. આ કેસના આરોપી રાકેશ શર્મા નડિયાદ મહાનગરપાલિકામાં દબાણ વિભાગના અધિકારી છે.

સક્રિય ગ્રાહકો જોડવામાં જિયો એરટેલ કરતાં ત્રણ ગણું આગળ એક્ટિવ યુઝર્સ ફાઈબર માં પણ આગેકૂચ

# ભારતીય ટેલિકોમ રેસમાં જિયો સૌથી આગળ રિલાયન્સ જિયો વૃદ્ધિ ઓક્ટોબર ૨૦૨૫ માં ટોચ પર

નવી દિલ્હી : ટેલિકોમ રેગ્યુલેટરી ઓથોરિટી ઓફ ઈન્ડિયા (TRAI) દ્વારા જાહેર કરવામાં આવેલા તાજા આંકડાઓ અનુસાર, રિલાયન્સ જિયોએ ઓક્ટોબર ૨૦૨૫ માં દેશના ટેલિકોમ બજારમાં તેની અગ્રેસરતા વધુ મજબૂત કરી છે. મુખ્ય મોબાઈલ અને બ્રોડબેન્ડ શ્રેણીઓમાં અન્ય કોઈપણ ઓપરેટર કરતાં વધુ ગ્રાહકો ઉમેરીને, રિલાયન્સ જિયો વૃદ્ધિ ઓક્ટોબર ૨૦૨૫ માં ટોચ પર રહી છે. આ આંકડાઓ દર્શાવે છે કે જિયો તેના નજીકના પ્રતિસ્પર્ધી ભારતી એરટેલ પરની સરસાઈ સતત વધારી રહ્યું છે. TRAI ના ડેટા મુજબ, જિયોએ ઓક્ટોબર ૨૦૨૫ માં સૌથી વધુ સક્રિય મોબાઈલ ગ્રાહકો ઉમેરીને વાયરલેસ બજારમાં પોતાનું સ્થાન મજબૂત કર્યું છે. જિયોના નેટ એડિશન એરટેલ કરતાં ૧.૬ ગણા વધારે રહ્યા.કંપનીનો બજાર હિસ્સો વધીને ૪૧.૪ ટકા પર પહોંચી ગયો છે, જે છેલ્લા એક વર્ષમાં ૧૩૭ બેસિસ પોઈન્ટનો ઉછાળો સૂચવે છે. જિયોએ ઓક્ટોબરમાં ૩.૯ મિલિયન સક્રિય ગ્રાહકો ઉમેર્યા હતા. રસપ્રદ વાત એ છે કે, આ સંખ્યા જુલાઈ ૨૦૨૫ થી પાછલા ત્રણ મહિનામાં એરટેલના કુલ ઉમેરા કરતાં ત્રણ ગણી વધુ હતી, જે સક્રિય ગ્રાહકોને જોડવામાં જિયોની તાકાત દર્શાવે છે.કુલ સક્રિય યુઝર્સ: ઓક્ટોબર મહિનામાં પીક વિઝિટર લોકેશન રજિસ્ટર (VLR) ના આધારે માપવામાં આવેલા સક્રિય વાયરલેસ મોબાઈલ ગ્રાહકોની સંખ્યા ૧,૦૯૪.૨૮ મિલિયન રહી હતી.એક્ટિવ યુઝર્સ ફાઈબર (Active Users Fiber) સેગમેન્ટમાં પણ જિયો આગળ રહ્યું છે. વાયરલાઈન શ્રેણીમાં 5G FWA, FTTH, SIP અને UBR કનેક્શન્સનો સમાવેશ થાય છે. જિયોએ તેના નજીકના પ્રતિસ્પર્ધી કરતાં લગભગ ચાર ગણા વધુ વાયરલાઈન ગ્રાહકો ઉમેર્યા હતા.જિયોની આ વૃદ્ધિ મુખ્યત્વે તેની AirFiber સેવા દ્વારા સંચાલિત છે, જ્યાં કંપનીએ તેના નજીકના પ્રતિસ્પર્ધી દ્વારા ઉમેરવામાં આવેલા ફિક્સ્ડ વાયરલેસ એક્સેસ (FWA) ગ્રાહકો કરતાં ત્રણ ગણા વધુ ઉમેર્યા છે. ઓક્ટોબર ૨૦૨૫ ના આંકડા દર્શાવે છે કે જિયો પાસે ૭.૩૯ મિલિયન 5G FWA ગ્રાહકો હતા, જ્યારે એરટેલ પાસે ૨.૫૧ મિલિયન હતા. વાયરલેસ બ્રોડબેન્ડ માર્કેટ શેર (Wireless Broadband Market Share) માં પણ જિયોએ અન્ય કંપનીઓને પાછળ છોડી દીધી છે. ઓક્ટોબરમાં જિયોએ સૌથી વધુ નેટ એડિશન નોંધાવ્યા હતા. બ્રોડબેન્ડ ગ્રાહકોની કુલ સંખ્યા સપ્ટેમ્બર ૨૦૨૫ ના અંતે ૯૯૫.૬૩ મિલિયનથી વધીને ઓક્ટોબરના અંતે ૯૯૯.૮૧ મિલિયન થઈ હતી. કંપનીનું આ મજબૂત પ્રદર્શન સૂચવે છે કે રિલાયન્સ જિયો વૃદ્ધિ ઓક્ટોબર ૨૦૨૫ માં દરેક મુખ્ય સેગમેન્ટમાં જળવાઈ રહી છે.

### ટોચના વાયરલેસ બ્રોડબેન્ડ સેવા પ્રદાતાઓની યાદી (ઓક્ટોબર ૨૦૨૫)

- જિયો: ૪૯૪.૯૩ મિલિયન
- એરટેલ: ૩૦૨.૬૨ મિલિયન
- વોડાફોન આઇડિયા: ૧૨૭.૨૨ મિલિયન
- ભારત સંચાર નિગમ લિમિટેડ (BSNL): ૨૯.૯૬ મિલિયન

## આક્રમક યુએસ ટેરિફથી ભારતની નિકાસમાં ૨૮.૫ ટકાનો મોટો ઘટાડો

નવી દિલ્હી : ભારતનું સૌથી મોટું નિકાસ બજાર ગણાતા અમેરિકામાં ભારતની નિકાસને આક્રમક ટેરિફ વધારાને કારણે મોટો ફટકો પડ્યો છે. વેપાર-કેન્દ્રિત થિંક-ટેન્ક ગ્લોબલ ટ્રેડ રિસર્ચ ઈનિશિયેટિવ (જીટીઆરઆઈ) અનુસાર, મે અને ઓક્ટોબર ૨૦૨૫ વચ્ચે ભારતની નિકાસમાં ૨૮.૫ ટકાનો તીવ્ર ઘટાડો નોંધાયો છે, જે ૮.૮૩ અબજ ડોલરથી ઘટીને ૬.૩૧ અબજ ડોલર થઈ ગઈ છે. જીટીઆરઆઈના અહેવાલ મુજબ, આ ટેરિફ વધારાના કારણે ભારતીય માલ હવે અમેરિકાના અન્ય કોઈપણ વેપારી ભાગીદાર કરતાં સૌથી વધુ ઊંચો કરનો બોજ સહન કરી રહ્યો છે.અમેરિકા દ્વારા ડ્યૂટીમાં વધારો ઝડપથી થયો હતો. ૨ એપ્રિલના રોજ ૧૦ ટકાથી શરૂ થયેલો આ વધારો ૭ ઓગસ્ટના રોજ ૨૫ ટકા થયો અને ઓગસ્ટના અંત સુધીમાં ૫૦ ટકા સુધી પહોંચી ગયો.અન્ય દેશો સાથે તુલના: ભારતીય માલ પર ૫૦ ટકાનો ટેરિફ લાદવામાં આવ્યો છે, જ્યારે ચીન આશરે ૩૦ ટકા અને જાપાન ૧૫ ટકા ટેરિફનો સામનો કરી રહ્યું છે.

## સંરક્ષણ સ્ટાર્ટઅપ્સને વીસી ફંડ નહીં પરંતુ ખાતરીપૂર્વકના ઓર્ડર આપો

નવી દિલ્હી : ભારતના સંરક્ષણ ક્ષેત્રમાં વિકાસ માટે સરકારી સમર્થન ધરાવતા વેન્ચર કેપિટલ (વીસી) ફંડની કોઈ જરૂર નથી. આ સ્પષ્ટ અભિપ્રાય દેશના સંરક્ષણ સચિવ રાજેશ કુમાર સિંહે આપ્યો છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું છે કે સંરક્ષણ ઉત્પાદન ક્ષેત્રમાં ખાનગી રોકાણ ખેંચવા માટે માત્ર ખાતરીપૂર્વકના સરકારી ઓર્ડર અને ઝડપી કરાર મંજૂરીઓ પૂરતી છે. શુક્રવારે એએનઆઈની પ્રથમ રાષ્ટ્રીય સુરક્ષા સમિટમાં બોલતા સિંહે કહ્યું કે સંરક્ષણ ક્ષેત્રના વિકાસનો વાસ્તવિક ચાલક બળ સરકારી વીસી પહેલ નહીં, પરંતુ સમયસર ઓર્ડર અને કાર્યક્ષમ ખરીદી પ્રક્રિયાઓ છે.સંરક્ષણ સચિવ રાજેશ કુમાર સિંહે જણાવ્યું હતું કે સંરક્ષણ સ્ટાર્ટઅપ અથવા સંરક્ષણ એમએસએમઈ (MSME) માટે ભંડોળ ખરેખર તેમની ઓર્ડર બુક પર આધારિત છે.સિંહે સ્પષ્ટતા કરી કે જો સરકાર તેમને નિયમિતપણે ઓર્ડર આપશે, તો તેમને ભંડોળ મેળવવામાં કોઈ મુશ્કેલી પડશે નહીં. તેમના મતે, ઓર્ડર, ઝડપી કરાર હસ્તાક્ષર અને ખરીદી પ્રક્રિયાનું સંયોજન આ ક્ષેત્રમાં મૂડી આકર્ષવા માટે પૂરતું છે.જોકે તેમણે સંરક્ષણ માટે સરકારી વીસી ફંડની શક્યતાને સંપૂર્ણપણે નકારી નહોતી, પરંતુ સૂચવ્યું કે આવું પગલું માત્ર પૂરક બની શકે. સિંહે ભારપૂર્વક જણાવ્યું કે અમેરિકાની સીઆઈએ દ્વારા ભંડોળ પ્રાપ્ત વીસી ફર્મ 'ઈન-ક્યુ-ટેલ' (In-Q-Tel) જેવા વ્યૂહાત્મક વીસી ફંડની ભારતને ખાસ જરૂર નથી.

# News Brief

## ક્રેડિટ કાર્ડ પેમેન્ટથી બીજાનું બિલ ભરનારાઓ સામે આઈટીની તવાઈ




અમદાવાદ : રીવોર્ડ પોઈન્ટ્સ અને કેશબેકની લાલચમાં પોતાના ક્રેડિટ કાર્ડનો ઉપયોગ કરીને અન્ય વ્યક્તિઓ અથવા ત્રીજા પક્ષના ખર્ચના ચૂકવણાં કરનારા કરદાતાઓ માટે ગંભીર સમાચાર છે. ઈન્કમટેક્સ વિભાગે આવા લોકો સામે તવાઈ બોલાવી છે અને ધડાધડ નોટિસો ફટકારવાનું શરૂ કર્યું છે. જે કરદાતાઓએ પોતાના ક્રેડિટ કાર્ડના મોટા વ્યવહારોને આવકવેરાના રિટર્નમાં દર્શાવ્યા નથી, તેમના આ ખર્ચાઓને આવકવેરા ખાતું 'જાહેર ન કરેલી આવક' ગણીને કાર્યવાહી કરી રહ્યું છે. જેની આવક કરતાં ક્રેડિટ કાર્ડનો ખર્ચ વધી જાય છે, તેવા કિસ્સાઓમાં નોટિસ આપવામાં આવી રહી છે. આવકવેરાની મજબૂત મોનિટરિંગ સિસ્ટમવર્તમાન સમયમાં આવકવેરા વિભાગની નાણાકીય વ્યવહારો પકડી પાડવાની સિસ્ટમ, ખાસ કરીને એન્યુઅલ ઈન્ફોર્મેશન સિસ્ટમ ખૂબ જ મજબૂત બની ગઈ છે.

## ભારતીય મસાલા ઉદ્યોગની હવે રશિયા અને આફ્રિકાના નવા બજારો પર નજર

અમદાવાદ : ભારતીય મસાલા નિકાસકારો ભવિષ્યના જોખમોને ટાળવા માટે રશિયા અને આફ્રિકામાં નવા બજારો શોધી રહ્યા છે. વર્લ્ડ સ્પાઈસ ઓર્ગેનાઈઝેશને જણાવ્યું હતું કે, વર્તમાન પરિસ્થિતિને જોતાં, ભારત માટે ફક્ત એક કે બે બજારોથી આગળ વિસ્તરણ અને વિસ્તરણ કરવું અનિવાર્ય બની ગયું છે. હાલમાં, ભારતનું બજાર યુએસ અને ચીનમાં કેન્દ્રિત છે. તેથી, ભારત માટે રશિયા, આફ્રિકા અને દક્ષિણપૂર્વ એશિયા જેવા અન્ય બજારોની શોધખોળ કરવી જરૂરી બની ગઈ છે. વાણિજ્ય મંત્રાલયના ડેટા અનુસાર, ઓક્ટોબરમાં ભારતની મસાલા નિકાસ આશરે ૩,૨૧૦.૭ મિલિયન ડોલર હતી, જે ગયા વર્ષના સમાન સમયગાળાની તુલનામાં ૧૫.૮૧ ટકાનો ઘટાડો છે. એપ્રિલથી ઓક્ટોબર ૨૦૨૫ દરમિયાન ભારતની મસાલા નિકાસ ૨૪,૬૭૯.૭ મિલિયન ડોલર હતી, જે ગયા વર્ષના સમાન સમયગાળાની તુલનામાં ૦.૧૦ ટકાનો ઘટાડો છે.દક્ષિણપૂર્વ એશિયા મસાલા અને સીઝનીંગ માટે એક મોટું બજાર છે, પરંતુ વૈશ્વિક સીઝનીંગ સેગમેન્ટમાં ભારતનો હિસ્સો ખૂબ જ ઓછો છે, જે ૦.૬ બિલિયન ડોલર થી ૧૪.૨ બિલિયન ડોલર સુધીનો છે.વેપાર સૂત્રોના જણાવ્યા અનુસાર, છેલ્લા ૧૦ વર્ષોમાં ભારતની મસાલા નિકાસમાં ભારે વધારો થયો છે. નાણાકીય વર્ષ ૨૫ માં, ભારતે રૂ. ૪૦,૦૦૦ કરોડ, લગભગ ૪.૭ બિલિયન ડોલરની રેકોર્ડ ઊંચી નિકાસ કરી હતી. અમેરિકા ઉપરાંત, ચીન ભારતનું સૌથી મોટું બજાર છે. કુલ નિકાસમાં એકલા અમેરિકાનો હિસ્સો ૧૫-૧૬ ટકા છે. ભારત આ બજારોમાં આખા મસાલા અને મૂલ્યવર્ધિત મસાલા (જેમ કે ઓલિઓરેસિન અને ગ્રાઉન્ડ મસાલા) બંનેની નિકાસ કરે છે. ભારત વાર્ષિક આશરે ૧૧૮ મિલિયન ટન મસાલાનું ઉત્પાદન કરે છે, અને દેશમાં મસાલાનું ઉત્પાદન વાર્ષિક આશરે ૩-૪ ટકાના દરે વધી રહ્યું છે.

## નિયમનકારી સંસ્થાને સરકારી માન્યતા માટે ડિજિટલ ગોલ્ડ કંપનીઓની રજૂઆત



મુંબઈ : સિક્યુરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (સેબી)ની આવી પડેલી ચેતવણી બાદ ડિજિટલ ગોલ્ડ કંપનીઓ પોતાની નિયમનકારી સંસ્થા (એસઆરઓ)ની રચના કરવા હિલચાલ ધરાયા બાદ આ કંપનીઓ દ્વારા સૂચિત એસઆરઓને માન્યતા મળે તે માટે પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે અને આ સંદર્ભમાં નાણાં મંત્રાલય સમક્ષ રજૂઆત કરવામાં આવી છે.ડિજિટલ ગોલ્ડનો વેપાર કરતી કંપનીઓએ માત્ર નિયુકત બેન્કો મારફત જ વેપાર કરવાની પણ નાણાં મંત્રાલયને ખાતરી આપી હોવાનું આધારભૂત સુત્રોએ જણાવ્યું હતું. ગ્રાહક દ્વારા ખરીદાયેલા ડિજિટલ ગોલ્ડ જેટલું જ હાજર સોનુ વોલ્ટમાં રખાયું છે કે નહીં તેની પણ પેનલ પર નિશ્ચિત કરાયેલા ઓડિટરો ખાતરી રાખશે એમ નાણાં મંત્રાલય સમક્ષ કરાયેલી રજૂઆતમાં જણાવાયું હતું. દેશમાં ડિજિટલ ગોલ્ડ ઉદ્યોગનું કદ અંદાજે રૂપિયા ૫૫૦૦૦ કરોડ જેટલું છે. ડિજિટલ ગોલ્ડ હાલમાં અનિયંત્રિત ઉદ્યોગ છે એમ જણાવી સેબીએ તાજેતરમાં તેમાં રોકાણ કરતા રોકાણકારોને ચેતવણી આપી હતી.

ઈન્ડિયા યુએસ બીટીએ ફાઈનલ થતાં જ રૂપિયામાં મજબૂતીની શક્યતા

## ભારતીય રૂપિયો અવમૂલ્યન તાત્કાલિક નહીં થાય, મજબૂત ફંડામેન્ટલ્સનો ટેકો: રિપોર્ટ

નવી દિલ્હી : વિવિધ કારણોસર દબાણ હેઠળ રહેલા ભારતીય રૂપિયો અવમૂલ્યન ના જોખમમાંથી બહાર આવી શકે છે. યુનિયન બેંક ઓફ ઈન્ડિયાના એક રિપોર્ટ અનુસાર, નજીકના ગાળામાં રૂપિયામાં મોટું અવમૂલ્યન થવાની શક્યતા નથી, કારણ કે આ વર્ષે રૂપિયો પહેલેથી જ લગભગ ૪% નબળો પડી ચૂક્યો છે. તાજેતરમાં, યુએસ ડોલર સામે ભારતીય રૂપિયો અવમૂલ્યન ની આસપાસ ૮૯.૪૫૭૫ પર બંધ થયો હતો, જે લગભગ એક અઠવાડિયા પહેલા નોંધાયેલા ૮૯.૪૯ના રેકોર્ડ નીચા સ્તરની નજીક હતો.રૂપિયો હાલમાં સ્થાનિક મજબૂતી અને યુએસ ટેરિફ, સતત મૂડી પ્રવાહ અને વર્તમાન ખાતાની ખાધ (CAD) માં સંભવિત વધારો જેવા બાહ્ય પડકારોના મિશ્રણ હેઠળ ટાઈટ રેન્જમાં ટ્રેડ થઈ રહ્યો છે.FII આઉટફ્લો $૧૪ બિલિયનથી વધી ગયો છે, યુએસ ડોલરની મજબૂતી અને ઈન્ડિયા યુએસ બીટીએ - દ્વિપક્ષીય વેપાર સમજૂતી) ના પ્રથમ હપ્તામાં વિલંબ રૂપિયા પર ભાર મૂકી રહ્યા છે.રિપોર્ટ મુજબ, ફુગાવામાં રાહત અને GST સંબંધિત સુધારાઓ ભારતીય ચલણને થોડો ટેકો આપી રહ્યા છે.તકનીકી અને રાજકીય આગાહી યુનિયન બેંક ઓફ ઈન્ડિયાના રિપોર્ટમાં અનુમાન છે કે ડિસેમ્બરના અંત સુધી રૂપિયો ૮૮.૮૦-૮૯.૫૦ની રેન્જ માં બાઉન્ડ રહેશે.મજબૂતીની શક્યતા: જો સ્થાનિક ઈક્વિટી પ્રવાહ સતત રહે અથવા ઈન્ડિયા યુએસ બીટીએ પર નક્કર પ્રગતિ થાય, તો રૂપિયો ૮૮.૮૦/ડૉલરને કી સપોર્ટ તરીકે રાખીને ૮૮.૫૦/ડૉલર તરફ મજબૂત થઈ શકે છે.

ફ્લાઈટ કેન્સલેશન નહીં, ૬0% એરબસ ફ્લીટમાં અપડેટનું કામ પૂર્ણ

## ફ્લાઈટ કેન્સલેશન નહીં, માત્ર નજીવો વિલંબ ઈન્ડિગો એરબસ સોફ્ટવેર ખામી પર સક્રિય




નવી દિલ્હી : પ્રખ્યાત એરલાઈન કંપની ઈન્ડિગો (IndiGo) એ આજે જાહેરાત કરી છે કે એરબસના સોફ્ટવેર અપડેટને લગતી સમસ્યાને કારણે તેની કોઈ પણ ફ્લાઈટ રદ્દ કરવામાં આવી નથી. જોકે, કેટલાક વિમાનોમાં નજીવો વિલંબ નોંધાયો છે. ઈન્ડિગોના સૂત્રોના જણાવ્યા અનુસાર, ઈન્ડિગો એરબસ સોફ્ટવેર ખામી (IndiGo Airbus Software Khaami) ને કારણે ફ્લાઈટમાં મહત્તમ ૩૦ મિનિટનો વિલંબ થયો છે. રાહતની વાત એ છે કે ઈન્ડિગોના ૬૦% વિમાનમાં એરબસની જરૂરિયાત મુજબનું અપડેટ પહેલેથી જ પૂર્ણ કરી દેવામાં આવ્યું છે. ઈન્ડિગોના પ્રવક્તાએ જણાવ્યું હતું કે, "અમને અમારા મોટાભાગના ફ્લીટના નિર્માતા એરબસ દ્વારા જારી કરાયેલી નોટિફિકેશન વિશે જાણ છે. અમે એરબસના નિર્દેશ મુજબ અમલીકરણ સુનિશ્ચિત કરવા માટે નજીકથી કામ કરી રહ્યા છીએ."કંપનીએ X (અગાઉ ટ્વિટર) પર એક પોસ્ટમાં પણ સ્પષ્ટ કર્યું કે, 'સલામતી પ્રથમ આવે છે... એરબસે વૈશ્વિક A320 ફ્લીટ માટે ટેક્નિકલ એડવાઈઝરી જારી કરી છે. અમે સંપૂર્ણ ખંત અને કાળજી સાથે, તમામ સુરક્ષા પ્રોટોકોલ્સને અનુરૂપ, અમારા વિમાન પર ફરજિયાત અપડેટ્સ સક્રિયપણે પૂર્ણ કરી રહ્યા છીએ."

## હલકી ગુણવત્તાનું ઘી વેચવા બદલ પતંજલિને કોર્ટે ૧.૪૦ લાખનો દંડ ફટકાર્યો

નવી દિલ્હી : યોગ ગુરુ બાબા રામદેવની અગ્રણી કંપની પતંજલિ આયુર્વેદ લિમિટેડ પર હલકી ગુણવત્તાનું ગાયનું ઘી વેચવાનો ગંભીર આરોપ લાગ્યો છે. ઉત્તરાખંડના પિથોરાગઢમાં આવેલી અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ (ADM) કોર્ટે ઘીના નમૂના રાજ્ય અને કેન્દ્રીય પ્રયોગશાળામાં નિષ્ફળ ગયા બાદ કંપની, હોલસેલર અને રિટેલર પર કુલ ૧.૪૦ લાખનો દંડ ફટકાર્યો છે. જોકે, પતંજલિએ આ આદેશને ખામીવાળો અને કાયદા વિરુદ્ધ ગણાવીને પોતાની સ્પષ્ટતા રજૂ કરી છે અને કાયદાકીય લડત આગળ વધારવાનો સંકેત આપ્યો છે. પિથોરાગઢની એડીએમ કોર્ટે ૧૯ નવેમ્બર, ૨૦૨૫ના રોજ આ ચુકાદો આપ્યો હતો. સહાયક ખાદ્ય સુરક્ષા કમિશનર આર.કે. શર્માના જણાવ્યા મુજબ, ખાદ્ય સુરક્ષા અધિનિયમની કલમ ૪૬/૪ હેઠળ કેસ દાખલ કરવામાં આવ્યો હતો. પતંજલિ ઘીના નિર્માતા (કંપની) પર ૧.૨૫ લાખ અને હોલસેલર-રિટેલર પર સંયુક્ત રીતે ૧૫,૦૦૦નો દંડ ફટકારવામાં આવ્યો છે, જે કુલ ૧.૪૦ લાખ થાય છે.

કમ્પ્લાયન્સ બોજમાં ઘટાડો કરવા RBIનું મહત્ત્વપૂર્ણ પગલું

## ઐતિહાસિક સુધારો: RBI માસ્ટર ડાયરેક્શન જારી, ૯૦૦૦થી વધુ સર્ક્યુલરનું એકીકરણ



મુંબઈ : ભારતીય રિઝર્વ બેંક (RBI) એ નિયમનકારી માળખામાં એક મોટો અને મહત્ત્વપૂર્ણ ફેરફાર કર્યો છે. કેન્દ્રીય બેંકે હજારો સર્ક્યુલર અને માર્ગદર્શિકાઓનું એકીકરણ કરીને ૨૪૪ માસ્ટર ડાયરેક્શન્સ જારી કર્યા છે, જે બેંકો અને અન્ય નિયમનકારી સંસ્થાઓ (Regulated Entities - REs) માટે કમ્પ્લાયન્સ બોજમાં ઘટાડો કરવાનો હેતુ ધરાવે છે.RBI ના જણાવ્યા અનુસાર, આ પગલું નિયમનકારી સંચારમાં 'પેરાડાઈમ શિફ્ટ' (મૂળભૂત પરિવર્તન) દર્શાવે છે. આ વ્યાપક કવાયતમાં નિયમન વિભાગ દ્વારા સંચાલિત ૯૦૦૦ થી વધુ હાલના સર્ક્યુલર અને માર્ગદર્શિકાઓનું એકીકરણ કરીને ૨૩૮ કાર્ય-આધારિત માસ્ટર ડાયરેક્શન્સ (MDs) તૈયાર કરવામાં આવ્યા છે, જે દરેક નિયમનકારી સંસ્થા માટે વિશિષ્ટ છે.આ નવા RBI માસ્ટર ડાયરેક્શન (RBI Master Direction) ને ૧૧ પ્રકારની નિયમનકારી સંસ્થાઓ માટે અલગથી જારી કરવામાં આવ્યા છે અને વિવિધ નિયમનકારી ક્ષેત્રોમાં સુસંગત રીતે ગોઠવવામાં આવ્યા છે. NABARD સાથે પરામર્શ કરીને RRBs અને સહકારી બેંકો માટે NABARD દ્વારા જારી કરાયેલા નિર્દેશોનું પણ એકીકરણ કરવામાં આવ્યું છે.આ MDsના ડ્રાફ્ટ ૧૦ ઓક્ટોબર, ૨૦૨૫ના રોજ જાહેર ટિપ્પણીઓ માટે RBIની વેબસાઈટ પર મૂકવામાં આવ્યા હતા, જેના પર વિવિધ હિસ્સેદારો તરફથી ૭૭૦થી વધુ ટિપ્પણીઓ મળી હતી. જોકે, નિયમનકારી ફેરફારો સંબંધિત સૂચનોને એકીકરણના કાર્યક્ષેત્રની બહાર હોવાથી ધ્યાનમાં લેવામાં આવ્યા નથી.

## બોન્ડ થકી મૂડી એકત્રીકરણ ધીમું પડયું

અમદાવાદ : સ્મોલ ઈન્ડસ્ટ્રીઝ ડેવલપમેન્ટ બેંક ઓફ ઈન્ડિયા (સીડબી), પાવર ફાઈનાન્સ કોર્પોરેશન, એક્સિસ બેંક અને સુંદરમ ફાઈનાન્સે સ્થાનિક સિક્યોરિટીઝ માર્કેટમાંથી આશરે રૂ. ૧૪,૫૦૦ કરોડ એકત્ર કર્યા છે, જ્યારે બોન્ડ જારી કરવાની અપેક્ષા લગભગ રૂ. ૨૫,૦૦૦ કરોડ હતી. પાવર ફાઈનાન્સ અને નેશનલ બેંક ફોર એગ્રીકલ્ચર એન્ડ રૂરલ ડેવલપમેન્ટે (નાબાર્ડ) તેમના ટૂંકા ગાળાના ઈશ્યૂ પાછી ખેંચી લીધા હોવાથી બોન્ડ થકી મૂડી એકત્રીકરણ ધીમું પડ્યું છે. નાણાકીય નીતિ સમિતિ આગામી મહિનાની બેઠકમાં રેપો રેટમાં ઘટાડો કરે તેવી અપેક્ષા છે, જેનાથી ટૂંકા ગાળાના બોન્ડ વ્યાજ દરમાં ઘટાડો થઈ શકે છે. તેથી, કંપનીઓ માટે પછીથી મૂડી એકત્ર કરવી વધુ ફાયદાકારક બની શકે છે.રિઝર્વ બેંકના ગવર્નર સંજય મલ્હોત્રાએ જણાવ્યું હતું કે વધુ દર ઘટાડાનો અવકાશ ઓછો થયો નથી. ગવર્નરના નિવેદન બાદ, ૧૦-વર્ષના બેન્ચમાર્ક સરકારી બોન્ડ પર ઉપજ ઘટી છે. તેમની ટિપ્પણીઓ છ સભ્યોની નાણાકીય નીતિ સમિતિની ૩ ડિસેમ્બરે શરૂ થનારી બેઠકના એક અઠવાડિયા પહેલા આવી હતી.

ટેક્સના હિસ્સામાં મોટો વધારો રાજ્યોને ઊંચું ફંડ ટ્રાન્સફર , ₹૮.૩૪ લાખ કરોડથી વધુ ફાળવાયા

## નાણા મંત્રાલયનો માસિક અહેવાલ કેન્દ્ર સરકારની આવક ખર્ચ ઓક્ટોબર ૨૦૨૫ માં સ્થિર આવક વૃદ્ધિ

નવી દિલ્હી : કેન્દ્ર સરકારની નાણાકીય નીતિ અને રાજકોષીય વ્યવસ્થાપનનો તાગ આપતા મહત્ત્વપૂર્ણ સમાચાર સામે આવ્યા છે. નાણાં મંત્રાલય દ્વારા શુક્રવારે જાહેર કરાયેલા ચાલુ નાણાકીય વર્ષ ઓક્ટોબર ૨૦૨૫ સુધીના એકીકૃત માસિક અહેવાલમાં મહેસૂલ સંગ્રહમાં સ્થિર વૃદ્ધિ અને રાજ્યોને ફંડ ટ્રાન્સફરના દરમાં નોંધપાત્ર વધારો જોવા મળ્યો છે. આ આંકડાઓ રાજકોષીય લક્ષ્યાંકોની સમાંતર ચાલતી સરકારની આર્થિક કામગીરીને પ્રતિબિંબિત કરે છે.આવકનું મજબૂત ચિત્રકેન્દ્ર સરકારની આવક ખર્ચ ઓક્ટોબર ૨૦૨૫ સુધીમાં કુલ ૧૮,૦૦,૪૭૫ કરોડની આવક થઈ છે, જે નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ ના કુલ બજેટ અંદાજ (BE) ના ૫૧.૫ ટકા બજેટ આવક (51.5 Taka Budget Aavak) જેટલી છે. કુલ આવક વિભાજન:કર મહેસૂલ (કેન્દ્રને ચોખ્ખી): ૧૨,૭૪,૩૦૧ કરોડબિન-કર મહેસૂલ: ૪,૮૯,૦૭૯ કરોડબિન-દેવા મૂડીની આવક: ૩૭,૦૯૫ કરોડઆ આવકનો સ્થિર પ્રવાહ દર્શાવે છે કે સરકાર કર અને અન્ય સ્રોતોમાંથી મહેસૂલ એકત્ર કરવામાં સફળ રહી છે, જેનાથી તેની નાણાકીય સ્થિતિ મજબૂત બની છે.રાજ્યોને ઊંચું ફંડ ટ્રાન્સફરકેન્દ્ર સરકાર દ્વારા કરના હિસ્સા તરીકે રાજ્ય સરકારોને ૮,૩૪,૯૫૭ કરોડ ટ્રાન્સફર કરવામાં આવ્યા છે. આ આંકડો ગયા વર્ષના સમાન સમયગાળામાં ટ્રાન્સફર કરાયેલી રકમ કરતાં ૧,૧૧,૯૮૧ કરોડ વધુ છે. આ વધારો રાજ્યોને ઊંચું ફંડ ટ્રાન્સફર (Rajyon ne Unchu Fund Transfer) કરવાની પ્રતિબદ્ધતા દર્શાવે છે, જે રાજ્ય સ્તરના વિકાસ ખર્ચ અને નાણાકીય જરૂરિયાતોને ટેકો પૂરો પાડે છે.ખર્ચની પેટર્ન અને મૂડી ખર્ચ પર ભારઓક્ટોબર ૨૦૨૫ સુધીમાં કેન્દ્ર સરકારનો કુલ ખર્ચ ૨૬,૨૫,૬૧૯ કરોડ રહ્યો છે, જે ચાલુ નાણાકીય વર્ષના કુલ બજેટ અંદાજના ૫૧.૮ ટકા જેટલો છે.ખર્ચનો પ્રકારરકમ (કરોડમાં)ટકાવારી (લગભગ) મહેસૂલી ખર્ચ૨૦,૦૭,૮૭૬૭૬.૪%મૂડી ખર્ચ ૬,૧૭,૭૪૩૨૩.૬%મહત્ત્વનો ખર્ચ: કુલ મહેસૂલી ખર્ચમાં વ્યાજની ચૂકવણીનો હિસ્સો ૬,૭૩,૭૧૫ કરોડ છે, જ્યારે મુખ્ય સબસિડી પાછળ ૨,૪૬,૫૭૫ કરોડનો ખર્ચ થયો છે.ખર્ચના આ આંકડા સૂચવે છે કે સરકાર પુનરાવર્તિત ખર્ચાઓ (જેમ કે વ્યાજ અને સબસિડી) નું વ્યવસ્થાપન કરવા સાથે, માળખાકીય સુવિધાઓના નિર્માણ અને જાહેર મૂડી નિર્માણ પર સતત ધ્યાન કેન્દ્રિત કરી રહી છે. આ પેટર્ન દ્વારા સ્પષ્ટ થાય છે કે કેન્દ્ર સરકારની આવક ખર્ચ ઓક્ટોબર ૨૦૨૫ માં નીતિગત લક્ષ્યાંકો સાથે સુસંગત રહી છે.

સ્વચ્છતા અને આરોગ્યની ચિંતાઓ દૂર કરો

## ભારતે વૈશ્વિક પ્રવાસન કેન્દ્ર બનવા ટેક્નોલોજી, સ્પષ્ટ સંદેશા અને સીમા પાર ગતિશીલતા પર ધ્યાન કેન્દ્રિત કરવું પડશે

નવી દિલ્હી : સંયુક્ત રાષ્ટ્ર પ્રવાસન સચિવના પૂર્વ વિશેષ સલાહકાર અને સાઉદી પ્રવાસન ઓથોરિટીના પૂર્વ CEOના વિશેષ સલાહકાર અનિતા મેન્દિરટ્ટાએ રિયાધમાં TOURISE ગ્લોબલ સમિટ ૨૦૨૫ માં ભારતના પ્રવાસન ભવિષ્ય પર મહત્ત્વપૂર્ણ નિવેદન આપ્યું છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે, ભારતને વૈશ્વિક પ્રવાસન કેન્દ્ર બનાવવા માટે ટેક્નોલોજી, સ્પષ્ટ સંદેશા અને સીમા પાર ગતિશીલતા પર ધ્યાન કેન્દ્રિત કરવું પડશે. વિશ્વભરના પ્રવાસીઓ હવે ડિજિટલ સ્ટોરીટેલિંગ અને ટેક્નોલોજી પર વધુ આધાર રાખે છે, તેથી ભારતે તેનો સમજદારીપૂર્વક ઉપયોગ કરવો જરૂરી છે.મેન્દિરટ્ટાએ સમજાવ્યું કે ટેક્નોલોજીની મદદથી ભારત પ્રવાસીઓની મુખ્ય ચિંતાઓ જેવી કે 'સ્વચ્છતા, આરોગ્ય અને ગતિશીલતાની સરળતા' દૂર કરી શકે છે.

વાસ્તવિક અનુભવો: ટેક્નોલોજી પ્રવાસીઓને તેમના અનુભવો શેર કરવા માટે એક મંચ પૂરો પાડે છે, જેનાથી ગંતવ્ય સ્થાન જીવંત બને તેવી વાસ્તવિક વાર્તાઓનો પ્રભાવ વધે છે.

હૃદયના ધબકારા: તેમણે ઉમેર્યું કે, 'ટેક્નોલોજી માહિતી અને ડેટામાં હૃદયના ધબકારા લાવે છે, જે અન્ય પ્લેટફોર્મ્સ ભાગ્યે જ કરી શકે છે.' ડિજિટલ સાધનો માત્ર ભારતના સ્થળો અને આકર્ષણો જ નહીં, પણ ભારતીય લોકો અને સમુદાયોની હૂંફ પણ દર્શાવી શકે છે.

ભારતના પ્રવાસન ઓળખને 'ભારતની મુલાકાત અત્યારે કેમ લેવી?' તેવા સરળ પ્રશ્ન પર બાંધવી જોઈએ. મેન્દિરટ્ટા માને છે કે ભારતના ઈતિહાસ, તહેવારો અને સુંદરતાએ વૈશ્વિક રસ જગાડ્યો છે, પરંતુ હવે ધ્યાન લોકો તરફ ખસેડવું જોઈએ.'આ અદ્ભુત ભારતીયોને પ્રદર્શિત કરવા વિશે છે,' તેમણે કહ્યું. 'કોઈ આર્કિટેક્ચર, આકર્ષણો કે સ્થાપત્ય જોવા માટે આ સ્વપ્નિલ ગંતવ્ય પર જવાનું નથી, પરંતુ ભારતીયો સાથેનું માનવ જોડાણ એ કોઈપણ મુલાકાતનો સૌથી મહત્ત્વપૂર્ણ અને અધિકૃત ભાગ છે.'તેમણે ભારપૂર્વક જણાવ્યું કે, પ્રવાસનની વૃદ્ધિના કેન્દ્રમાં ટકાઉપણું (Sustainability) હોવું જ જોઈએ. ભારત હંમેશા તેની સંસ્કૃતિ અને પરંપરાઓ દ્વારા ટકાઉપણાનું પાલન કરતું આવ્યું છે, ભલે તે વ્યાખ્યાયિત ન થયું હોય.

સંસ્કૃતિનું રક્ષણ: 'ભારત માટે નિર્ણાયક બાબત એ છે કે તે એવી પહેલો દર્શાવવાનું શરૂ કરે જે સંસ્કૃતિને જીવંત રાખે છે અને પર્યાવરણનું રક્ષણ કરે છે,' તેમણે સમજાવ્યું.નવું પરિમાણ: ટકાઉપણું હવે માત્ર પ્રકૃતિ પૂરતું સીમિત નથી, પરંતુ તેમાં સાંસ્કૃતિક, સામાજિક અને આધ્યાત્મિક પરિમાણોનો પણ સમાવેશ થાય છે, જે જવાબદારીપૂર્વક મુસાફરી કરવાના માર્ગોને વ્યાખ્યાયિત કરે છે.મેન્દિરટ્ટાએ ભારત અને સાઉદી અરેબિયા વચ્ચે પ્રવાસનમાં ગાઢ સહયોગની મોટી સંભાવના જોઈ. તેમણે ભારપૂર્વક કહ્યું કે, આ બધું ગતિશીલતા (Mobility) પર નિર્ભર છે.

## તંત્રીની કલમે...

**વિક્રમ સંવત 2082, માગશર સુદ-૧૦**

# ઝેરી વેપાર પર કડક કાર્યવાહી

આજે, વધતા અને જીવલેણ ડ્રગ્સનો વેપાર ફક્ત પંજાબ અને હરિયાણામાં જ નહીં પરંતુ દેશભરના અન્ય રાજ્યોમાં પણ ગંભીર કટોકટીનો ભય પેદા કરી રહ્યો છે. વિવિધ રાજ્યોમાં ડ્રગ્સના મોટા જથ્થાની દૈનિક જપ્તી આ કટોકટીનું ભયાનક ચિત્ર રજૂ કરે છે. ફક્ત પુખ્ત વયના લોકો જ નહીં, પરંતુ કિશોરો પણ ડ્રગ્સના વ્યસનનો શિકાર બની રહ્યા છે. તેઓ તેમના ડ્રગના વ્યસન માટે ભંડોળ એકત્ર કરવા માટે ગુનાનો આશરો લેતા ડરતા નથી. ગંભીર ગુનાઓના તાજેતરના કિસ્સાઓમાં, કિશોરોએ તેમના ડ્રગ્સ માટે ભંડોળ એકત્ર કરવા માટે ગુના કર્યા હોવાનું સ્વીકાર્યું છે. નકલી દવાઓનો પુરવઠો પણ આવી જ કટોકટીનો સામનો કરી રહ્યો છે. તાજેતરમાં, દેશભરના ઘણા રાજ્યોમાં ઘાતક કફ સિરપ ખાવાથી ઘણા બાળકોએ જીવ ગુમાવ્યા છે. આ તોળાઈ રહેલા કટોકટીને ઓળખીને, સાત રાજ્યોના ડ્રગ કંટ્રોલર્સ, પોલીસ અને CID અધિકારીઓની એક મહત્વપૂર્ણ પરિષદ ચંદીગઢમાં યોજાઈ હતી, જેનો ઉદ્દેશ્ય આ અધિકારીઓને એક જ પ્લેટફોર્મ પર લાવવાનો હતો જેથી કાર્યવાહી વધુ અસરકારક બને. હરિયાણાના ફૂડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશન દ્વારા આ વ્યૂહાત્મક રીતે મહત્વપૂર્ણ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું, જેનો ઉદ્દેશ્ય સરહદી રાજ્યો વચ્ચે વધુ સારા સંકલન, માહિતી શેરિંગ અને ઝડપી અમલીકરણ પદ્ધતિઓ વિકસાવવાનો હતો. દેશમાં પહેલીવાર સાત રાજ્યોએ આ કટોકટીની તીવ્રતાને ઓળખી છે અને આ દિશામાં સંયુક્ત પહેલ કરી છે તે આવકાર્ય છે. ઉલ્લેખનીય છે કે ડ્રગ કંટ્રોલર્સ અને સરહદી રાજ્યો પંજાબ, રાજસ્થાન, હિમાચલ પ્રદેશ, ઉત્તરાખંડ, દિલ્હી, મહારાષ્ટ્ર અને હરિયાણાના વરિષ્ઠ અધિકારીઓ સહિત 70 અધિકારીઓએ આ પહેલમાં ભાગ લીધો હતો. આ અધિકારીઓએ અનુભવો શેર કર્યા હતા અને ભવિષ્ય માટે અસરકારક વ્યૂહરચના અમલમાં મૂકવા પર ચર્ચા કરી હતી. બેઠકમાં સ્વીકારવામાં આવ્યું હતું કે ડ્રગનો વેપાર અને નકલી દવાઓ ફક્ત રાજ્યની સમસ્યા નથી, પરંતુ તે ઘણા રાષ્ટ્રીય મુદ્દાઓ સાથે પણ જોડાયેલી છે. તેમાં કોઈ શંકા નથી કે દેશ માટે ખતરો સાબિત થઈ રહેલા ડ્રગના વેપારને કાબૂમાં લેવાનું રાજ્યોના સંયુક્ત પ્રયાસો દ્વારા જ શક્ય છે. આ હાંસલ કરવા માટે, વિવિધ રાજ્યોના જવાબદાર અધિકારીઓ સમયાંતરે ડેટા શેરિંગ, પારદર્શક સંકલન અને 'એક ટીમ, એક વ્યૂહરચના' પર કામ કરે તે જરૂરી છે. સંબંધિત અધિકારીઓ જવાબદારી અને સંવેદનશીલતા સાથે કામ કરે તે પણ જરૂરી છે. આ બેઠક દરમિયાન, સાત રાજ્યોના અધિકારીઓ ડ્રગના દુરુપયોગ અને નકલી દવાઓને રોકવા માટે સહયોગ કરવા સંમત થયા હતા. આ નવા પડકારનો સામનો કરવા માટે, સાત રાજ્યોના ડ્રગ કંટ્રોલર્સ અને પોલીસ અધિકારીઓ વચ્ચે ખાસ તાલીમ અને માહિતી શેરિંગ પર સંમતિ સધાઈ હતી. નિઃશંકપણે, આ ઝેરી વેપાર ફક્ત સ્થાનિક મુદ્દો નથી પરંતુ વિવિધ રાજ્યો વચ્ચેનો એક સહિયારો પડકાર છે, જેનો સામનો ફક્ત ડેટા શેરિંગ અને પારદર્શક સંકલન દ્વારા જ કરી શકાય છે. આંતરરાષ્ટ્રીય અને આંતરરાજ્ય દાણચોરો સામે લડવા માટે સરહદી રાજ્યોએ સાથે મળીને કામ કરવું ખાસ કરીને મહત્વપૂર્ણ છે. આ જ કારણ છે કે ચંદીગઢમાં યોજાયેલા સેમિનારના તારણો રાજ્ય અને કેન્દ્ર સરકારોને સંયુક્ત રણનીતિ બનાવવા માટે મોકલવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. ખરેખર, પંજાબ અને દેશની દરિયાઈ સરહદોને અડીને આવેલા રાજ્યોમાં તાજેતરમાં માદક દ્રવ્યોના મોટા જથ્થાના જપ્તીએ રાષ્ટ્રીય ચિંતા ઉભી કરી છે. પ્રશ્ન એ પણ ઊભો થાય છે કે જો આટલો મોટો જથ્થો માદક દ્રવ્યોનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો છે, તો તેમાંથી કેટલો જથ્થો દેશમાં છુપાઈને ઘૂસી રહ્યો હશે. પંજાબના સરહદી જિલ્લાઓમાં ડ્રોન દ્વારા સરહદ પાર ડ્રગ્સ અને શસ્ત્રોની દાણચોરીના કિસ્સાઓ સતત નોંધાતા રહ્યા છે. કટોકટીનું બીજું પાસું એ છે કે સરહદી જિલ્લાઓમાં કિશોરોનો ઉપયોગ ડ્રગ્સ સપ્લાય કરવા માટે થઈ રહ્યો છે. પંજાબ સરકાર દ્વારા કરવામાં આવેલા ખાસ ઓપરેશનમાં પણ ડ્રગ્સની નોંધપાત્ર જપ્તી થઈ છે. કાયદાએ બેવડી ભૂમિકા ભજવતા અસંખ્ય દાણચોરો અને પોલીસ કર્મચારીઓને પણ ન્યાય અપાવ્યો છે. જો કે, આ દિશામાં ઘણું કરવાનું બાકી છે.

### દાદાને વૃંદાવનના ખાસ વાઘા અને ૨૦૦ કિલો જામફળનો અન્નકૂટ

# શ્રી કષ્ટભંજનદેવ સાળંગપુર હનુમાનજી મંદિર ભક્તિના રંગે રંગાયું



**પૂજારી સ્વામી દ્વારા મંગળા અને કોઠારી સ્વામી દ્વારા શણગાર આરતી**

નરેન્દ્ર દવે | જૂનાગઢ

સાળંગપુર. સુપ્રસિદ્ધ યાત્રાધામ સાળંગપુર હનુમાનજી મંદિર ખાતે શનિવાર, તા. ૨૯મી નવેમ્બર, ૨૦૨૫ના રોજ શ્રી કષ્ટભંજનદેવ હનુમાનજી દાદાને વિશેષ શણગાર અને અન્નકૂટ અર્પણ કરવામાં આવ્યો હતો, જેના દર્શન માટે શ્રદ્ધાળુઓ મોટી સંખ્યામાં ઉમટી પડ્યા હતા. પરમ પૂજ્ય શાસ્ત્રી સ્વામી હરિપ્રકાશદાસજી (અથાણાવાળા)ની પાવન પ્રેરણાથી આ દિવ્ય આયોજન સંપન્ન થયું હતું, જેના પગલે સમગ્ર ધામ ભક્તિમય માહોલમાં રંગાઈ ગયું હતું.શનિવારનો પવિત્ર દિવસ હોવાથી દાદાના દર્શનનું મહત્ત્વ અનેકગણું વધી જાય છે. આજના દિવસે વહેલી સવારે પૂજારી સ્વામી દ્વારા મંગળા આરતી કરવામાં આવી હતી. ત્યારબાદ, શણગાર આરતી કોઠારીશ્રી વિવેકસાગરદાસજી સ્વામીએ સંપન્ન કરી હતી. આરતી બાદ દાદાને ચાંદીનો મુકુટ પહેરાવવામાં આવ્યો હતો, જે દાદાના અલૌકિક સ્વરૂપમાં વધુ તેજ ઉમેરી રહ્યો હતો. દાદાના આ મનમોહક દર્શનનો લ્હાવો લઈને દરેક ભક્તોએ ધન્યતાની અનુભૂતિ કરી હતી.શ્રી કષ્ટભંજનદેવ હનુમાનજી દાદાને આજના દિવસે ખાસ કરીને વૃંદાવનમાં બનેલા વાઘા પહેરાવવામાં આવ્યા હતા. આ વાઘા સિલ્કના કાપડ પર તૈયાર કરવામાં આવ્યા હતા અને તેમાં સુંદર એમ્બ્રોઈડરી વર્ક સાથે ફૂલની મનમોહક ડિઝાઈન બનાવવામાં આવી હતી. આ દિવ્ય વાઘામાં દાદાનું સ્વરૂપ અત્યંત મનોરમ્ય અને આકર્ષક લાગી રહ્યું હતું.

વાઘાની સાથે સાથે દાદાને સેવંતીના ફૂલોનો સુંદર અને સુગંધિત હાર પણ અર્પણ કરવામાં આવ્યો હતો, જે દાદાના શણગારમાં ચાર ચાંદ લગાવી રહ્યો હતો. દાદાની આ અનોખી અને કલાત્મક સજાવટ જોઈને ભાવિકો ભાવવિભોર થઈ ગયા હતા.

### ઘરમોડા સેઢાલ રોડ પર મેટલ નાખી રોલર ફેરવવાનું ભૂલાયું

# ચાણસ્મામાં રોડના નવિનીકરણના નામે વાહનચાલકો પરેશાન

**ધૂળ અને પથ્થરથી વાહનચાલકોના ટાયરોને નુકસાનની દહેશત**



નિતીન ઠાકર | ચાણસ્મા

વિકાસના નામે થતા કાર્યોમાં કોન્ટ્રાક્ટરની બેદરકારી કેવી રીતે પ્રજાને હેરાનગતિ પહોંચાડી શકે છે, તેનું જીવતું જાગતું ઉદાહરણ ચાણસ્મા તાલુકાના ઘરમોડા-સેઢાલ રોડ પર જોવા મળી રહ્યું છે. હાલમાં માર્ગ અને મકાન વિભાગ દ્વારા ઘરમોડાથી સેઢાલ વાયા ખારી ધારીયાલના રોડ પર રોડના નવિનીકરણની અને નાળા પહોળા કરવાની કામગીરી હાથ ધરવામાં આવી છે. જોકે, આ કામગીરીની અધૂરી અને બેદરકાર રીતને કારણે આ વિસ્તારમાંથી પસાર થતા હજારો વાહનચાલકો પારાવાર મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે.

નિયમ પ્રમાણે, રોડના રિસરફેસિંગ (નવિનીકરણ)ના ભાગરૂપે જૂનો રોડ તોડીને તેના પર મેટલ (પથ્થરની કપચી) પાથરી દેવામાં આવી છે, પરંતુ ઠેકેદાર દ્વારા આ મેટલ નાખ્યા પછી તેને રોલરથી વ્યવસ્થિત દબાવવાની અને પાણીનો છંટકાવ કરવાની મહત્ત્વપૂર્ણ કામગીરીને જાણે ભૂલી જવામાં આવી છે. કોન્ટ્રાક્ટરે ઘરમોડાથી માંડ ૧૦૦ મીટર સુધી જ રોલર ફેરવીને મેટલ દબાવી છે, જ્યારે બાકીના આશરે ૨૦૦ મીટરના રસ્તા પર મોટા, ખૂલ્લા પથરાયેલા મેટલ એમ જ છોડી દેવાયા છે.

### હસ્તેશ્વર સ્કૂલ લીમખેડામાં ભવ્ય કાવ્યગાન સ્પર્ધા યોજાઈ

# ઓમ શાંતિ સંસ્થા દ્વારા બાળકોને જીવનની મહત્ત્વપૂર્ણ શીખ

**ગુજરાતી હિન્દી અંગ્રેજી કવિતાઓનું સુંદર સંકલન**



દિપક રાવલ | દાહોદ

દાહોદ. જ્ઞાન અને સંસ્કારના માર્ગે વિદ્યાર્થીઓને દોરતી લીમખેડાની પ્રતિષ્ઠિત શ્રી હસ્તેશ્વર સ્કૂલ ખાતે તાજેતરમાં એક અત્યંત સફળ અને ભવ્ય કાવ્યગાન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. શાળાના બાળકોએ આ સ્પર્ધામાં ખૂબ જ ઉમંગ અને ઉત્સાહપૂર્વક ભાગ લઈને પોતાની સર્જનાત્મક પ્રતિભાનો પરિચય કરાવ્યો હતો. આ કાર્યક્રમ માત્ર એક સ્પર્ધા નહોતો, પરંતુ વિદ્યાર્થીઓને પોતાની અભિવ્યક્તિ માટે એક મંચ પૂરો પાડવાનો અને તેમની અંદર રહેલી કલાને બહાર લાવવાનો એક ઉત્કૃષ્ટ પ્રયાસ હતો.

આ સ્પર્ધામાં શાળાના તેજસ્વી વિદ્યાર્થીઓએ ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી ભાષામાં વિવિધ કવિતાઓનું મધુર ગાન કરીને ઉપસ્થિત સૌ શ્રોતાઓને મંત્રમુગ્ધ કરી દીધા હતા. ભાષાની વિવિધતા હોવા છતાં, દરેક કવિતામાં છુપાયેલા ભાવ અને સંદેશને બાળકોએ અસરકારક રીતે રજૂ કર્યો હતો. આ પ્રકારના આયોજનોથી બાળકોમાં સાહિત્ય પ્રત્યેનો લગાવ વધે છે અને તેમનું વક્તૃત્વ કૌશલ્ય પણ ખીલે છે.કાર્યક્રમને વધુ ગૌરવશાળી બનાવવા માટે ઓમ શાંતિ સંસ્થાના આદરણીય બ્રહ્મકુમારી કોકિલાદીદી અને ક્રિષ્નાદીદી વિશેષ અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યાં હતાં.

### પાણી પુરવઠાની સમીક્ષા બેઠકમાં અભેસિંહ તડવીએ ભાર મૂક્યો

# દાહોદના આદિવાસી પટ્ટીમાં થયો વિકાસનો બદલાવ

**સમિતિએ ૬૫ ગામોમાં પાણી પહોંચાડવાની ખાતરી આપી**



દિપક રાવલ | દાહોદ

દાહોદ. ગુજરાત વિધાનસભાની અનુસૂચિત જનજાતિઓના કલ્યાણ માટેની સમિતિ દ્વારા દાહોદ જિલ્લાના ઝાલોદ તાલુકાના મુંડાહેડા ખાતે પાણી પુરવઠા વિભાગના ક્ષેત્રીય અધિકારીશ્રીઓ સાથે એક મહત્ત્વપૂર્ણ સમીક્ષા બેઠક યોજવામાં આવી હતી. આ બેઠકનો મુખ્ય ઉદ્દેશ્ય દાહોદ જિલ્લાની પાણી પુરવઠા યોજનાઓની વર્તમાન કામગીરીની ઝીણવટપૂર્વક સમીક્ષા કરવાનો અને આદિવાસી વિસ્તારોમાં પીવાના પાણીની સમસ્યાનું કાયમી નિરાકરણ લાવવાનો હતો.

આ પ્રસંગે સમિતિના અધ્યક્ષશ્રી અભેસિંહ તડવી સાથે દાહોદના ધારાસભ્યશ્રી કનૈયાલાલ કિશોરી, ઝાલોદના ધારાસભ્યશ્રી મહેશભાઈ ભુરીયા, અને ઝાલોદના પ્રાંત અધિકારીશ્રી ભાટિયા પણ ઉપસ્થિત રહ્યાં હતાં. બેઠકમાં પાણી પુરવઠા વિભાગના અધિકારીઓ, કર્મચારીઓ, ગ્રામજનો અને ઝાલોદ તાલુકાના યોજના હેઠળ આવતા ૬૫ ગામોના સરપંચશ્રીઓ પણ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

### કેન્દ્રીય સંચાર બ્યુરો દ્વારા સરદારબાગમાં આઉટરીચ પ્રોગ્રામ

# ડીસા ખાતે પોષણ અભિયાન થકી જનઆરોગ્ય જાગૃતિનો કાર્યક્રમ

**વિવિધ સ્પર્ધાઓ દ્વારા લોકો સુધી પહોંચાડાયો સંદેશ**

(એજન્સી) ડીસા | તા.29

પાલનપુર. બનાસકાંઠા જિલ્લાના ડીસા ખાતે પોષણ અભિયાન અને સમૃદ્ધ જનઆરોગ્ય જાગૃતિ વિષય પર આધારિત એક ભવ્ય 'ઈન્ટિગ્રેટેડ કમ્યુનિકેશન એન્ડ આઉટરીચ પ્રોગ્રામ'નું આયોજન કરવામાં આવ્યું હતું. ભારત સરકારના માહિતી અને પ્રસારણ મંત્રાલય હેઠળ કાર્યરત કેન્દ્રીય સંચાર બ્યુરો, પાલનપુર દ્વારા સરદારબાગ, ડીસા ખાતે યોજાયેલો આ કાર્યક્રમ, બનાસકાંઠા જિલ્લા સંકલિત બાળક વિકાસ સેવા (ICDS) વિભાગના સહયોગથી સફળતાપૂર્વક પૂર્ણ થયો હતો.

આ કાર્યક્રમનો મુખ્ય હેતુ દેશમાંથી કુપોષણના નિવારણ સાથે બાળકો, કિશોરીઓ અને મહિલાઓ માટે એક સશક્ત



તથા સ્વસ્થ જીવનની દિશામાં પોષણ અભિયાન અને જનઆરોગ્ય સંબંધિત કેન્દ્ર સરકારની વિવિધ યોજનાઓ અંગે વ્યાપક જનજાગૃતિ ફેલાવવાનો હતો. સરકારી યોજનાઓનો લાભ કોઈ પણ જરૂરિયાતમંદ લાભાર્થીથી વંચિત ન રહી જાય, તે માટે આ પ્રકારના સઘન આઉટરીચ પ્રોગ્રામ્સનું આયોજન કરવામાં આવી રહ્યું છે.

### હસ્તેશ્વર સ્કૂલ લીમખેડામાં ભવ્ય કાવ્યગાન સ્પર્ધા યોજાઈ

# ઓમ શાંતિ સંસ્થા દ્વારા બાળકોને જીવનની મહત્ત્વપૂર્ણ શીખ

**ગુજરાતી હિન્દી અંગ્રેજી કવિતાઓનું સુંદર સંકલન**



દિપક રાવલ | દાહોદ

દાહોદ. જ્ઞાન અને સંસ્કારના માર્ગે વિદ્યાર્થીઓને દોરતી લીમખેડાની પ્રતિષ્ઠિત શ્રી હસ્તેશ્વર સ્કૂલ ખાતે તાજેતરમાં એક અત્યંત સફળ અને ભવ્ય કાવ્યગાન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. શાળાના બાળકોએ આ સ્પર્ધામાં ખૂબ જ ઉમંગ અને ઉત્સાહપૂર્વક ભાગ લઈને પોતાની સર્જનાત્મક પ્રતિભાનો પરિચય કરાવ્યો હતો. આ કાર્યક્રમ માત્ર એક સ્પર્ધા નહોતો, પરંતુ વિદ્યાર્થીઓને પોતાની અભિવ્યક્તિ માટે એક મંચ પૂરો પાડવાનો અને તેમની અંદર રહેલી કલાને બહાર લાવવાનો એક ઉત્કૃષ્ટ પ્રયાસ હતો.

આ સ્પર્ધામાં શાળાના તેજસ્વી વિદ્યાર્થીઓએ ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી ભાષામાં વિવિધ કવિતાઓનું મધુર ગાન કરીને ઉપસ્થિત સૌ શ્રોતાઓને મંત્રમુગ્ધ કરી દીધા હતા. ભાષાની વિવિધતા હોવા છતાં, દરેક કવિતામાં છુપાયેલા ભાવ અને સંદેશને બાળકોએ અસરકારક રીતે રજૂ કર્યો હતો. આ પ્રકારના આયોજનોથી બાળકોમાં સાહિત્ય પ્રત્યેનો લગાવ વધે છે અને તેમનું વક્તૃત્વ કૌશલ્ય પણ ખીલે છે.કાર્યક્રમને વધુ ગૌરવશાળી બનાવવા માટે ઓમ શાંતિ સંસ્થાના આદરણીય બ્રહ્મકુમારી કોકિલાદીદી અને ક્રિષ્નાદીદી વિશેષ અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યાં હતાં.

### ઉસરા પીપલાપાણીનો બ્રિજ પૂર્ણતાને આરે વહીવટી તંત્રને આદેશ

# સાંસદ જસવંતસિંહ ભાભોરે લીમખેડામાં બ્રિજની કામગીરીની મુલાકાત લીધી

**તાકીદે કામગીરી પૂરી કરવા સાંસદશ્રીએ અધિકારીઓને જણાવ્યું**



દિપક રાવલ | દાહોદ/લીમખેડા

દાહોદ સંસદીય વિસ્તારના લોકપ્રિય સાંસદશ્રી જસવંતસિંહ ભાભોરે લીમખેડા તાલુકાના ઉસરા-પીપલાપાણી ખાતે ચાલી રહેલા મહત્ત્વપૂર્ણ બ્રિજની કામગીરીનું સ્થળ નિરીક્ષણ કરીને સમીક્ષા કરી હતી. માર્ગ અને મકાન પંચાયત વિભાગ દ્વારા મંજૂર થયેલા આ બ્રિજના નિર્માણ કાર્યમાં ગતિ લાવવા અને ગુણવત્તા જાળવવા માટે સાંસદશ્રીએ વહીવટી તંત્રના અધિકારીઓને તાકીદે સૂચના આપી હતી. સાંસદશ્રીની સાથે ઝાલોદના ધારાસભ્યશ્રી શૈલેષભાઈ ભાભોર સહિતના અન્ય સ્થાનિક પદાધિકારીઓ અને જિલ્લાના અગ્રણીઓ પણ આ મુલાકાતમાં જોડાયા હતા. આ બ્રિજની કામગીરી હવે લગભગ પૂર્ણતાને આરે પહોંચી ગઈ હોવાથી, સ્થાનિક લોકોમાં ખુશી અને ઉત્સાહનો માહોલ જોવા મળી રહ્યો છે. આ બ્રિજ બની જવાથી ઉસરા અને પીપલાપાણી સહિત આસપાસના અનેક ગામોના લોકોને અવરજવરમાં મોટી રાહત મળશે.લીમખેડા તાલુકાના ઉસરા પીપલાપાણી ખાતેનો આ બ્રિજ આ વિસ્તારના માળખાગત વિકાસ માટે અત્યંત જરૂરી હતો. ચોમાસા દરમિયાન નદી કે નાળા પર પાણી ભરાઈ જવાથી ગ્રામજનોનો સંપર્ક તૂટી જતો હતો.

### મહીસાગર જિલ્લામાં મફત સર્વ રોગ નિદાન સારવાર કેમ્પ યોજાયો

# બાલાસિનોર ખાતે સફળતાપૂર્વક યોજાયો ભવ્ય આયુષ મેળો

**પ્રાચીન ભારતીય પદ્ધતિઓ પ્રત્યે લોકોમાં જાગૃતિ વધી**



જગદીશ ત્રિવેદી | મહીસાગર

મહીસાગર. ગુજરાત સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ તથા આયુષની કચેરીના નિયામકના માર્ગદર્શન હેઠળ, મહીસાગર જિલ્લાના બાલાસિનોર ખાતે પ્રજાજનોની આરોગ્ય સુખાકારીના ઉમદા હેતુસર એક વિશાળ **'આયુષ મેળો અને મફત સર્વ રોગ નિદાન સારવાર કેમ્પ'**નું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું.મહીસાગર જિલ્લા પંચાયતની આયુર્વેદ શાખા તથા કોયડમ ધન્વંતરી આયુર્વેદ કોલેજ અને હોસ્પિટલના સંયુક્ત ઉપક્રમે આયોજિત આ કાર્યક્રમ બાલાસિનોર સ્થિત બીએપીએસ સ્વામીનારાયણ મંદિરના પ્રાંગણમાં યોજાયો હતો. આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય લોકોને એક જ સ્થળે આયુર્વેદ અને હોમિયોપેથી જેવી પ્રાચીન ભારતીય પદ્ધતિઓ દ્વારા સચોટ નિદાન અને ગુણવત્તાસભર સારવાર મફતમાં મળી રહે તે સુનિશ્ચિત કરવાનો હતો.

આ આરોગ્યલક્ષી આયુષ મેળાને નગરપાલિકા પ્રમુખશ્રી ગાયત્રીબેન ત્રિવેદી, પાલિકા આરોગ્ય સમિતિના ચેરમેનશ્રી હંસાબેન મકવાણા, જિલ્લા આયુર્વેદ અધિકારીશ્રી વૈદ્ય પુષ્પાબેન ખરાડી, મેડિકલ એસોસિએશનના પ્રમુખશ્રી ડૉ. નિખિલ શાહ, લાયન્સ ક્લબના શ્રી પ્રવિણભાઈ સેવક સહિતના મહાનુભાવોએ દીપ પ્રાગટ્ય કરીને ખુલ્લો મૂક્યો હતો.

# જૂનાગઢમાં વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા હિન્દૂ સમાજની એકતા પર સંવાદ



નરેન્દ્ર દવે | જૂનાગઢ

જૂનાગઢ. ધર્મ અને સંસ્કૃતિના જતન સાથે સમાજમાં સમરસતા લાવવાના ઉમદા હેતુથી, વિશ્વ હિન્દુ પરિષદ (VHP), જૂનાગઢ મહાનગર દ્વારા હિન્દૂ સમાજની એકતા અને સમરસતા માટે એક મહત્ત્વપૂર્ણ સંવાદ સંગોષ્ઠિનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ બી.એ.પી.એસ, અક્ષર મંદિરના સભામંડપમાં યોજાયો હતો, જેમાં હિન્દુ સમાજની બધી જ જ્ઞાતિઓના આગેવાનો, સામાજિક, રાજકીય અગ્રણીઓ અને પ્રબુદ્ધ નાગરિકોએ મોટી સંખ્યામાં હાજરી આપી હતી.આ સંવાદ સંગોષ્ઠિનું આયોજન નવમાં પાતશાહ શ્રી ગુરુ તેગબહાદુર સાહેબજી, ભાઈ મતિદાસજી, ભાઈ સતીદાસજી અને ભાઈ દયાલાજીના ૩૫૦મા શહીદી દિવસ વર્ષ નિમિત્તે અને શ્રી ગુરુ ગોવિંદસિંહ સાહેબના ૩૫૦ વર્ષીય ગુરુગાદી વર્ષની ઉજવણીના ભાગરૂપે કરવામાં આવ્યું હતું.

# ગોપાલ ઈટાલિયાનું સ્ફોટક નિવેદન: ગુજરાતમાં ભાજપનું નહીં ડરનું શાસન

**જનતાની સાથે સાથે પોલીસને પણ ડરાવીને રાખી છે બદલી કે સસ્પેન્ડનો ડર : હું જગદીશ મહેતા અને જીગ્નેશ મેવાણીને ખુલ્લેઆમ ટેકો આપું છું**



(એજન્સી) અમદાવાદ | તા.29

આમ આદમી પાર્ટી (AAP)ના વિસાવદરના ધારાસભ્ય ગોપાલ ઈટાલિયાએ એક વિડીયોના માધ્યમથી ગુજરાતમાં પ્રવર્તતી રાજકીય અને વહીવટી પરિસ્થિતિ અંગે એક અત્યંત સ્ફોટક નિવેદન આપીને રાજકારણમાં ગરમાવો લાવી દીધો છે. ઈટાલિયાએ સીધો આક્ષેપ કર્યો છે કે ગુજરાતમાં ભાજપનું નહીં, પણ 'ડર'નું શાસન ચાલી રહ્યું છે, અને આ ડર માત્ર સામાન્ય જનતામાં જ નહીં, પણ પોલીસ તંત્રમાં પણ ફેલાયેલો છે.ઈટાલિયાએ હાલમાં ખેડૂત આગેવાન જગદીશ મહેતા પર ધડાધડ થઈ રહેલી એફઆઈઆર અને ધારાસભ્ય જીગ્નેશ મેવાણી પર દારૂના મુદ્દે ભાજપના નેતાઓના આકરા પ્રહારોના સંદર્ભમાં આ નિવેદન આપ્યું છે. તેમણે કહ્યું કે, 'જનતા કંઈ બોલતી નથી, કારણ કે જનતાને પોલીસથી ડરાવીને રાખી છે. પરંતુ આશ્ચર્યની વાત એ છે કે ભાજપે પોલીસને પણ પોલીસથી ડરાવીને રાખી છે.' ઈટાલિયાએ જણાવ્યું કે, જો ભાજપનું કહેવું નહીં માનો તો બદલી થઈ જશે કે સસ્પેન્ડ થઈ જશો, એવો ડર પોલીસની અંદર ફેલાવેલો છે.ગોપાલ ઈટાલિયાએ યુવાનોને મનમાંથી ડર કાઢવાની સલાહ આપતા ઐતિહાસિક સંદર્ભ ટાંક્યો હતો. તેમણે કહ્યું કે સરદાર પટેલ, ભગતસિંહ અને ગાંધીજી જેવા મહાપુરુષોએ અંગ્રેજોનો ડર લોકોના મનમાંથી કાઢવાનું કામ કર્યું હતું. તે સમયે જૂજ સંખ્યામાં રહેલા અંગ્રેજો ભારતની કરોડોની જનતા પર માત્ર ડર ફેલાવીને રાજ કરતા હતા.તેમણે ભાજપના નેતાઓની સરખામણી અંગ્રેજોની સીધી લીટીના વારસદારો સાથે કરીને કહ્યું કે, 'ગુજરાતની જનતાની સંખ્યા સાત કરોડ છે અને અંગ્રેજોની સીધી લીટીના વારસદાર ભાજપના નેતાઓની સંખ્યા માંડ બેથી પાંચ હજાર હશે.

## ઈસુદાન ગઢવીએ BLO હેલ્પલાઇન નંબર જાહેર કર્યો

(એજન્સી) અમદાવાદ | તા.29

આમ આદમી પાર્ટી (AAP)ના પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવીએ ગુજરાતમાં BLO (બૂથ લેવલ ઓફિસર)ની કામગીરીના અસહ્ય દબાણને કારણે શિક્ષકો અને કર્મચારીઓના



સતત મૃત્યુ થઈ રહ્યા હોવાના મુદ્દે એક મહત્ત્વપૂર્ણ પત્રકાર પરિષદ યોજી હતી. તેમણે દબાણમાં કામ કરી રહેલા BLO માટે તાત્કાલિક ધોરણે એક હેલ્પલાઈન નંબર (૯૧૦૪૯૧૮૧૯૬) જાહેર કરીને તેમને ખોટું પગલું ન ભરવા માટે હૃદયપૂર્વક અપીલ કરી હતી.ઈસુદાન ગઢવીએ BLOને આશ્વાસન આપતા કહ્યું હતું કે, "અમારી પાસે કોઈ સત્તા નથી કે અમે કેન્દ્ર સરકારના આ નિર્ણયને અટકાવી શકીએ, પણ અમે તમારા દુઃખમાં અને લડતમાં સહભાગી બની શકીએ છીએ.

# અમરેલીથી કવિ રમેશ પારેખના જન્મદિનની સાહિત્ય ગોષ્ઠિ દ્વારા વૈશ્વિક ભાવાંજલિ

કિશોર આર. સોલંકી | જાફરાબાદ

ગુજરાતી કવિતામાં અનોખું અને ગૌરવશાળી સ્થાન ધરાવતા અમરેલી નગરના સુપુત્ર અને વિખ્યાત કવિ રમેશ પારેખ (ર.પા.)ના જન્મદિનની ઉજવણી અમરેલીના સાહિત્ય જગતે એક વિશેષ ઓનલાઈન કાર્યક્રમ દ્વારા કરીને તેમને વૈશ્વિક ભાવાંજલિ અર્પણ કરી હતી. તારીખ ૨૭ નવેમ્બર ૨૦૨૫ ને ગુરુવારે રાત્રે ૯.૦૦ કલાકે 'સહજ સંવાદ' ઓનલાઈન ઉપક્રમ આયોજિત કરવામાં આવ્યો હતો. આ સાહિત્ય ગોષ્ઠિનો મુખ્ય હેતુ કવિ રમેશ પારેખના સર્જન પર સ્મરણાંજલિ રજૂ કરવાનો હતો. બેઠકની આગોતરી જાણકારી સર્વત્ર સર્જકો, ભાવકો અને રમેશ પારેખની કવિતાના ચાહકોને સોશિયલ મીડિયામાં શેર કરવામાં આવી હતી. આ ઓનલાઈન બેઠકમાં કવિ રમેશ પારેખની સર્જકતા વિશે જામનગરથી યુવા કવિ વક્તા ડો. કેતન કારિયાએ સવિસ્તાર વાત કરી હતી. તેમણે કવિ રમેશ પારેખના સ્મરણ, જીવન અને ખાસ કરીને જેમાં લયનો હિલ્લોળ છે એવી તેમની લોકભોગ્ય કવિતાઓ વિશે રસપ્રદ છણાવટ કરીને ભાવકોને ર.પા.ની કાવ્યસૃષ્ટિમાં ભાવવિહાર કરાવ્યો હતો.



સંવાદના સંયોજક પરેશ મહેતાએ પ્રારંભે સહુને આવકારીને સાહિત્ય ગોષ્ઠિની પૂર્વભૂમિકા રજૂ કરી હતી. આ તકે પ્રસિદ્ધ કવિ ભરત વિંઝુડા, વિવેચક-વાર્તાકાર ડૉ. ગુણવંત વ્યાસ, સાહિત્યકાર કાલિન્દી પરીખ, અને વડીલ કવિ ઉમેશ જોષીએ યુવા વક્તાને પ્રોત્સાહક પ્રતિભાવ આપી પૂરક ગોષ્ઠિ દ્વારા કવિતાની સહજ સંવાદની રસધાર વહાવી હતી. કવિ ગોપાલ ધકાણના રસાળ સંચાલન સાથે જોડાયેલ ભાવકોએ પણ હોંકારો આપીને સંવાદમાં ભાગ લીધો હતો.

આ ઓનલાઈન કાર્યક્રમમાં અમરેલી પંથક ઉપરાંત ભારતના અન્ય શહેરોમાંથી પણ ભાવકો જોડાયા હતા, જોકે અમરેલી પંથકનો ઉમળકાભેર હોંકારો તો ખાસ હતો. આ ગોષ્ઠિને વિશેષ ગરિમા બક્ષતા કવિ રમેશ પારેખના પરિવારમાંથી ખાસ કરીને રસીલાબેન પારેખ, પુત્ર નીરજ અને પુત્રી નેહા જોડાઈને હાજરી આપી હતી.

અમરેલીની જાણીતી સાહિત્ય સંસ્થા 'સંવાદ' અને 'શબ્દસમિધ' ઉપરાંત રીડર્સ કલબ જામનગરની શુભેચ્છાઓ સાથે આ સફળ અને સાર્થક ઓનલાઈન બેઠક સંપન્ન થઈ હતી. ઉત્સાહભેર જોડાયેલા સર્જકો અને ભાવકોમાં સર્વશ્રી બાળકિશન જોગી, મુકેશ જોગી, દિવ્યા સોજીત્રા, વિહંગ વ્યાસ, સંજય ઉપાધ્યાય, ભારતીબેન ભંડેરી, વૈશાલી રાડિયા, પ્રકાશ દવે, પંકજ ચૌહાણ, ડૉ. નીતિન પીઠડીયા, નરેશ દેવમુરારી, અશોક જોશી, સલીમ શેખ, ઉમેશ ચાવડા સહિત બહોળી સંખ્યામાં લોકોએ જોડાઈને ગોષ્ઠિને માણી હતી.

કાર્યક્રમનું પ્રચાર-પ્રસાર સહિતનું સંકલન અમરેલીના પરેશ મહેતાએ કર્યું હતું. બેઠકના વિરામ બાદ પણ જે ઉત્સાહ અને પ્રતિભાવો મળી રહ્યા છે તે બદલ આયોજકો વતી કવિ ગોપાલ ધકાણ દ્વારા સહુ પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરવામાં આવી હતી.

# ખાલી પેટે દાડમનો રસ પીવાથી બરદસ્ત ફાયદા થાય છે, ફક્ત આ વાત ધ્યાનમાં રાખો

ફળો સ્વાસ્થ્ય માટે ખૂબ જ ફાયદાકારક છે, તેથી જ તેમને સ્વાસ્થ્યનો ખજાનો પણ કહેવામાં આવે છે. આનું કારણ એ છે કે કોઈપણ ફળમાં ભરપૂર માત્રામાં ફાઈબર, વિટામિન, ખનિજો અને એન્ટીઑક્સિડન્ટો હોય છે. ફળો ખાવાથી આ પોષક તત્વો અને સૂક્ષ્મ પોષકતત્ત્વોની ઉણપ દૂર થાય છે. તેથી, નિષ્ણાતો ફળો અથવા તેમના રસ પીવાની ભલામણ કરે છે. દાડમ એક એવું ફળ છે જેનો રસ ખૂબ જ ફાયદાકારક સાબિત થઈ શકે છે. દાડમનો રસ તેના સમૃદ્ધ પોષક તત્વો, એન્ટીઑક્સિડન્ટો અને સ્વાસ્થ્ય લાભો માટે જાણીતો છે. જો કે, કેટલાક નિષ્ણાતો સૂચવે છે કે ખાલી પેટે દાડમનો રસ પીવાથી વધુ ફાયદા થઈ શકે છે. તો, ચાલો આપણે ખાલી પેટે દાડમનો રસ પીવાના ફાયદાઓ શેર કરીએ. પરંતુ નિષ્ણાતની સલાહ લીધા વિના તેને ન પીવાનું ધ્યાન રાખીએ.



## આ વાત ધ્યાનમાં રાખો

દાડમનો રસ પીવો ફાયદાકારક છે, પરંતુ સવારે તેનું સેવન કરવાથી સંવેદનશીલ વ્યક્તિઓમાં હળવી એસિડિટી અથવા હાર્ટબર્ન થઈ શકે છે. તે શરીરમાં ખાંડનું સ્તર પણ નોંધપાત્ર રીતે વધારી શકે છે. હંમેશા તાજો અથવા 100% શુદ્ધ દાડમનો રસ પીવો અને વધારાની ખાંડ ઉમેરવાનું ટાળો. સવારે ખાલી પેટે એક નાનો ગ્લાસ દાડમનો રસ પીધા પછી 20-30 મિનિટ પછી હળવો નાસ્તો કરવાનું ભૂલશો નહીં.



### ■ વિટામિન અને ખનિજોથી ભરપૂર

દાડમનો રસ પ્યુનિકલેજિન્સ અને એન્થોસાયનિન એન્ટીઑક્સિડન્ટોથી ભરપૂર છે, જે શરીરમાં મુક્ત રેડિકલ સામે લડે છે. તેમાં વિટામિન સી, વિટામિન કે અને ફોલેટ હોય છે. ખનિજોની દ્રષ્ટિએ, તે પોટેશિયમ, મેગ્નેશિયમ અને આયર્નથી ભરપૂર છે. તેમાં કુદરતી શર્કરા પણ હોય છે જે તાત્કાલિક ઉર્જા પૂરી પાડે છે.

### ■ પાચન સુધારે છે

ખાલી પેટે દાડમનો રસ પીવાથી પાચનતંત્ર ઉત્તેજિત થાય છે અને આંતરડાની યોગ્ય ગતિવિધિઓને પ્રોત્સાહન મળે છે. તેમાં ઝેરી તત્વોને બહાર કાઢવાની ક્ષમતા પણ છે, જેનાથી લીવરનું કાર્ય સુધરે છે.

### ■ હૃદયના સ્વાસ્થ્યને લાભ થાય છે

નિષ્ણાતોના મતે, ખાલી પેટે દાડમનો રસ પીવાથી હૃદયના સ્વાસ્થ્યને પ્રોત્સાહન મળે છે. તે રક્ત પરિભ્રમણને સુધારે છે અને બ્લડ પ્રેશર ઘટાડે છે. તે LDL (ખરાબ કોલેસ્ટ્રોલ) ઘટાડે છે અને HDL (સારું કોલેસ્ટ્રોલ) વધારે છે. તે રક્તવાહિનીઓ પર ઓક્સિડેટીવ તણાવ ઘટાડે છે, જેનાથી હૃદય રોગનું જોખમ ઓછું થાય છે.

### રોગપ્રતિકારક શક્તિ વધારે છે

દાડમના રસથી દિવસની શરૂઆત કરવાથી રોગપ્રતિકારક શક્તિ વધે છે કારણ કે તેમાં વિટામિન સી સારી માત્રામાં હોય છે. તે શરીરને કુદરતી રીતે ચેપ અને બળતરા સામે લડવામાં પણ મદદ કરે છે. તેમાં હાજર એન્ટીઑક્સિડન્ટ કોષોને નુકસાનથી બચાવે છે.

### વજન જાળવણીમાં મદદ કરે છે

ખાલી પેટે દાડમનો રસ પીવાથી ચયાપચય સુધરે છે અને ચરબીના કોષોને તોડવામાં મદદ મળે છે. તેની કુદરતી મીઠાશ મીઠાઈની તૃષ્ણા ઘટાડે છે અને આંતરડાના સ્વાસ્થ્યને પ્રોત્સાહન આપે છે, જેનાથી વજન વ્યવસ્થાપનમાં મદદ મળે છે.

# ભારતના શ્રમ લેન્ડસ્કેપમાં પરિવર્તન : વિકસિત ભારત માટે શ્રમ સંહિતા

એક મહત્વપૂર્ણ ઘટનાક્રમમાં, ભારત સરકારે 21 નવેમ્બર, 2025 થી ચાર શ્રમ સંહિતા લાગુ કરી છે, જેનાથી સંસદ દ્વારા ઘડવામાં આવેલા શ્રમ સુધારાઓ વાસ્તવિકતા બન્યા છે. ત્યારબાદ, મીડિયામાં તેમની અસર અંગે વિવિધ મંતવ્યો અને સમાચાર લેખો બહાર આવ્યા છે, જેનાથી આ મહત્વપૂર્ણ મુદ્દા પર ચર્ચા અને ચર્ચા શરૂ થઈ છે. આ લેખનો હેતુ કોડ્સની અસરને લગતી કેટલીક મૂંઝવણોને દૂર કરવાનો છે. સરકારે વિવિધ શ્રમ કાયદાઓ અને મજબૂત સામાજિક સુરક્ષા માળખા દ્વારા શ્રમના ગૌરવને જાળવી રાખવા માટે સતત પ્રયાસ કર્યો છે. જો કે, શ્રમજીવી વર્ગમાં આર્થિક પરિવર્તન માટે યોગ્ય રોજગારની તકો એક પૂર્વશરત છે અને ભારત જેવા શ્રમ-અધિક અર્થતંત્રમાં, સરકાર માટે દરેક માટે નોકરીઓનું સર્જન કરવું અશક્ય છે. આ તે સ્થાન છે જ્યાં ખાનગી ક્ષેત્ર મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે, જો કે ત્યાં એક સહાયક સામાજિક-કાનૂની માળખું અને પ્રગતિશીલ, આગળ વિચારતા શ્રમ કાયદા હોય જે 21મી સદીના ભારતના વચનને પ્રતિબિંબિત કરે છે.



ડૉ. પ્રદીપ કુમાર જેના
નિયામક, શ્રમ અને રોજગાર મંત્રાલય

દાયકાઓથી, ભારતની શ્રમ ઈકોસિસ્ટમ 29 કેન્દ્રીય કાયદાઓ દ્વારા સંચાલિત હતી - જેમાંથી ઘણા સ્વતંત્રતા પહેલાના હતા. વધુ પડતા, જટિલતા અને જૂના નિયમોના પડકારોનો સામનો કરવા માટે અને બીજા રાષ્ટ્રીય શ્રમ આયોગ (2002)ની ભલામણોને અનુરૂપ, ભારત સરકારે દેશના શ્રમ ઈતિહાસમાં સૌથી વ્યાપક સુધારાઓમાંથી એક શરૂ કર્યું. આના પરિણામે ચાર મુખ્ય શ્રમ સંહિતા - વેતન સંહિતા, 2019, સામાજિક સુરક્ષા સંહિતા, 2020, ઔદ્યોગિક સંબંધો સંહિતા, 2020 અને વ્યવસાયિક સલામતી, આરોગ્ય અને કાર્યકારી પરિસ્થિતિઓ સંહિતા, 2020 - અમલમાં મૂકવામાં આવ્યા. નોંધપાત્ર રીતે આ સુધારાઓ 1991ની ઉદારીકરણ અને માળખાકીય ગોઠવણ નીતિને અનુસરીને યોગ્ય દિશામાં એક મહત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ છે; તેઓએ શ્રમ ઈકોસિસ્ટમ અને ઔદ્યોગિક વિકાસને આગળ વધારવા માટે એક આધુનિક, નવીનતા-આધારિત માળખું રજૂ કર્યું છે.

શ્રમ સુધારણા: અગાઉના શ્રમ કાયદાઓને તર્કસંગત અને આધુનિક બનાવીને, ચાર શ્રમ સંહિતાએ નિયમનકારી માળખાને નોંધપાત્ર રીતે સરળ બનાવ્યું છે. અગાઉના 29 કાયદાઓ હેઠળ કલમોની સંખ્યા 1,228થી ઘટાડીને ફક્ત 480 કરવામાં આવી છે, જ્યારે નિયમોની સંખ્યા 1,436થી ઘટાડીને 351, 181થી ઘટાડીને 73 અને 84થી ઘટાડીને ફક્ત 8 રજિસ્ટર કરવામાં આવી છે. આ મુખ્ય એકીકરણ અને સુમેળ કામદારો માટે જીવન જીવવાની સરળતા અને દેશભરના નોકરીદાતાઓ માટે વ્યવસાય કરવાની સરળતા બંનેમાં વધારો કરશે.

વેતન સંહિતા હેઠળના સૌથી મહત્વપૂર્ણ સુધારાઓમાંનો એક લઘુત્તમ વેતનનું સાર્વત્રિકરણ છે, જે તેમને સંગઠિત અને અસંગઠિત બંને ક્ષેત્રોના તમામ કામદારોને લાગુ પાડે છે, જે અગાઉના કાયદાઓ હેઠળ ચોક્કસ 'શિડ્યૂલ્ડ એમ્પ્લોયમેન્ટ્સ' સુધી મર્યાદિત હતા. કેન્દ્ર સરકાર દ્વારા નક્કી કરવામાં આવનાર 'ફ્લોર વેજ' પ્રાદેશિક અસંતુલનને ઘટાડશે, કારણ કે રાજ્યો રાષ્ટ્રીય સ્તરે નિર્ધારિત મર્યાદાથી નીચે લઘુત્તમ વેતન ઘટાડી શકતા નથી. બીજો પ્રગતિશીલ ફેરફાર એ છે કે પરંપરાગત શ્રમ 'ઈન્સ્પેક્ટર'ને 'ઈન્સ્પેક્ટર-કમ-ફેસિલિટેટર' સાથે બદલવામાં આવે છે, જેની ભૂમિકા માર્ગદર્શન અને જાગૃતિ લાવવાની છે જે કઠોર અને ઘણીવાર ટીકા પામેલા 'ઈન્સ્પેક્ટર રાજ'થી સ્પષ્ટ પ્રસ્થાન છે. વધુમાં, ચારેય કોડે નાના ગુનાઓને ગુનાહિત જાહેર કર્યા છે અને પહેલી વાર ઉલ્લંઘન માટે ચક્રવૃદ્ધિ જોગવાઈઓ રજૂ કરી છે, જે દંડાત્મકથી સુધારાત્મક અને વિશ્વાસ-આધારિત નિયમનકારી અભિગમ તરફ આગળ વધે છે.

ઔદ્યોગિક સંબંધો (IR) કોડ ફિક્સ્ડ ટર્મ એમ્પ્લોયમેન્ટ (FTE) ની વિભાવના રજૂ કરે છે, જે સુનિશ્ચિત કરે છે કે ફિક્સ્ડ ટર્મ કામદારોને કાયમી કર્મચારીઓ જેવા જ લાભ મળે, જેમાં એક વર્ષની સેવા પછી ગ્રેચ્યુઈટીનો પણ સમાવેશ થાય છે. આ સુધારો ઉદ્યોગોને કાર્યકારી જરૂરિયાતો અનુસાર ભરતી કરવા માટે ખૂબ જ જરૂરી સુગમતા પ્રદાન કરે છે, જ્યારે કામદારોના અધિકારો અને સુખાકારીનું પણ રક્ષણ કરે છે. આનાથી કરાર આધારિત કામમાં ઘટાડો થશે. કામદારો હડતાળ અને તાળાબંધી શરૂ કરી શકે તે પહેલાં 14 દિવસનો નોટિસ સમયગાળો ઔદ્યોગિક શાંતિ અને સુમેળને પ્રોત્સાહન આપશે, જે જરૂરિયાત અગાઉના કાયદા હેઠળ ફક્ત જાહેર ઉપયોગિતા સેવાઓ પર લાગુ પડતી હતી. આ ફેરફાર વિક્ષેપને બદલે સંવાદ અને વાટાઘાટો દ્વારા વિવાદના નિરાકરણને પ્રોત્સાહન આપશે. વધુમાં, કોડ ટ્રેડ યુનિયનોને કાનૂની માન્યતા પ્રદાન કરે છે, જે મીડિયા વિશ્લેષણમાં અવગણવામાં આવેલી સુવિધા છે, 'નેગોશિએટિંગ યુનિયન' અથવા 'નેગોશિએટિંગ કાઉન્સિલ' દ્વારા સામૂહિક સોદાબાજી પદ્ધતિઓને મજબૂત બનાવે છે અને શ્રમ કલ્યાણને પ્રોત્સાહન આપે છે. આ કોડ ફેક્ટરીઓ, ખાણો અને પ્લાન્ટેશનની છટણી, લે-ઓફ અને ક્લોઝર કરવા માટે સરકારની મંજૂરી માટેની થ્રેશોલ્ડ મર્યાદાને હાલના 100 કામદારોથી 300 કામદારો સુધી પણ બદલી નાખે છે.

આ પ્રક્રિયામાં સૌથી મહત્વપૂર્ણ સુધારો સામાજિક સુરક્ષા સંહિતા છે, જે પ્રથમ વખત ગિગ અને પ્લેટફોર્મ કામદારોને સત્તાવાર રીતે માન્યતા આપે છે. આ સાથે ભારત આ ઉભરતા કાર્યબળને કાનૂની અને સામાજિક સુરક્ષા પૂરી પાડનાર વિશ્વના પ્રથમ દેશોમાંનો એક બન્યો છે. તે વિવિધ કલ્યાણકારી યોજનાઓ દ્વારા ગિગ અને પ્લેટફોર્મ કામદારો સહિત અસંગઠિત લોકોને ટેકો આપવા માટે બહુવિધ નાણાકીય પદ્ધતિઓ સાથે સામાજિક સુરક્ષા ભંડોળની રચના કરવાની પણ જોગવાઈ કરે છે, જે સમાવિષ્ટ અને સમાન શ્રમ કલ્યાણ તરફ એક મુખ્ય પગલું છે.

તેવી જ રીતે OSH કોડ, જે વર્કપ્લેસ સેફ્ટી, વેલફેર અને વર્કિંગ કંડિશનથી જોડાયેલા પ્રોવિઝનને કંટ્રોલ કરે છે, સિંગલ રજિસ્ટ્રેશન, સિંગલ લાઈસન્સ અને સિંગલ રિટર્ન લાવે છે - દેશમાં વ્યવસાય કરવાની સરળતા તરફનું એક મોટું પગલું, જેમાં લાઈસન્સ પાંચ વર્ષ માટે માન્ય છે. મહત્વપૂર્ણ વાત એ છે કે, તે મહિલાઓને તેમની સંમતિ અને યોગ્ય સલામતી પગલાં સાથે તમામ ક્ષેત્રોમાં અને રાત્રિ શિફ્ટમાં કામ કરવાની મંજૂરી આપીને જેન્ડર ઈક્વોલિટીને પ્રોત્સાહન આપે છે. તે કામદારો માટે મફત વાર્ષિક આરોગ્ય તપાસ અને તમામ કર્મચારીઓને નિમણૂક પત્રો આપવાનું પણ ફરજિયાત બનાવે છે, જે ઔપચારિકતા માટે માર્ગ મોકળો કરે છે. વધુમાં, આ કોડ લાગુ થવાની મર્યાદા વધારે છે, જે નાની સંસ્થાઓ માટે પાલનનો બોજ ઘટાડે છે. ઉદાહરણ તરીકે, કરાર મજૂરીની લાગુ પડવાની ક્ષમતા માટે; ફેક્ટરી જોગવાઈની લાગુ પડવાની મર્યાદા 20થી વધારીને 50 કામદારો, 10થી 20 કામદારો અને 20થી 40 કામદારો (વીજળી સાથે અને વગર) કરવામાં આવી છે. આ ફેરફારો એકસાથે વધુ સુવ્યવસ્થિત, વર્કર ફ્રેન્ડલી અને બિઝનેસ ફ્રેન્ડલી માટે સારું રેગ્યુલેટરી વાતાવરણ બનાવે છે.

વિકસિત ભારત તરફ: ચારેય શ્રમ સંહિતા એકસાથે કામદારોની સુખાકારી અને ઉદ્યોગ અને નોકરીદાતાઓ માટે સુગમતા વચ્ચે સંતુલન જાળવવાનો પ્રયાસ કરે છે. વ્યાખ્યાઓને સરળ બનાવીને, કમ્પ્લાયન્સનું ડિજિટાઈઝેશન કરીને અને જેન્ડર ન્યુટ્રાલિટીને પ્રોત્સાહન આપીને, ચારેય શ્રમ સંહિતા એક સમાન શ્રમ ઈકોસિસ્ટમ બનાવવા માટે રચાયેલ છે જે 2047 સુધીમાં વિકસિત ભારતના દેશના વિઝન સાથે સુસંગત હોય. ઈન્સ્ટિટ્યૂટ ફોર સ્ટડીઝ ઈન ઈન્ડસ્ટ્રિયલ ડેવલપમેન્ટ (ISID)ના ઈન્ડિયા ઈન્ડસ્ટ્રિયલ ડેવલપમેન્ટ રિપોર્ટ 2024-25એ દર્શાવે છે કે ભારત નોંધપાત્ર ઉત્પાદન તકો પ્રદાન કરે છે, જે ભારત સરકારની 'મેક-ફોર-ઈન્ડિયા અને મેક-ફોર-ધ-વર્લ્ડ' નીતિઓ દ્વારા સંચાલિત છે, જે શ્રમ, કૌશલ્ય અને સંસાધનો પર આધારિત છે. દેશમાં મેન્યુફેક્ચરિંગ વેલ્યુ એડેડ (MVA) 2024માં 717 બિલિયન યુએસ ડોલરથી બમણાથી વધુ $7.5 ટ્રિલિયન GDPમાંથી 2030 સુધીમાં $1.45 ટ્રિલિયન થવાની સંભાવના ધરાવે છે, જે આખરે પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે લાખો સારી નોકરીઓનું સર્જન કરે છે. ચાર શ્રમ સંહિતાના અમલીકરણથી ઉદ્યોગોને ખૂબ જ જરૂરી સુગમતા અને નિયંત્રણમુક્તિ પૂરી પાડવાનું લક્ષ્ય પ્રાપ્ત થશે, સાથે સાથે આપણા કાર્યબળ માટે સાર્વત્રિક શ્રમ કલ્યાણ અને સામાજિક સુરક્ષાને પણ ફરજિયાત બનાવવામાં આવશે.

# જેવી પ્રેમિકા એના પ્રેમીના 'આઈ લવ યુ' શબ્દમાં ફસાઈ જાય એ બાદ રાત દિવસ સતત થતા પ્રેમાલાપ ધીમે ધીમે નહિવત થતા જતા હોય છે



બાળપણથી કોલેજ સુધી સાથે ભણેલી ત્રણેય ખાસ ખાસ બહેનપણીઓ વરસો બાદ પંચાવન વર્ષ ની ઉંમરે મસૂરી ના પ્રવાસે જતી હતી. ફર્સ્ટ એસી ટ્રેન ના કોચ માં બેઠા બેઠાં એકબીજા સાથે ત્રણેય અલક મલક ની જૂની નવી યાદો ના અનુભવોના સ્મરણોની યાદ માં હસી મજાક કરી રહી હતી.જી વનના અમુક પડાવો ને ભૂલી ને ત્રણેય બહેનપણીઓ પ્રવાસ નો આનંદ પૂરેપૂરો માણવા માંગતી હતી પરંતુપરંતુ.. અનુભવો માણસના માનસ પટ પરથી ક્યારેય વિસરતા નથી હોતા

યાર!!બાળપણ થી લઈને કોલેજ સુધી સાથે ભણ્યા એ દિવસો માં ખૂબજ મજા કરી હતી..પણ પણ..સમય ની ધારા માં પત્ની,ભાભી અને નાની દાદી બન્યા ત્યારે આપણા અંદર ની તોફાની અલ્લડ યુવતી ખોવાઈ છે અત્યારે લાગે છે કે એને પુનઃ નાનકડી યુવતી બની ને પ્રવાસ નો આનંદ ભરપુર લેવો છે.

ઋતુ એ નીરુ અને દૃષ્ટિ ની સામે જોઈ ને કહ્યું કે હા!! યાર,મારા મગજ માંથી આશિષ એ કરેલ વીસ વર્ષ ના લગ્ન જીવન બાદ દગા નો સ્ટ્રેસ તમારા બન્ને સાથે વાતો કરતા કરતા હળવો થતો હોય એવું લાગે છે

દૃષ્ટિ ને થયું કે ઋતુ ફરી એ ટ્રોમા યાદ કરીને રડવા લાગશે એટલે એની વાત કાપીને મજાક કરતા બોલી કે નીરુ ના ઘરવાળા એ પચ્ચીસ ફોન "ચા ની તપેલી ક્યાં મૂકી છેઈસ્ત્રી કરેલ કપડાં ક્યાં?...નમક મળતું નથી.. મસાલિયા નો ડબ્બો ક્યાં..પાકીટ મળતું નથી.. મારો બેલ્ટ ગોતું છું પણ મળતો નથી..નાસ્તા ના ડબ્બાઓ તો ડાઈનિંગ ટેબલ પર મૂક્યા હોત વગેરે વગેરે ફોન કરીને સાબિત કર્યું કે એના ચશ્મા ના નંબર વધ્યા છે. પતિદેવ એ ડબ્બા વિશે તો ભાષણ આપ્યું પણ ટ્રેન ના ડબ્બા માં બિરાજમાન વિશે તો ભૂલથી પૂછવાની તસ્દી લીધી નહી.



અનુભવો
- રુપાલી દવે

નીરુ એ દૃષ્ટિ સામે ડોળા કાઢતા કહ્યું કે એલી!!તારા જીજાજી લગ્ન થયા એ બાદ ત્યારથી લઈને અત્યાર સુધી મે એને ઘરમાં સળી ના બે કટકા પણ કરવા દીધા નથી એટલે એને ક્યાંથી કઈ મળે? પહેલીવાર એને ભગવાન ભરોસે એકલા ઘરે મૂકી ને ફરવા હાલી નીકળી છું.મને તો ચિંતા થાય છે કે બિચારા એ નાસ્તો પણ સરખી રીતે કર્યો હશે કે નહી..

ઋતુ એ મોં બનાવતા ધીમેથી દૃષ્ટિ અને ઋતુ ને કીધું કે ભલે ને આશિષ એ ફોન કરીને મારી ખેર ખબર લીધી નથી પણ મારા ભવ્ય ના ચાર પાંચ ફોન આવી ગયા. તારા જીજાજી એ લફરું કર્યું એ પછી એની સાથે નો મારો વ્યવહાર તદન ઓછો થઈ ગયો છે.આશિષ ની સાથે ખપ પૂરતું જ બોલું છું.મે આશિષને મારા તરફ થી એની વાઘરણ સાથે રખડવા ભટકવા ની ખુલ્લી છૂટ આપી દીધી છે એટલે ભવ્ય સિવાઈ મને ઘરની કે ઘરવાળા ની ચિંતા નથી.

દૃષ્ટિ અને નીરુ એ તાળીઓ પાડીને ઋતુ ની વિચારોને બિરદાવતા બ્રેવો..બ્રેવો..કીધું.

દૃષ્ટિ એ બન્ને સખીઓ સામુ જોઈને કહ્યું કે આપણે તો બાળપણ થી જ બિન્દાસ જીવન જીવવા માંગતા હતા એટલે બાપા ના લાખ મનાવવા છતાંય લગ્ન ના ફંદા માં ફસાયા જ નથી એટલે શાંતિ છે.તમે બન્ને પ્રોમિસ કરો કે મસૂરી માં પહોંચતા જ ત્રણેય ત્રિપુટી ભેગી મળી ને ખૂબ ધમાલ કરીશું પ્રોમિસ કરો.

નીરુ અને ઋતુ એ દૃષ્ટિ ના હાથમાં પોતાના હાથ મુકીને પ્રોમિસ બોલ્યા.

ત્રણેય અલગ અલગ વિષય પર વાતો કરતી હતી ત્યાં અચાનક નીરુ એ ઋતુના કોલેજ કાળ ના રોમિયો જુલિયટ પ્રેમ સબંધ ની વાત નો ઉલ્લેખ કરતા કહ્યું કે ત્યારે ઋતુ નો આખી કોલેજ માં વટ હતો,ઋતુ ના લીધે આપણી ત્રિપુટી ચર્ચા માં રહેતી હતી.

ઋતુ ને પલાશ ની યાદ આવતા જ એ બોલી કે માન્યું કે કોલેજ કાળ માં મારી અને પલાશ ની જોડી રોમિયો જુલિયટ જેવી હતી પણ શેક્સપિયર ના નાટક માં જે રીતે રોમિયો જુલિયટ ના સબંધ નો અંત આવે છે એવો જ અમારા પ્રેમ સબંધ નો આવ્યો હતો.નાટક અને અમારા પ્રેમ ના અંત વચ્ચે ઘણા ફર્ક હતો મારે એ વખત થી જ સમજી જવાની જરૂર હતી કે મારા જીવન માં આવનાર જે કોઈ પુરુષ મને દગો જ આપશે.

ઋતુ ઊંડો નિસાસો નાખતા બોલી કે નીરુ, પ્રેમ અને સંબંધ વચ્ચે નાનકડી પાતળી રેખા હોય છે ભૂલથી પણ બન્ને શબ્દ વચ્ચેની રેખા ભુંસાઈ ને પ્રેમસંબંધ માં પરિણામે તો આવા સબંધ લાંબા સમય સુધી ટકતા નથી અંતે તૂટતા જ હોય છે.પલાશ ના અનુભવ પરથી સમજી શકાય કે પ્રેમમાં પાગલ પ્રેમી એની પ્રેમિકા ને રિઝવવા રાત દિવસ સતત પ્રેમાલાપ ભરી વાતો કર્યા કરતો હોય છે.જેવી પ્રેમિકા એના પ્રેમી ના "આઈ લવ યુ" શબ્દ માં ફસાઈ જાય એ બાદ રાત દિવસ સતત થતા પ્રેમાલાપ ધીમે ધીમે નહિવત થતા જતા હોય છે. સમય વીતતા દિવસ માં એકા દ વખત વાત કે મેસેજ આપલે પણ માંડ માંડ થતી હોય છે. બન્ને સ્થિતિ માં શું સાચું છે? પ્રેમ માં પડ્યા પહેલાનું કે પ્રેમ મેળવ્યા બાદ ની પ્રેમી પ્રેમિકાનું એકબીજા પરત્વે નું બેપરવા વર્તન..

દૃષ્ટિ એ નીરુ અને ઋતુ તરફ નજર કરતા કહ્યું કે પ્રેમ અને લગ્ન બાબતે મારો કાયમ મંતવ્ય એક જ રહેશે અને રહેવાનો છે. કામ વાસના ની તૃપ્તિ માટે જ પુરુષ મૂર્ખ સ્ત્રીઓને પ્રેમજાળ માં ફસાવી ને એની સાથે પ્રેમ નું નાટક કરતો હોય છે એટલે જ પુરુષ ના એક સ્ત્રી સાથે લગ્ન સિવાઈ ના લાંબા સબંધો ટકતા નથી વારંવાર પોતાની ભૂખ સંતોષવા એ પાત્રો બદલ્યા કરતા હોય છે એટલે તો

પ્રેમ શબ્દ એ અમુક સમયગાળા બાદ હાંફી ને હારી ને હથિયાર હેંઠા મૂકી નાસી જતો હોય છે,કેમ? સ્ત્રી અતિ લાગણીશીલ સ્વભાવની હોય છે એટલે એ જેના પણ પ્રેમમાં પડે છે એ વ્યક્તિ ને અતિ મૂલ્યવાન કિંમતી સમાન સમજી ને એની વધારે પડતી કેર કરવા લાગે છે.પ્રેમ અમુક સમય બાદ વધારે પડતી કેર માં ગુંગળાઈ ને મરી પરવારે છે ત્યારે એનું દર્દ એકલતા માં સ્ત્રીઓની આંખો માંથી વરસ્યા કરતું હોય છે.

દૃષ્ટિ અને ઋતુ સામે જોઈને હસતા હસતા નીરુ બોલી કે આપણે ખાસ દેખાવે સુંદર નહતા એટલે કોલેજ સમયમાં મને તમારા બન્ને ની ખૂબ ઈર્ષા આવતી હતી. છોકરા તો શું છોકરીઓ પણ તમારા બન્ને ની સુંદરતા થી પ્રભાવિત થઈ જતી હતી. બ્યુટી પાર્લર માં જઈને ગમે તેટલું ફેસ ચમકાવવા ના પ્રયત્ન કરું પણ મારા ચહેરા પર ભગવાને પાક્કા રંગ નો ઓઈલ પેન્ટ લગાવ્યો છે એટલે બધી મહેનત પાણી માં જતી હતી. જ્યારે પહેલી વાર રાજીવ મને મારા ઘરે જોવા આવ્યા ત્યારે થયું હતું કે રૂપાળા ઊંચા હેન્ડસમ રાજીવ ને મારું છાપેલું કાટલું તો બિલકુલ પસંદ પડશે નહી એટલે નકામી ચા ની ટ્રે પકડી ને બેઠક ખંડ માં જવું નથી.

આમપણ કેટલાય મુરતિયા એ મને રિજેક્ટ કરી દીધી હતી એટલે આત્મ વિશ્વાસની ખાસ્સી કમી હતી છતાંય ચા ની ટ્રે પકડી ને જવું તો પડ્યું હતું. મને સો ટકા લાગતું હતું કે રાજીવ મને રિજેક્ટ કરી દેશે પણ એના તરફ થી હા સાંભળતા જ મને ખુદ ના કાન પર વિશ્વાસ બેસતો નહતો. પ્રથમ વખત સગાઈ બાદ રાજીવ ને હા પાડવાનું કારણ પૂછ્યું ત્યારે એણે કહ્યુ હતુ કે નીરુ, તારી આંખ એટલી સુંદર છે ને કે જોતાજ નક્કી કરી લીધું હતું કે તારી આંખો માં ખોવાઈ ને તારી સાથે જિંદગી ના પ્રત્યેક પળ પસાર કરીશ..ઋતુ,મારી જિંદગી નો અનુભવ કહે છે કે ક્યારેય કોઈ વ્યક્તિ ખરાબ નથી હોતી સમય અને સંજોગો માણસ ને ખરાબ બનવા પ્રેરતા હોય છે.

ઋતુ એ દૃષ્ટિ અને નીરુ ને કહ્યું કે એકદમ સાચી વાત છે પરણિત સ્ત્રીના જીવનમાં એનો પરિવાર જ એનું જીવન હોય છે એટલે તો આશિષ સાથેના વૈવાહિક સબંધો ની સરહદ ને મજબૂતીથી પકડી રાખી છે.

ત્રણેય બહેનપણીઓ એકબીજા ના હાથ મજબૂતી થી પકડી ને બોલી કે કદાચ લાઈફ ના અનુભવો કડવા ખોટા કે તુરા હશે પણ લાઈફ નો ફર્સ્ટ અને લાસ્ટ બેસ્ટ ફ્રેન્ડ ના અવિરત પચાસ વર્ષ થી ચાલ્યા કરતા અનુભવો ક્યારેય તૂટશે નહી..

# ગોવામાં IFFI 2025 સમાપનમાં ઈન્ડિયન સ્ટાર્સ ઝળક્યા

56મા ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલ ઓફ ઈન્ડિયા (IFFI 2025)નું સમાપન શુક્રવારે ગોવામાં થયું. નવ દિવસ સુધી ચાલેલા આ ફેસ્ટિવલમાં દુનિયાભરના ઘણા ફિલ્મમેકર્સ અને કલાકારોએ ભાગ લીધો.સમાપન સમારોહમાં ગોવાના મુખ્યમંત્રી ડૉ.પ્રમોદ સાવંત અને માહિતી અને પ્રસારણ રાજ્ય મંત્રી ડૉ. એલ. મુરુગન હાજર રહ્યા.
આ ઉપરાંત સુપરસ્ટાર રજનીકાંત, રણવીર સિંહ, ઋષભ શેટ્ટી, નવાઝુદ્દીન સિદ્દીકી, ટોવિનો થોમસ, વિનીત સિંહ, જર્મન એક્ટ્રેસ કેથરીના શટલર, રાજેશ્વરી સચદેવ, રમેશ સિપ્પી અને રાકેશ ઓમપ્રકાશ મેહરા જેવા પણ હાજર રહ્યા. રજનીકાંતને મળ્યું સન્માન રજનીકાંતને ભારતીય સિનેમામાં 50 વર્ષ પૂરા કરવા બદલ લાઈફટાઈમ અચીવમેન્ટ એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા. રજનીકાંત સવારે જ ગોવા પહોંચ્યા હતા, જ્યાં હોટલ સ્ટાફ અને ચાહકોએ તેમનું સ્વાગત કર્યું હતું.






સન્માન મળવા પર રજનીકાંતે કહ્યું, હું ખૂબ જ નમ્રતા અને કૃતજ્ઞતા સાથે અહીં ઊભો છું અને 50 વર્ષના મારા કામને બિરદાવવા અને સન્માનિત કરવા બદલ દેશની સરકારનો હૃદયપૂર્વક આભાર માનું છું. જો હું પાછળ ફરીને જોઉં તો લાગે છે કે મેં માત્ર 10-15 વર્ષ કામ કર્યું છે અને તેનું કારણ ફક્ત સિનેમા અને અભિનય પ્રત્યેનો મારો પ્રેમ છે. તેથી, 100 વર્ષ પછી પણ હું ફરીથી એક્ટર, એટલે કે રજનીકાંત તરીકે જન્મ લેવા ઈચ્છીશ. તમારા પ્રેમ અને સ્નેહ બદલ આભાર.

સમાપન કાર્યક્રમમાં આ વર્ષે દિવંગત થયેલા ફિલ્મ જગતના દિગ્ગજોને પણ શ્રદ્ધાંજલિ આપવામાં આવી. 'ઈન ફોન્ડ રિમેમ્બરન્સ ઓફ ધ આર્ટિસ્ટ્સ વી લોસ્ટ' શીર્ષક હેઠળ આયોજિત આ પ્રસ્તુતિમાં ધર્મેન્દ્ર, કામિની કૌશલ, સુલક્ષણા પંડિત, સતીશ શાહ, પીયૂષ પાંડે, ઝુબિન ગર્ગ અને શ્યામ બેનેગલને યાદ કરવામાં આવ્યા.

## પુરસ્કારોની જાહેરાત...

- IFFI માં આ વર્ષનો ગોલ્ડન પીકોક એવોર્ડ વિયેતનામી ફિલ્મ 'સ્કિન ઓફ યૂથ' ને મળ્યો. ફિલ્મના ડિરેક્ટર એશ મેફેયર અને એક્ટ્રેસ ટ્રાન ક્વાને મંચ પર આ સન્માન સ્વીકાર્યું.
- બેસ્ટ એક્ટર (મેલ) માટે સિલ્વર પીકોક પુરસ્કાર ઉબાઈમર રિયોસને ફિલ્મ 'એ પોએટ' માટે આપવામાં આવ્યો, જ્યારે બેસ્ટ એક્ટ્રેસનું સન્માન ઝારા સોફિઝા ઓસ્ટાનને મળ્યું.
- મરાઠી ફિલ્મ 'ગોંધળ' ના ડિરેક્ટર સંતોષ દવાખરને બેસ્ટ ડિરેક્ટર (સિલ્વર પીકોક) પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા.
- ઈરાનના દિગ્દર્શક હેસામ ફરહમંદ અને એસ્ટોનિયાના ફિલ્મમેકર ટોનિસ પિલને બેસ્ટ ડેબ્યુ ડિરેક્ટરનો સંયુક્ત પુરસ્કાર મળ્યો.
- નોર્વેની ફિલ્મ 'સેફ હાઉસ'ને ICFT-UNESCO ગાંધી મેડલ આપવામાં આવ્યો. આ ફિલ્મની પ્રશંસા માનવતા અને સાચા-ખોટા વચ્ચેના સંઘર્ષને સારી રીતે દર્શાવવા બદલ કરવામાં આવી.
- ફિલ્મ 'માય ફાધર્સ શેડો' માટે અકિનોલા ડેવિસ જુનિયરને સ્પેશિયલ જ્યુરી એવોર્ડ આપવામાં આવ્યો.
- ઈન્ડિયન પેનોરમા સેક્શનમાં આ વર્ષે 25 ફીચર ફિલ્મો, 20 નોન-ફીચર ફિલ્મો અને 5 ડેબ્યુ ફીચર્સનો સમાવેશ થતો હતો.
- કરણ સિંહ ત્યાગીને ફિલ્મ 'કેસરી ચેપ્ટર 2' માટે બેસ્ટ ડેબ્યુ ડિરેક્ટરનું સન્માન મળ્યું.
- IFFI 2025 માં પહેલીવાર OTT કેટેગરીમાં પણ એવોર્ડ આપવામાં આવ્યો. વેબ સિરીઝ 'બંધિશ બેન્ડિટ્સ સીઝન 2' ને બેસ્ટ વેબ સિરીઝ તરીકે પસંદ કરવામાં આવી.

# રણબીર-દીપિકાની નવી ફિલ્મ ચોરી ચોરી પર આધારિત હશે...

મુંબઈ : દીપિકા પદુકોણે થોડા દિવસો પહેલાં જ સંકેત આપ્યો હતો કે તે રણબીર કપૂર સાથે એક રોમકોમ ફિલ્મ કરવાની છે. હવે એવી વાત બહાર આવી છે કે આ એ જ ફિલ્મ હશે જેનાથી રણબીર કપૂર તેના દાદા રાજ કપૂરનું આર કે બેનર રિવાઈવ કરી રહ્યો છે. વધુમાં આ ફિલ્મ રાજ કપૂર અને નરગિસની ક્લાસિક ફિલ્મ 'ચોરી ચોરી' પર આધારિત હશે તેમ પણ કહેવાય છે. ઉલ્લેખનીય છે કે મૂળ 'ચોરી ચોરી ' ફિલ્મ પણ વાસ્તવમાં હોલીવૂડની એક ફિલ્મ 'ઈટ હેપન્ડ વન નાઈટ'નું ભારતીય રુપાંતર જ હતી. આ જ વાર્તા પરથી આમિર ખાન અને પૂજા ભટ્ટની 'દિલ હૈ કિ માનતા નહિ' પણ બની ચૂકી છે.

જોકે, એવો દાવો થઈ રહ્યો છે કે રણબીર કપૂર અને દીપિકા પદુકોણની નવી ફિલ્મનો ડાયરેક્ટર અયાન મુખર્જી 'ચોરી ચોરી'ની મૂળ વાર્તાનો સહારો લઈ તેને આધુનિક સંદર્ભમાં ઢાળવાનો છે. થોડા દિવસો પહેલાં સોશિયલ મીડિયા પર એક ચાહકે રણબીર અને દીપિકાની જોડી ફરી ફિલ્મી પડદે આવવી જોઈએ તેવી ડિમાન્ડ મૂકી હતી. દીપિકા પદુકોણે તેને લાઈક કરીને અનુમોદન આપ્યું હતું. એવું મનાય છે કે ફિલ્મની જાહેરાત પૂર્વે સોશિયલ મીડિયા સ્ટ્રેટેજી રુપે જ આ સંકેત આપવામાં આવ્યો હતો.

# અશનૂર કૌરે તાન્યા પર કાવડ ફેંક્યું...?

મુંબઈ : 'બિગ બોસ 19' કન્ટેસ્ટન્ટ અશનૂર કૌર તાજેતરમાં ટિકિટ ટુ ફિનાલે ટાસ્કમાં હિંસક બની ગઈ. તેણે ટાસ્કમાં ઉપયોગમાં લેવાઈ રહેલો લાકડાનું કાવડ તાન્યા મિત્તલ તરફ ફેંક્યું, જેનાથી તેને ઈજા થઈ. વીડિયો વાયરલ થયા પછી અશનૂરના એવિક્શનની માંગ થઈ હતી, જેના પછી હવે શોની પૂર્વ કન્ટેસ્ટન્ટ કામ્યા પંજાબીએ પણ અશનૂરના વર્તનની ટીકા કરી છે.

હે ભગવાન, જો આ અશનૂરે જાણી જોઈને કર્યું હોય તો તે બિલકુલ ખોટું હતું. આખી સિઝનમાં તેણે સારું પરફોર્મન્સ કર્યું, પોતાની ક્લાસ અને પોતાની ગરિમા ખૂબ સારી રીતે જાળવી રાખી, પરંતુ અંતમાં આવીને આવું કરવું બિલકુલ જરૂરી નહોતું. ચાલો, સાચું-ખોટું, સત્ય-અસત્ય, આ બધું તો વીકએન્ડ પર સ્પષ્ટ થઈ જ જશે.

આ પહેલા ઘરના હાલના 8 સ્પર્ધકો વચ્ચે ટિકિટ ટુ ફિનાલે ટાસ્ક થયો હતો. એક ટાસ્કમાં બધા ઘરવાળાઓને પાણી ભરીને ટ્રેક પાર કરવાનો હતો, જ્યારે બીજા ઘરવાળાઓને તે પાણી ભરેલું કાવડ પાડવાનો પ્રયાસ કરવાનો હતો.

ટાસ્કમાં અશનૂર કૌર લાકડાના કાવડથી બાંધેલા પાત્રમાં પાણી લઈ જઈ રહી હતી, ત્યારે તાન્યાએ પાણી ઢોળી નાખ્યું. આનાથી અશનૂર ગુસ્સે થઈ ગઈ અને તેણે જાણી જોઈને કાવડ એવી રીતે ફેંક્યું, જેનાથી તાન્યા મિત્તલના માથા પર જોરથી વાગ્યું.

તાન્યા, અશનૂરના વર્તનથી આઘાતમાં સરી પડી. આગળ અશનૂરે એ જરૂર કહ્યું કે તેણે જાણી જોઈને નથી કર્યું, જોકે તેના હાવભાવથી સ્પષ્ટ હતું કે તેણે આ જાણી જોઈને કર્યું હતું. શોમાંથી વીડિયો સામે આવ્યા બાદ શોના ઘણા ચાહકોએ અશનૂરને શોમાંથી બહાર કાઢવાની માગ પણ કરી હતી. જોકે, બિગ બોસે કોઈ કાર્યવાહી કરી ન હતી, જેના પછી ચાહકોને વીકેન્ડ કા વાર એપિસોડની રાહ છે.



# માધુરી દીક્ષિત 'બિગ બોસ 19'માં જોવા મળશે

### સોશિયલ મીડિયા પર સલમાન સાથે વીડિયોમાં જોવા મળી; એક્ટ્રેસ અપકમિંગ સિરીઝ 'મિસિસ દેશપાંડે'ને પ્રમોટ કરવા પહોંચી હતી

મુંબઈ : એક્ટ્રેસ માધુરી દીક્ષિત આ અઠવાડિયે રિયાલિટી શો 'બિગ બોસ 19' ના વીકેન્ડ કા વાર એપિસોડમાં જોવા મળશે. સોશિયલ મીડિયા પર તેમનો એક વીડિયો સામે આવ્યો છે.

વીડિયોમાં માધુરી સફેદ ડ્રેસમાં સલમાન ખાન સાથે પોઝ આપતી જોવા મળી રહી છે. શોમાં તે પોતાની આગામી સિરીઝ 'મિસિસ દેશપાંડે'ને પ્રમોટ કરવા પહોંચી છે. જેવો જ માધુરી અને સલમાનનો આ વીડિયો સામે આવ્યો, સોશિયલ મીડિયા પર ચાહકોની પ્રતિક્રિયાઓ આવવા લાગી.

એક યુઝરે લખ્યું, 'હું આ જોડીને હમ આપકે હૈં કૌન 2 માં ફરીથી જોવા માગુ છું. બીજાએ મજાકિયા અંદાજમાં કહ્યું, 'મળી આ લોકો રહ્યા છે, ખુશી અમને થઈ રહી છે, આવું કેમ?'

સલમાન અને માધુરીની ઓન-સ્ક્રીન જોડી માધુરી દીક્ષિત અને સલમાન ખાનની જોડી 90ના દાયકાની ઓન-સ્ક્રીન હિટ જોડીઓમાંની એક રહી હતી. બંનેએ ઘણી ફિલ્મોમાં સાથે કામ કર્યું. તેમની પહેલી ફિલ્મ 'સાજન' (1991) હતી, જેમાં સંજય દત્ત પણ હતો. ત્યારબાદ ફિલ્મ 'દિલ તેરા આશિક' (1993)માં બંનેની કેમેસ્ટ્રીને દર્શકોએ ખૂબ પસંદ કરી. 1994માં આવેલી ફિલ્મ 'હમ આપકે હૈં કૌન..!' એ બોક્સ ઓફિસ પર શાનદાર પ્રદર્શન કર્યું અને ફિલ્મમાં સલમાન અને માધુરીની જોડી પણ લોકોને પસંદ આવી.

વર્ષ 2002માં ફિલ્મ હમ તુમ્હારે હૈં સનમમાં બંને ફરી જોવા મળ્યા હતા, જેમાં શાહરુખ ખાન પણ મુખ્ય ભૂમિકામાં હતા. ફિલ્મમાં સલમાને માધુરીના બાળપણના મિત્રનું પાત્ર ભજવ્યું હતું.

જ્યારે, સિરીઝ 'મિસેસ દેશપાંડે'ની વાત કરીએ તો તેમાં માધુરી એક અલગ કિરદારમાં જોવા મળશે. તેના ટીઝર પરથી ખબર પડે છે કે તે આ વખતે ઊંડા અને ભાવનાત્મક રોલમાં દેખાશે. આ શોનું નિર્દેશન નાગેશ કુકુનૂરે કર્યું છે. એપ્લોઝ એન્ટરટેઈનમેન્ટ અને કુકુનૂર મૂવીઝ દ્વારા નિર્મિત આ સિરીઝ 19 ડિસેમ્બરથી હોટસ્ટાર પર સ્ટ્રીમ થશે.



# 'સાઉથ કરતાં બોલિવૂડમાં મહિલાઓનું ઓબ્જેક્ટિફિકેશન વધુ'

મુંબઈ : સાઉથની ફિલ્મો પર અવારનવાર મહિલાઓને વસ્તુની જેમ રજૂ કરવા (ઓબ્જેક્ટિફિકેશન)નો આરોપ લાગતો રહ્યો છે. આ મુદ્દે ઘણી ચર્ચાઓ અને વિચાર-વિમર્શ પણ થતા રહ્યા છે. હવે એક્ટ્રેસ રાશિ ખન્નાએ આ મુદ્દે પોતાનો અભિપ્રાય વ્યક્ત કર્યો છે. રાશિ બોલિવૂડ અને સાઉથ સિનેમા બંનેમાં જાણીતું નામ છે. તેણે પોતાના એક ઈન્ટરવ્યૂમાં સ્વીકાર્યું કે આવું માત્ર સાઉથ ઈન્ડસ્ટ્રીમાં જ નહીં, પરંતુ બોલિવૂડમાં પણ થાય છે.

ઝૂમને આપેલા ઈન્ટરવ્યૂમાં સાઉથ સિનેમામાં મહિલાઓના ચિત્રણ પર રાશિએ કહ્યું- 'આ માત્ર સાઉથની વાત નથી. હું તેને ઉત્તર ભારતમાં પણ ઘણું જોઉં છું. આ સંપૂર્ણપણે એક્ટરની પસંદગી પર આધાર રાખે છે. કેટલાક લોકો આનાથી સહજ હોય છે, કેટલાક નથી.' 'મેં સાઉથમાં એટલી બધી કોમર્શિયલ ફિલ્મો કરી છે કે મને લાગે છે કે મારે હિન્દીમાં પણ આગળ વધવું જોઈએ અને કન્ટેન્ટ પર કામ કરવું જોઈએ. મને કોમર્શિયલ કામ કરવામાં કોઈ વાંધો નથી, પરંતુ મારી પણ એક મર્યાદા છે. દરેક એક્ટરની મર્યાદા અલગ હોય છે, અને તે જ તેની ઓળખ હોય છે.'

તેણે આગળ કહ્યું- 'એ ખૂબ જ જરૂરી છે કે હું જે કરી રહી છું તેમાં હું આરામદાયક રહું. જો મને લાગે કે કોઈ મર્યાદા ઓળંગાઈ રહી છે અને હું તેમાં સસ્તી લાગી શકું છું, તો હું ના પાડી દઈશ. દરેક એક્ટરનો કમ્ફર્ટ ઝોન અલગ હોય છે, અને હું કોઈને જજ કરતી નથી.' રાશિ ટૂંક સમયમાં ફિલ્મ 'ઉસ્તાદ ભગત સિંહ'માં જોવા મળશે. પવન કલ્યાણ અને શ્રી લીલા અભિનીત આ ફિલ્મ એપ્રિલ 2026માં થિયેટરોમાં રિલીઝ થશે. આ ઉપરાંત, તે શાહિદ કપૂરની સામે પ્રાઈમની સિરીઝ 'ફર્ઝી સિઝન 2'માં પણ જોવા મળશે.

# 'ઈશ્ક'ની રિલીઝને 28 વર્ષ પૂરાં થતાં સુંદર સેલિબ્રેશન



અજય દેવગન અને કાજોલ અભિનીત ફિલ્મ 'ઈશ્ક'ની રિલીઝને 28 વર્ષ પૂરા થયા છે. ફિલ્મના 28 વર્ષ પૂરા થવા પર અજયે તેને મજેદાર રીતે સેલિબ્રેટ કર્યું છે. એક્ટરે પોતાના ઈન્સ્ટાગ્રામ પર એક પોસ્ટ શેર કરી છે, જે કાજોલ અને તેમના ફેન્સને ખૂબ પસંદ આવી રહી છે.

અજયે કાજોલ સાથે ત્રણ ફોટો શેર કર્યા છે. પહેલા ફોટોમાં ફિલ્મ 'ઈશ્ક'ના સીનનો છે, જેમાં તે કાજોલને ગળે લગાડી રહ્યા છે અને કેપ્શનમાં લખ્યું છે- ઈશ્ક હુઆ. જ્યારે, બીજો ફોટો તેમણે પોતાના લગ્નનો પોસ્ટ કર્યો, જેના પર કેપ્શનમાં લખ્યું છે- કૈસે હુઆ.

ત્રીજા ફોટોમાં અજય કાજોલ અને તેના બંને બાળકો સાથે જોવા મળી રહ્યા છે અને કેપ્શનમાં લખ્યું છે- સારું થયું.

આ ત્રણેય ફોટો શેર કરીને અજયે કેપ્શનમાં લખ્યું- જૈસે હુઆ અચ્છા હી હુઆ હૈ. ★28Yearsofishq

પતિ અજયની પોસ્ટ પર કાજોલે પણ મજેદાર કમેન્ટ કરી. તેણે કમેન્ટ કરીને પૂછ્યું-'છેલ્લી સ્લાઈડમાં આપણા કૂતરા ક્યાં છે?'

બંનેના ફેન્સ હવે આ મજેદાર વાતચીત પર ખૂબ પ્રેમ વરસાવી રહ્યા છે. કોઈ અજય-કાજોલને બેસ્ટ કપલ કહી રહ્યું છે તો કોઈ બંને માટે પોતાનો પ્રેમ વ્યક્ત કરી રહ્યું છે. જણાવી દઈએ કે, ડિરેક્ટર ઈન્દ્ર કુમારની રોમેન્ટિક કોમેડી ફિલ્મ 'ઈશ્ક' 1997માં રિલીઝ થઈ હતી. ફિલ્મમાં કાજોલ અને અજય ઉપરાંત આમિર ખાન, જૂહી ચાવલા, દિલીપ તાહિલ, સદાશિવ અમરાપુરકર, જોની લીવર અને મોહન જોશી મુખ્ય ભૂમિકાઓમાં હતા. 11 કરોડ રૂપિયાના ખર્ચે બનેલી આ ફિલ્મે 45 કરોડ રૂપિયાથી વધુનો બિઝનેસ કર્યો હતો. તેના ગીતો આજે પણ લોકોમાં લોકપ્રિય છે.

# 'પલાશ-સ્મૃતિના લગ્ન અમે નથી તોડ્યા'

### કોરિયોગ્રાફર નંદિકા અને ગુલનાઝે કહ્યું- 'કોઈ સાથે ફોટો હોવાનો અર્થ એ નથી કે અમારે અંગત સંબંધ છે'



મુંબઈ : ભારતીય મહિલા ક્રિકેટ ટીમની વાઈસ કેપ્ટન સ્મૃતિ મંધાના અને ફિલ્મમેકર પલાશ મુચ્છલના લગ્ન તૂટ્યા બાદ વિવાદ વધી ગયો છે. સોશિયલ મીડિયા પર ઘણી પોસ્ટમાં દાવો કરવામાં આવી રહ્યો છે કે પલાશ, સ્મૃતિને છેતરી રહ્યો હતો અને મ્યુઝિક નાઈટમાં સ્મૃતિએ તેને એક કોરિયોગ્રાફર સાથે રંગે હાથ પકડી પાડ્યો હતો. હવે આ દાવાઓ પર કોરિયોગ્રાફરે મૌન તોડતા સ્પષ્ટ કર્યું છે કે તેમને આ વિવાદ સાથે કોઈ લેવાદેવા નથી. દાવો કરવામાં આવી રહ્યો હતો કે બોસ્કો ગ્રુપની બે કોરિયોગ્રાફર નંદિકા દ્વિવેદી અને ગુલનાઝના કારણે સ્મૃતિ-પલાશના લગ્ન તૂટ્યા. આ બંને કોરિયોગ્રાફર્સને મ્યુઝિક નાઈટની કોરિયોગ્રાફી માટે હાયર કરવામાં આવી હતી. રેડિટ પોસ્ટ અનુસાર, સ્મૃતિની મિત્ર શ્રેયંકા પાટીલે પલાશને કોરિયોગ્રાફર નંદિતા સાથે રંગે હાથ પકડ્યો હતો, જેના પછી લગ્ન તૂટ્યા. આ દાવાઓ સાથે જ કોરિયોગ્રાફર નંદિકા અને ગુલનાઝના નામ ટ્રેન્ડ કરવા લાગ્યા. આના પર હવે કોરિયોગ્રાફર ગુલનાઝે સ્પષ્ટતા કરતા લખ્યું છે- મારા અને મારી મિત્ર નંદિકા વિશે ઘણી અટકળો અને ખોટા દાવાઓ ફેલાઈ રહ્યા છે, તેથી હું તેને એકદમ સ્પષ્ટ કરવા માગું છું.

અમે આ મામલામાં સામેલ નથી. ફક્ત કોઈને સામાજિક રીતે જાણવું અથવા તેમની સાથે ફોટો હોવાનો અર્થ એ નથી કે અમે તેમના અંગત મામલાઓ સાથે જોડાયેલા છીએ. કૃપા કરીને વસ્તુઓને સન્માનજનક રાખો અને વિચાર્યા વગરના નિષ્કર્ષ ન કાઢો. અમે તમારી સમજણ અને સહયોગની પ્રશંસા કરીએ છીએ. જણાવી દઈએ કે પલાશ મુચ્છલ અને સ્મૃતિ મંધાનાના લગ્ન 23 નવેમ્બરે થવાના હતા.

તેના બરાબર એક દિવસ પહેલા સ્મૃતિના પિતાની અચાનક તબિયત બગડતા તેમને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા. ત્યારબાદ સિંગર પલક મુચ્છલે સોશિયલ મીડિયા દ્વારા જાણકારી આપી કે સ્મૃતિ અને પલાશના લગ્ન મોકૂફ રાખવામાં આવ્યા છે. લગ્ન મોકૂફ રહ્યા બાદ સામે આવ્યું કે સ્મૃતિના પિતા જ નહીં પરંતુ પલાશ મુચ્છલ પણ હોસ્પિટલમાં દાખલ છે. વિવાદો વચ્ચે સ્મૃતિ મંધાનાએ સોશિયલ મીડિયા પરથી લગ્ન સંબંધ સંબંધિત તમામ પોસ્ટ ડિલીટ કરી દીધી.

# વિરાટ-રોહિતના ભવિષ્ય પર BCCIએ મીટિંગ બોલાવી

## 2027 વર્લ્ડ કપ સુધી ફિટનેસનું પ્લાનિંગ માંગશે, ઘરેલું ક્રિકેટ રમવા પર બોર્ડ ભાર મુકશે...

વિરાટ કોહલી અને રોહિત શર્માના ભવિષ્યને લઈને BCCIએ 6 ડિસેમ્બર પછી મીટિંગ બોલાવી છે. આમાં કોચ ગૌતમ ગંભીર અને ચીફ સિલેક્ટર અજીત અગરકર પણ હાજર રહેશે. 1 રિપોર્ટ મુજબ એક બોર્ડ અધિકારીએ જણાવ્યું કે 2027 વનડે વર્લ્ડ કપમાં હજુ સમય છે, પરંતુ રોહિત અને વિરાટ સાથે આ વિશે અત્યાર સુધી કોઈ વાતચીત થઈ નથી. આને ધ્યાનમાં રાખીને તેમની ભૂમિકા અને ટીમની રણનીતિ સ્પષ્ટ કરવા માટે આ મીટિંગ થશે. ભારત અને સાઉથ આફ્રિકા વચ્ચે ત્રણ વનડે મેચોની સીરીઝનો છેલ્લો મુકાબલો 6 ડિસેમ્બરે વિશાખાપટ્ટનમમાં રમાશે.

આ પછી આ મીટિંગ કાં તો વિશાખાપટ્ટનમમાં જ થશે અથવા તો થોડા દિવસો પછી અમદાવાદમાં થશે. બંને સિનિયર બેટ્સમેનોને ફિટનેસ અને ફોર્મ જાળવી રાખવા માટે વધુમાં વધુ ઘરેલું ક્રિકેટ રમવાની સલાહ આપવામાં આવશે. હાલમાં રોહિત શર્મા અને વિરાટ કોહલી ટેસ્ટ અને ટી-20 ઈન્ટરનેશનલમાંથી નિવૃત્તિ લઈ ચૂક્યા છે અને હવે ફક્ત વનડે ક્રિકેટ રમી રહ્યા છે.

રોહિતને નિવેદન આપવાની મનાઈ ફરમાવી બોર્ડના એક સૂત્રએ જણાવ્યું કે, રોહિત અને વિરાટ જેવા સ્તરના ખેલાડીઓને ભવિષ્યમાં તેમની પાસેથી શું અપેક્ષા રાખવામાં આવે છે તે વિશે સ્પ-ષ્ટપણે જાણ હોવી જોઈએ. જ્યારે વર્તમાન ટીમ મેનેજમેન્ટ તેમની પાસેથી શું ઈચ્છે છે, કારણ કે તેઓ અનિશ્ચિતતા સાથે ટીમ ઈન્ડિયા માટે ક્રિકેટ રમી શકતા નથી. જ્યારે બોર્ડે રોહિતને તેની ફિટનેસ અને પ્રદર્શન પર ધ્યાન કેન્દ્રિત કરવા કહ્યું છે. આ ઉપરાંત, ભવિષ્ય વિશે નિવેદનો આપવાની પણ મનાઈ ફરમાવી છે.

રોહિત આક્રમક ક્રિકેટ ચાલુ રાખે સૂત્રએ જણાવ્યું કે, ટીમ ઈચ્છે છે કે રોહિત ICC ચેમ્પિયન્સ ટ્રોફીની જેમ જ પોતાની આક્રમક ક્રિકેટિંગ શૈલી સાથે બેટિંગ કરતા રહે. આશા છે કે તે ટોપ ઓર્ડરમાં એક નીડર બેટ્સમેન તરીકે રમશે. ઓસ્ટ્રેલિયામાં પરિસ્થિતિઓ મુશ્કેલ હતી .



## 'રોહિત-કોહલી 2027નો વર્લ્ડ કપ રમી શકે છે' ફિટ રહે -રમવા માગે તો મુશ્કેલ નથી : મોર્કલ

રાંચી : ટીમ ઈન્ડિયાના બોલિંગ કોચ મોર્ને મોર્કલનું માનવું છે કે પૂર્વ કેપ્ટન રોહિત શર્મા અને વિરાટ કોહલી 2027માં યોજાનાર વનડે વર્લ્ડ કપમાં રમી શકે છે. શરત એ છે કે, તેઓ માનસિક અને શારીરિક રીતે ફિટ રહે અને માનસિક રીતે અનુભવે કે તેમનું શરીર આવું કરી શકે છે. તો મુશ્કેલ નથી. ભારતીય કોચને રોહિત-કોહલીના ભવિષ્યને લઈને સવાલ પૂછવામાં આવ્યો હતો. હકીકતમાં, રોહિત અને કોહલી હવે માત્ર વનડે ક્રિકેટ જ રમી રહ્યા છે. બંનેએ ટી-20 અને ટેસ્ટમાંથી નિવૃત્તિ લઈ લીધી છે. ત્યારથી રોહિત-કોહલીના ભવિષ્ય પર સવાલો ઉઠી રહ્યા છે.

શુક્રવારે રાંચીમાં પ્રેક્ટિસ સેશન પછી મોર્કલને પૂછવામાં આવ્યું કે શું તેઓ ઈચ્છે છે કે રોહિત અને કોહલી વનડે વર્લ્ડ કપમાં રમે? આના પર મોર્કલે કહ્યું- હજુ આમાં ઘણો સમય છે.

તે બંને સારા ખેલાડીઓ છે. જ્યાં સુધી રોહિત-કોહલી સખત મહેનત કરી રહ્યા છે અને ફિટનેસ તેમનો સાથ આપી રહી છે, ત્યાં સુધી કોઈ સમસ્યા નથી. મેં હંમેશા અનુભવ પર ભરોસો કર્યો છે. એ અનુભવ જે તમને બીજે ક્યાંય મળતો નથી.



મોર્કલે આગળ કહ્યું- રોહિત-કોહલીએ ઘણી ટ્રોફી જીતી છે, તેમને મોટી ટુર્નામેન્ટ રમવાનો અનુભવ છે. હા, વર્લ્ડ કપમાં તેઓ ચોક્કસ રમી શકે છે. મેં તેમની સામે ઘણી મેચો રમી છે. જો તેઓ માનસિક અને શારીરિક રીતે તૈયાર હોય તો 2027નો વર્લ્ડ કપ દૂર નથી.

રોહિત-કોહલી 9 મહિના પછી ઘરઆંગણે રમશે રોહિત શર્મા અને વિરાટ કોહલી 9 મહિના પછી ઘરઆંગણે એકસાથે આંતરરાષ્ટ્રીય ક્રિકેટ મેચ રમશે. બંનેએ છેલ્લીવાર ઈંગ્લેન્ડ સામે 12 ફેબ્રુઆરી 2025ના રોજ અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં રમ્યા હતા. મોર્કલે કહ્યું- અમારી પાસે પોતાને રીસેટ કરવાની તક છે મોર્કલે પ્રેક્ટિસ સેશન પહેલા કહ્યું, છેલ્લા બે અઠવાડિયા નિરાશાજનક રહ્યા, પરંતુ હવે અમારી પાસે કેટલાક દિવસ પોતાને રીસેટ કરવા માટે છે. હવે આપણે આપણી પૂરી એનર્જી વનડે ક્રિકેટ પર લગાવવાની છે. છેલ્લા કેટલાક વર્ષોમાં ટીમે આ ફોર્મેટમાં સારું પ્રદર્શન કર્યું છે. તેમણે કહ્યું કે ટેસ્ટ સિરીઝ જીતીને આવેલી સાઉથ આફ્રિકાની ટીમ ખૂબ જ આત્મવિશ્વાસમાં છે.

# વુમન્સ બિગ બેશમાંથી જેમિમાહે પોતાનું નામ પાછું ખેંચ્યું

## સ્મૃતિ સાથે રહેવાનો નિર્ણય; સુનીલ શેટ્ટી બોલ્યા- સાચા ટીમ-મેટ આવા જ હોય છે



### જેમિમાહ સ્મૃતિની સાથે ઊભી છે. સાચા ટીમમેટ આવા જ હોય છે.

### સાચા, સીધા અને પોતાના

જેમિમાહ બ્રિસ્બેન હીટની નંબર-1 પિક હતી જેમિમાહ આ વર્ષે ઈન્ટરનેશનલ પ્લેયર ડ્રાફટમાં બ્રિસ્બેન હીટની નંબર-1 પિક હતી અને શાનદાર ફોર્મમાં પણ હતી.

ભારત માટે તેનું યોગદાન ખૂબ જ મહત્વપૂર્ણ રહ્યું છે. તેણે સેમિફાઈનલમાં ઓસ્ટ્રેલિયા સામે સદી ફટકારીને ખાસ કરીને ભારતને મહિલા વર્લ્ડ કપ ફાઈનલ સુધી પહોંચાડ્યું અને પછી ખિતાબ અપાવ્યો.

જેમિમાહ માટે મુશ્કેલ સમય બ્રિસ્બેન હીટના CEO ટેરી સ્વેન્સને તેને જેમિમાહ માટે મુશ્કેલ સમય ગણાવ્યો. તેમણે કહ્યું- જોકે આ અમારા માટે નુકસાન છે, પરંતુ અમે સંપૂર્ણપણે સમજીએ છીએ અને તેમના નિર્ણયનું સન્માન કરીએ છીએ. ક્લબ વતી અમે જેમિમાહ અને સ્મૃતિ મંધાનાના પરિવારના સારા સ્વાસ્થ્યની કામના કરીએ છીએ.

ભારતને વુમન્સ વર્લ્ડ કપ જિતાડનાર જેમિમાહ રોડ્રિગ્સે વુમન્સ બિગ બેશ લીગ (WBBL)ની બાકીની સીઝનમાંથી પોતાનું નામ પાછું ખેંચી લીધું છે. તેણે આ નિર્ણય પોતાની નજીકની મિત્ર અને ટીમમેટ સ્મૃતિ મંધાના સાથે રહેવા માટે કર્યો છે. 23 નવેમ્બરે મંધાનાના પિતાની અચાનક તબિયત બગડવાને કારણે તેમના લગ્ન મોકૂફ રાખવા પડ્યા હતા. જેમિમાહ લગભગ 10 દિવસ પહેલા બ્રિસ્બેન હીટ અને હોબાર્ટ હરિકેન્સની મેચ પછી એક નિર્ધારિત શોર્ટ ટ્રિપ પર ભારત આવી હતી. તેમને આ અઠવાડિયે પાછા WBBL ટીમ સાથે જોડાવાનું હતું, પરંતુ પરિસ્થિતિ બદલાયા પછી તેણે ફ્રેન્ચાઈઝી પાસેથી આખી સીઝનમાંથી બહાર રહેવાની પરવાનગી માગી. ક્લબે તરત જ તેમની વિનંતી સ્વીકારી લીધી.

બોલિવૂડ અભિનેતા સુનીલ શેટ્ટીએ પણ જેમિમાહના આ પગલાની પ્રશંસા કરી અને કહ્યું કે WBBL છોડીને સ્મૃતિ સાથે રહેવું એ સાચા ટીમમેટની ઓળખ છે.

અમે તેમની વિનંતી સ્વીકારી લીધી- બ્રિસ્બેન હીટ બ્રિસ્બેન હીટે નિવેદન જારી કરતા કહ્યું- જેમિમાહ રોડ્રિગ્સે WBBLની બાકીની મેચમાંથી રિલીઝ થવા માટે વિનંતી કરી હતી, જેને અમે સ્વીકારી લીધી છે. તેઓ સ્મૃતિ મંધાનાના લગ્ન માટે ભારત આવ્યા હતા, પરંતુ મંધાનાના પિતાના સ્વાસ્થ્ય સમસ્યાને કારણે સમારોહ મુલતવી રહેતા તેઓ ત્યાં તેમની સાથે રોકાયા છે. ફ્રેન્ચાઈઝીએ એમ પણ કહ્યું કે તેઓ જેમિમાહના નિર્ણયને સંપૂર્ણ સમર્થન આપે છે. તેઓ પોતાની સાથી ખેલાડી સાથે રહેવા માટે ભારતમાં જ રહેશે, તેથી તે બાકીની ચાર મેચમાં ભાગ લેશે નહીં.

આવા જ સાચા ટીમમેટ હોય છે- સુનીલ શેટ્ટી બોલિવૂડ એક્ટર સુનીલ શેટ્ટીએ શુક્રવારે જેમિમાહ રોડ્રિગ્સના ભરપૂર વખાણ કરતો એક નોટ લખ્યો. સુનીલ શેટ્ટી, જે ટીમ ઈન્ડિયાના ક્રિકેટર કેએલ રાહુલના સસરા પણ છે. તેમણે X પર એક અખબારની કટિંગ પોસ્ટ કરતા લખ્યું- સવારે-સવારે આ લેખ વાંચ્યો અને દિલ ભરાઈ આવ્યું.

# માંજરેકર બોલ્યા- ભારતીય બેટર્સ NRI બની રહ્યા છે...

## ઘરેલું પિચ પર રમવાનો અનુભવ ઓછો; આફ્રિકા સામે 2 બેટર ફિફ્ટી લગાવી શક્યા

પૂર્વ ભારતીય ક્રિકેટર સંજય માંજરેકરે ભારતીય બેટર્સની ઘરેલું પિચ પર નબળી તૈયારી અને વિદેશી પ્રવાસોમાં વધુ રમવાની આદત પર કટાક્ષ કર્યો છે. તેમણે શુક્રવારે કહ્યું કે ભારતીય બેટર્સ NRI બનતા જઈ રહ્યા છે.

માંજરેકરે ટીમ ઈન્ડિયાની ખરાબ બેટિંગ પર કહ્યું- 'ફૂટવર્ક, ડિફેન્સ અને સ્ટ્રાઈક રોટેશન જેવી સ્કિલ્સ સુધારવી જરૂરી છે. આગામી ટેસ્ટ સિરીઝ પહેલા ઘરેલું મેચો પર ધ્યાન આપવું ખૂબ જ મહત્વપૂર્ણ રહેશે.'

સાઉથ આફ્રિકા સામે ભારતીય બેટિંગ નિષ્ફળ રહી છે. ટીમ બે ટેસ્ટ મેચમાં એક જ વાર 200નો આંકડો પાર કરી શકી છે. એટલું જ નહીં, ટીમમાંથી માત્ર બે બેટ્સમેન ફિફ્ટી લગાવી શક્યા છે. ખરાબ બેટિંગના કારણે સાઉથ આફ્રિકાએ ટીમ ઈન્ડિયાને 25 વર્ષ પછી ભારતીય ધરતી પર ક્લીન સ્વીપ કરી દીધું.

માંજરેકરે કહ્યું- ભારતીય ખેલાડીઓનો ઘરેલું ક્રિકેટમાં અનુભવ મર્યાદિત થઈ ગયો છે. ટીમમાં પસંદ થયા પછી તેઓ ઘરેલું મેચ અને ફર્સ્ટ ક્લાસ ક્રિકેટ નહિવત્ રમે છે. મોટાભાગનો સમય તેઓ વિદેશી પ્રવાસોમાં રહે છે. આનાથી તેમને ઘરેલું પિચો અને સ્પિન બોલિંગના અનુભવની કમી થાય છે.

માંજરેકરે ઉદાહરણ આપતા કહ્યું- યશસ્વી જયસ્વાલ, શુભમન ગિલ, કેએલ રાહુલ અને રિષભ પંત જેવા ખેલાડીઓ છેલ્લા બે વર્ષમાં મોટાભાગની મેચો વિદેશમાં રમતા રહ્યા છે. જ્યારે ભારતમાં તેમને એટલી તકો મળી નથી.

માંજરેકરે કહ્યું- તૈયારીના અભાવને કારણે બેટિંગ નિષ્ફળ રહી માંજરેકરનું કહેવું છે કે ભારતની બેટિંગ નિષ્ફળ થવાનું સૌથી મોટું કારણ તૈયારીનો અભાવ છે. તેમણે કહ્યું કે ભારતીય ખેલાડીઓ ઘરેલું ફર્સ્ટ-ક્લાસ ક્રિકેટમાં સારું રમે છે, પરંતુ ટીમમાં પસંદ થયા પછી ઘરેલું મેચો છોડી દે છે. આ જ કારણ છે કે જ્યારે તેઓ ભારતમાં રમે છે, ત્યારે પિચ અને પરિસ્થિતિઓથી અજાણ દેખાય છે.



બેટિંગ ટેકનિકમાં સુધારાની જરૂર- માંજરેકર માંજરેકરે ટેકનિક પર પણ પોતાનો અભિપ્રાય આપ્યો.

તેમણે કહ્યું કે વિદેશી પિચો પર ફાસ્ટ બોલરો સામે આક્રમક રમત કામ કરી જાય છે. પરંતુ ધીમી અને સ્પિનવાળી પિચો પર સ્ટેન્ડ એન્ડ ડિલિવર જેવી રમતથી કામ ચાલતું નથી. માંજરેકરના મતે ટર્નિંગ ટ્રેક પર સફળતા મેળવવા માટે ફૂટવર્ક, ડિફેન્સ અને સ્ટ્રાઈક રોટેશન જેવી સ્કિલ જરૂરી છે. ફક્ત આક્રમક રમતથી બેટ્સમેન સફળતા મેળવી શકતા નથી.

# ભારત બાંગ્લાદેશને બદલે શ્રીલંકા સામે T20 સિરીઝ રમશે



ભારતીય વુમન્સ ટીમ ડિસેમ્બરમાં શ્રીલંકા સામે પાંચ મેચની T20 સિરીઝ રમશે. પ્રથમ મુકાબલો 21 ડિસેમ્બરે થશે. આ સિરીઝની યજમાની વિશાખાપટ્ટનમ અને તિરુવનંતપુરમ કરશે. BCCIએ શુક્રવારે તેનું શેડ્યૂલ જાહેર કર્યું.

આ પહેલા રાજકીય તણાવને કારણે આ જ સમયે યોજાનારી ભારત-બાંગ્લાદેશ મહિલા સિરીઝને મુલતવી રાખવામાં આવી હતી, જેમાં ત્રણ વન-ડે અને ત્રણ T20 રમાવાની હતી. વન-ડે વર્લ્ડ કપ જીત્યા બાદ આ ભારતીય મહિલા ટીમનું પ્રથમ અસાઈનમેન્ટ હશે.

# ઘરેલુ ક્રિકેટ રમો, નહીંતર આ રીતે જ હારતા રહેશો...'

દક્ષિણ આફ્રિકા સામે ભારતીય ટીમને ઘરઆંગણે બે મેચની ટેસ્ટ સીરિઝમાં 0-2થી કારમી હારનો સામનો કરવો પડ્યો હતો. છેલ્લા 12 મહિનામાં ભારતની ઘરઆંગણે બીજી ટેસ્ટ સીરિઝ હતી. બંને વાર ભારતીય ટીમના ટેસ્ટ સીરિઝમાં સૂપડા સાફ થઈ ગયા છે. તેને ટીમ ઈન્ડિયાના ટેસ્ટ ઈતિહાસનો સૌથી નબળો સમય કહેવામાં આવી રહ્યો છે. દક્ષિણ આફ્રિકા સામેની ટેસ્ટ સીરિઝમાં મળેલી હારથી ટીમ ઈન્ડિયાના પૂર્વ કેપ્ટન કપિલ દેવ ખૂબ જ નારાજ છે. કપિલ દેવ વર્તમાન ભારતીય ટેસ્ટ ટીમ પર ખૂબ વરસ્યા છે. ટેસ્ટ સીરિઝમાં ભારતીય બેટ્સમેન દક્ષિણ આફ્રિકાના સંતુલિત બોલિંગ આક્રમણ સામે સંપૂર્ણપણે ફેલ રહ્યા. ઓફ-સ્પિનર સાઈમન હાર્મરની બોલિંગનો ભારતીય બેટ્સમેનો પાસે કોઈ તોડ નહોતો અને તે પ્લેયર ઓફ ધ સીરિઝ પણ બન્યો.



# શું રોહિત-કોહલી વન-ડેમાં ટેસ્ટનો બદલો લઈ શકશે?

સાઉથ આફ્રિકાએ 25 વર્ષ પછી ભારતમાં ટેસ્ટ સિરીઝ જીતી અને 2-0થી હરાવીને ક્લીન સ્વીપ પણ કર્યું. હવે બંને ટીમ વચ્ચે 3 વન-ડેની સિરીઝ 30 નવેમ્બરથી રાંચીમાં શરૂ થશે. અહીં દિગ્ગજ રોહિત શર્મા અને વિરાટ કોહલીની વાપસી થશે, તેમના આગમનથી ટીમ મજબૂત થઈ રહી છે.

ભારત પાસે ટેસ્ટમાં મળેલી શરમજનક હારનો હિસાબ ચૂકવવાની તક પણ રહેશે.

સાઉથ આફ્રિકાએ T20 ફાઈનલનો હિસાબ બરાબર કર્યો ભારતે 2024ના T20 વર્લ્ડ કપની ફાઈનલમાં સાઉથ આફ્રિકાને 7 રનથી હરાવીને ટાઈટલ જીત્યું હતું. ટીમ ઈન્ડિયાએ ચોથી વખત લિમિટેડ ઓવર્સનો વર્લ્ડ કપ જીત્યો, પણ સાઉથ આફ્રિકાને પહેલાં ટાઈટલથી દૂર કરી દીધું. એ મેચના લગભગ દોઢ વર્ષ પછી બંને ટીમ એકબીજા સામે ટકરાઈ. સાઉથ આફ્રિકાએ ભારતમાં ભારતને ટેસ્ટ સિરીઝ હરાવી અને પોતાની હારનો હિસાબ ચૂકવી દીધો. સાઉથ આફ્રિકાને ભારતમાં છેલ્લી સિરીઝ જીત 2000માં મળી હતી.

# કેપ્ટન બન્યાના 4 કલાક પછી મ્હાત્રેની સદી

## મુશ્તાક અલી ટ્રોફીમાં મુંબઈએ વિદર્ભને હરાવ્યું, મધ્યપ્રદેશના વેંકટેશે ફિફ્ટી ફટકારી

લખનૌ | 18 વર્ષના યુવા બેટર આયુષ મ્હાત્રેએ શુક્રવારે ભારતીય અંડર-19 ટીમના કેપ્ટન બન્યાના 4 કલાક બાદ મુશ્તાક અલી ટ્રોફીમાં સદી ફટકારી. મ્હાત્રેની ઈનિંગ્સને કારણે મુંબઈએ એલિટ ગ્રૂપ-Bમાં વિદર્ભ સામે 7 વિકેટે વિજય મેળવ્યો. આ તરફ, કોલકાતામાં વેંકટેશ અય્યર (અણનમ 55 રન)ની ફિફ્ટીના સહારે મધ્યપ્રદેશે બિહાર સામે 62 રને વિજય નોંધાવ્યો.

લખનઉના એકાના સ્ટેડિયમમાં આયુષ મ્હાત્રેએ 53 બોલમાં 110 રનની અણનમ ઈનિંગ્સ રમી. તેને સવારે 11:50 વાગ્યે અંડર-19 એશિયા કપ માટે ભારતીય ટીમના કેપ્ટન બનાવ્યો. આયુષ બપોરે 15.20 વાગ્યે મુંબઈ તરફથી ઓપનિંગ કરવા ઉતર્યા અને સદી ફટકારી. તેણે 8 છગ્ગા અને તેટલા જ ચોગ્ગા ફટકાર્યા. તે પ્લેયર ઓફ ધ મેચ રહ્યો. અન્ય મેચમાં રેલવે અને આંધ્ર પ્રદેશને જીત મળી. મુંબઈ માટે મ્હાત્રે શિવમ દુબે (31 રનમાં 3 વિકેટ અને 39* રન)એ ઓલરાઉન્ડ દેખાવ કર્યો.



મુંબઈએ 21 રનમાં 2 વિકેટ ગુમાવી દીધી હતી 193 રનના ટાર્ગેટને ચેઝ કરી રહેલી મુંબઈની ટીમે 21 રનમાં બે વિકેટ ગુમાવી દીધી હતી. અજિંક્ય રહાણે શૂન્ય અને હાર્દિક તોમરે એક રન બનાવીને આઉટ થયા. આવા સમયે મ્હાત્રેએ ભારતીય કેપ્ટન સૂર્યકુમાર યાદવ સાથે અડધી સદીની ભાગીદારી કરી. આ ભાગીદારીને યશ ઠાકુરે તોડી. સૂર્યકુમારના આઉટ થયા બાદ શિવમ દુબેએ 39 રનની અણનમ ઈનિંગ રમીને ટીમને 13 બોલ પહેલા જીત અપાવી દીધી. ટીમે 17.5 ઓવરમાં ત્રણ વિકેટે 194 રન બનાવ્યા.

અથર્વ-અમનની ફિફ્ટી, વિદર્ભે 193નો ટાર્ગેટ આપ્યો ટૉસ હારીને બેટિંગ કરી રહેલા વિદર્ભે અથર્વ તાયડે (64) અને અમન મોખડે (61)ના ફિફ્ટીની મદદથી નવ વિકેટે 192 રનનો મજબૂત સ્કોર બનાવ્યો.

## પાકિસ્તાન પર હવાઈ હુમલાનો આરોપ, તાલિબાને લશ્કરી પ્રદર્શન કર્યું...

# તણાવ વચ્ચે તાલિબાને સેંકડો નવા કમાન્ડો તૈયાર કર્યા



(એજન્સી) કાબૂલ | તા. 29

અફઘાનિસ્તાન અને પાકિસ્તાન વચ્ચે વધતા તણાવ વચ્ચે, તાલિબાને એક મોટું લશ્કરી પ્રદર્શન કર્યું છે. તાલિબાનના સંરક્ષણ મંત્રાલયે ગુરુવારે જાહેરાત કરી હતી કે સેંકડો નવા કમાન્ડોએ લડાઈ તાલીમ પૂર્ણ કરી છે અને દેશની સરહદોનું રક્ષણ કરવા માટે તૈનાત થવા માટે તૈયાર છે. આ જાહેરાતો એવા સમયે કરવામાં આવી છે જ્યારે બંને દેશો વચ્ચેના સંબંધો વર્ષોમાં સૌથી નીચા સ્તરે પહોંચી ગયા છે. કમાન્ડો પદવીદાન સમારોહમાં, તાલિબાનના નાયબ વડા પ્રધાન અબ્દુલ ગની બરાદરે પડોશી દેશોને સીધી ચેતવણી આપી હતી. તેમણે કહ્યું હતું કે, 'અમે કોઈપણ દેશને અફઘાન પ્રદેશનું ઉલ્લંઘન કરવાની મંજૂરી આપીશું નહીં. જો કોઈ આક્રમકતા બતાવે છે, તો જવાબ તૈયાર છે.'

### કમાન્ડો કોઈપણ બલિદાન માટે તૈયાર

બરાદરે અફઘાનિસ્તાનની સરહદોની સુરક્ષાને ટોચની પ્રાથમિકતા જાહેર કરી અને પડોશી દેશોને તાલિબાનની ધીરજને કસોટી ન ગણવા વિનંતી કરી. સમારોહ દરમિયાન, તાલિબાન કમાન્ડો યુનિટ્સે હેલિકોપ્ટર કામગીરી, હવાઈ ગતિવિધિ અને જમીન-લડાઈ કવાયતનું પ્રદર્શન કર્યું.

### વાતચીત નિષ્ફળ, બંને દેશો વચ્ચેના સંબંધો વધારે બગડ્યા

તાલિબાને ખોસ્ત, પક્તિકા અને કુનાર પ્રાંતોમાં હવાઈ હુમલાનો પાકિસ્તાન પર આરોપ લગાવતા પરિસ્થિતિ વધુ વણસી ગઈ. તાલિબાને દાવો કર્યો હતો કે આ હુમલાઓમાં નવ બાળકો અને એક મહિલાનું મોત થયું છે. તાલિબાને કહ્યું હતું કે તેઓ યોગ્ય સમયે જવાબ આપશે. જોકે, પાકિસ્તાને આ આરોપોને નકારી કાઢ્યા હતા અને કહ્યું હતું કે તે જાહેરમાં તેના તમામ લશ્કરી કાર્યવાહીની જાહેરાત કરે છે. બંને દેશો વચ્ચે પરિસ્થિતિ પહેલાથી જ તણાવપૂર્ણ હતી. ઓક્ટોબરમાં સરહદ વિવાદ બાદ દોહા અને ઈસ્તંબુલમાં યોજાયેલી વાટાઘાટોના ત્રણ રાઉન્ડ પણ અનિર્ણાયક સાબિત થયા. આ નિષ્ફળ બેઠકો પછી, તાલિબાન દ્વારા કમાન્ડોની તૈનાતી અને જાહેર પ્રદર્શનોને પ્રદેશમાં નવા તણાવના સંકેત તરીકે જોવામાં આવી રહ્યા છે.

---

#### નાટો રશિયા સંઘર્ષમાં મિસાઈલ અને વિમાની હુમલાનો ભય

# જર્મની વોર પ્લાન લીક થતાં યુરોપમાં ચિંતાનો માહોલ

(એજન્સી) બર્લિન | તા. 29

વિશ્વમાં નાટો રશિયા સંઘર્ષને લઈને ચાલી રહેલી તંગદિલી વચ્ચે એક અત્યંત સંવેદનશીલ અને ખતરાની ઘંટડી સમાન સમાચાર સામે આવ્યા છે. રશિયાના પ્રમુખ પુતિન ૪-૫ ડિસેમ્બર દરમિયાન ભારતની મુલાકાતે આવે તે પૂર્વે જ જર્મની વોર પ્લાન લીક થયો છે, જેણે યુરોપ અને વિશ્વભરમાં ચિંતાનો માહોલ ઊભો કર્યો છે. આ ગુપ્ત અહેવાલમાં સૈન્ય સંતુલનનો ચોંકાવનારો ખુલાસો થયો છે: જો રશિયા સાથે યુદ્ધ ફાટી નીકળે, તો જર્મની, નાટો અને અમેરિકા મળીને ૮ લાખ જેટલા સૈનિકો પૂર્વ તરફ મોકલવા સક્ષમ છે, જ્યારે રશિયા તેની સામે ૧૦ લાખ સૈનિકો તૈનાત કરવા સક્ષમ હોવાનું કહેવાયું છે.

લીક થયેલા અહેવાલ મુજબ, જો નાટો રશિયા સંઘર્ષ અંતે યુદ્ધમાં પરિણમે તો પરિસ્થિતિ અત્યંત ગંભીર બનશે. યુદ્ધના પહેલા જ કલાકમાં યુરોપમાં વ્યાપક ખાના-ખરાબી ફેલાઈ જવાની શક્યતા છે. કોલ્ડ વોર દરમિયાન બાંધેલા જંગી ડિપોઝનો નાશ થઈ જશે. મિસાઈલ અને વિમાની હુમલાઓ એટલી તારાજી વેરશે કે યુરોપીય દેશોનાં પાયાનાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર્સ સંપૂર્ણપણે નાશ પામી શકે છે.

સૌથી મોટો પડકાર માનવબળની જરૂરિયાતનો ઊભો થશે. રિપોર્ટ સૂચવે છે કે યુરોપના દરેક દેશને 'કોન્ટક્રીપ્ટ' એટલે કે દરેક યુવાનને ફરજિયાત યુદ્ધમાં જોડાવાની પ્રક્રિયા હાથ ધરવી પડશે.

### ત્રીજું વિશ્વયુદ્ધ બનવાની ભીતિ

આ ગંભીર પરિસ્થિતિનું નિરીક્ષણ કરી રહેલા નિરીક્ષકોના મતે, આ સંઘર્ષ સ્થાનિક યુદ્ધ નહીં રહે. જો આ યુદ્ધ ફાટી નીકળે તો અમેરિકા તેના નાટો સાથીઓ તેમજ યુરોપના અન્ય દેશોને બચાવવા માટે યુદ્ધમાં ઝંપલાવશે જ. અમેરિકાની આ સંડોવણી સાથે જ ત્રીજું વિશ્વયુદ્ધ થવાની ભીતિ વધી જાય છે.

---

## ન્યૂઝ બ્રીફ

### 'મેડે, મેડે...' મધદરિયે રશિયાના શેડો ફ્લીટ ટેન્કર પર ડ્રોન હુમલો



બોસ્ફોરસ | તૂર્કિયેના બોસ્ફોરસ સ્ટ્રેટ નજીક રશિયાના શેડો ફ્લીટના બે ટેન્કરોમાં શુક્રવારે મોડી રાત્રે વિસ્ફોટ થયો, જેનાથી જહાજોમાં આગ લાગી ગઈ. તૂર્કિયેને શંકા છે કે કાળા સમુદ્રમાં વિસ્ફોટ મિસાઈલ, ડ્રોન અથવા અન્ય દરિયાઈ વાહનના બાહ્ય હુમલાને કારણે થયો હતો. બે રશિયન શેડો ફ્લીટ ટેન્કરોના નામ Kairos અને Virat છે. એક ટેન્કર ક્રૂ મેમ્બરે ઈન્ટરસેપ્ટેડ ઓપન-ફ્રિકવન્સી રેડિયો ડિસ્ટ્રેસ કોલમાં ડ્રોન હુમલાની જાણ કરી. તેઓ માનવરહિત દરિયાઈ ડ્રોનનો ઉલ્લેખ કરી રહ્યા હતા. ડ્રોન હુમલો. મેડે!' તૂર્કિયેના પરિવહન મંત્રાલયે X પર જણાવ્યું હતું કે, 'વિરાટ, જેના પર કાળા સમુદ્રના કિનારાથી આશરે 35 નોટિકલ માઈલ દૂર માનવરહિત દરિયાઈ જહાજ દ્વારા હુમલો કરવામાં આવ્યો હોવાના અહેવાલ હતા

### શ્રીલંકાને ભારતનો સહકાર ૮૦ એનડીઆરએફ જવાનો કોલંબો પહોંચ્યા

કોલંબો | પાડોશી દેશ શ્રીલંકા પૂર અને વાવાઝોડાના કારણે આવેલા અત્યાર સુધીના સૌથી ગંભીર સંકટનો સામનો કરી રહ્યું છે, ત્યારે ભારતે તાત્કાલિક ધોરણે માનવીય સહાય અને આપત્તિ રાહત માટે ઓપરેશન સાગર બંધુ શરૂ કર્યું છે. આ અભિયાનના ભાગરૂપે, ભારતીય વાયુસેનાનું આઈએલ-૭૬ વિમાન ભારતીય સમય મુજબ શુક્રવારે સવારે હિંડન એર બેઝ પરથી ઉડાન ભર્યા બાદ શ્રીલંકા પહોંચ્યું હતું, જેમાં રાષ્ટ્રીય આપત્તિ પ્રતિભાવ દળ (એનડીઆરએફ)ના ૮૦ જવાનોની એક વિશેષ ટીમ રાહત સામગ્રી સાથે કોલંબો ખાતે ઉતરી હતી. એનડીઆરએફની આ ટીમમાં ચાર મહિલા જવાનો અને ચાર સ્નિફર ડૉગ્સનો પણ સમાવેશ થાય છે, જે બચાવ કામગીરીમાં મહત્ત્વની ભૂમિકા ભજવશે. શ્રીલંકા એર ફોર્સે આઈએએફ વિમાનના આગમનની પુષ્ટિ કરી હતી.

### ખાલેદા ઝિયાની સ્થિતિ અત્યંત ગંભીર ફેફસામાં સંક્રમણ બાદ દાખલ



ઢાકા | બાંગ્લાદેશના પૂર્વ વડાપ્રધાન અને બાંગ્લાદેશ નેશનાલિસ્ટ પાર્ટીના અધ્યક્ષ ખાલેદા ઝિયાની તબિયત અત્યંત નાજુક હોવાના અહેવાલ છે. ફેફસામાં ગંભીર સંક્રમણ બાદ તેમને ૨૩મી નવેમ્બરના રોજ રાજધાની ઢાકાની એવરકેર હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. વિદેશી વિશેષજ્ઞ ડૉક્ટરોની તબીબી બોર્ડની દેખરેખ હેઠળ તેમની સારવાર ચાલી રહી છે. તેમની સ્થિતિ 'અત્યંત ગંભીર' હોવાનું ડૉક્ટરોએ જણાવ્યું છે. લાંબા સમયથી હૃદય રોગ, ડાયાબિટીસ, સંધિવા, લીવર સિરોસિસ અને કિડનીની જટિલતાઓ સહિત વિવિધ શારીરિક બિમારીઓથી પીડિત ખાલેદા ઝિયાને હાલમાં ડૉક્ટરોની સઘન દેખરેખ હેઠળ રાખવામાં આવ્યા છે.

---

## વાવાઝોડું : કોલંબો એરપોર્ટ પર કફોડી હાલત: મુસાફરોનો આક્રોશ

# દિતવાહ વાવાઝોડાનો હાહાકાર: શ્રીલંકામાં ૧૨૩ના મોત, ફસાયેલા મુસાફરોમાં ૧૫૦ તમિલનાડુના રહેવાસીઓ

(એજન્સી) કોલંબો | તા. 29

વિનાશક દિતવાહ વાવાઝોડું પડોશી દેશ શ્રીલંકામાં ભારે તબાહી મચાવીને હવે ભારત તરફ આગળ વધી રહ્યું છે. શ્રીલંકામાં અત્યાર સુધીમાં ૧૨૩ લોકોના મૃત્યુ થયાના અહેવાલો છે, જેના કારણે યુદ્ધના ધોરણે રાહત અને બચાવ કાર્ય ચાલી રહ્યું છે. આ કુદરતી આફતને પગલે શ્રીલંકા ભારતીયો માટે પણ એક મોટી મુશ્કેલી ઊભી થઈ છે. દિતવાહ વાવાઝોડુંના કારણે ભારત અને શ્રીલંકા વચ્ચેની ઘણી ફ્લાઈટ્સ છેલ્લા ત્રણ દિવસથી રદ થતાં, આશરે ૩૦૦ જેટલા ભારતીય મુસાફરો કોલંબો એરપોર્ટ પર ફસાયેલા છે.

શ્રીલંકાના બંદારનાયકે ઈન્ટરનેશનલ એરપોર્ટ પર ફસાયેલા ભારતીય મુસાફરોની હાલત અત્યંત કફોડી બની છે. આ મુસાફરોએ ગંભીર આરોપો લગાવ્યા છે કે, ખરાબ હવામાન અને ફ્લાઈટ ઓપરેશનમાં અવરોધના કારણે તેમને ખોરાક, પાણી અને અન્ય મૂળભૂત સુવિધાઓ પણ પૂરતા પ્રમાણમાં મળી રહી નથી. ફસાયેલા ૩૦૦ મુસાફરોમાંથી આશરે ૧૫૦ લોકો તમિલનાડુના છે, જેઓ દુબઈથી શ્રીલંકા થઈને ભારત પાછા ફરી રહ્યા હતા.

આ અહેવાલો બાદ તમિલનાડુના મુખ્યમંત્રી એમ.કે. સ્ટાલિને તાત્કાલિક પગલાં ભરતાં જાહેર વિભાગના સચિવને નિર્દેશ આપ્યો છે. તેમનો આદેશ છે કે, કોલંબોમાં ભારતીય દૂતાવાસ સાથે સત્વરે સંકલન કરીને ફસાયેલા તમિલ મુસાફરોની સુરક્ષિત વાપસી સુનિશ્ચિત કરવામાં આવે. ભારતીય અધિકારીઓએ હાઈ કમિશન સાથે વાતચીત કરીને એરપોર્ટ પર મુશ્કેલીઓનો સામનો કરી રહેલા શ્રીલંકા ભારતીયો માટે તાત્કાલિક મદદની માંગણી કરી છે.



દિતવાહ હવે ભારત તરફ: આઈએમડીનું એલર્ટ

દિતવાહ વાવાઝોડું શ્રીલંકામાં વિનાશ વેર્યા બાદ હવે ભારતીય દરિયાકિનારા તરફ ઝડપથી આગળ વધી રહ્યું છે. ભારતીય હવામાન વિભાગ (IMD) અનુસાર, આ વાવાઝોડું ઉત્તરી તમિલનાડુ, પુડુચેરી અને દક્ષિણી આંધ્ર પ્રદેશના દરિયાકિનારા તરફ આગળ વધી રહ્યું છે. IMD દ્વારા આ વિસ્તારોમાં ભારેથી અતિ ભારે વરસાદનું એલર્ટ પણ જાહેર કરવામાં આવ્યું છે.

હવામાન વિભાગની આગાહી મુજબ, દિતવાહ વાવાઝોડું રવિવારની સવાર સુધીમાં ઉત્તરી તમિલનાડુ અને દક્ષિણી આંધ્ર પ્રદેશના દરિયાકાંઠાની નજીક પહોંચી જવાની સંભાવના છે. આ સમયગાળા દરમિયાન, ૧૦૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાવાની અને ભારે વરસાદ પડવાની સંભાવના છે. આના પગલે, સ્થાનિક તંત્ર દ્વારા દરિયાકિનારાના વિસ્તારોમાં રહેતા લોકોને સુરક્ષિત સ્થળો પર ખસી જવા માટે તાત્કાલિક સૂચનાઓ આપવામાં આવી રહી છે. ભારતે દિતવાહ વાવાઝોડુંના સંભવિત ખતરાને ધ્યાનમાં રાખીને તમામ જરૂરી પગલાં લેવાનું શરૂ કરી દીધું છે.

### ભારત તરફથી માનવતાવાદી સહાય અને પીએમ મોદીનું દુઃખ

એક તરફ ભારતીયો વિદેશમાં મુશ્કેલીમાં છે, તો બીજી તરફ ભારત સરકારે પાડોશી દેશ શ્રીલંકાની આ ભયાનક આફતમાં મદદ કરવાનો માનવતાવાદી ધર્મ નિભાવ્યો છે. પ્રધાનમંત્રી મોદીએ દિતવાહ વાવાઝોડુંના કારણે મૃત્યુ પામેલા લોકો માટે દુઃખ વ્યક્ત કર્યું હતું અને તાત્કાલિક ઈમરજન્સી સહાય મોકલીને શ્રીલંકાને મદદ પૂરી પાડી હતી. આ સંકટના સમયમાં ભારત અને શ્રીલંકા વચ્ચેના મજબૂત સંબંધોની પ્રતીતિ થાય છે. આ સહાયમાં બચાવ અને રાહત કાર્ય માટેના આવશ્યક સાધનોનો સમાવેશ થાય છે.

---

#### નાસા રોવરની શોધથી સંશોધનમાં મોટી સફળતા

# મંગળ પર વીજળીના ચમકારા: નાસા રોવરને પહેલીવાર સાબિતી મળી



(એજન્સી) વોશિંગ્ટન | તા. 29

અમેરિકી અંતરિક્ષ એજન્સીના નાસા રોવર દ્વારા મંગળ ગ્રહ પર એક ઐતિહાસિક અને અત્યંત મહત્ત્વની શોધ કરવામાં આવી છે. લાંબા સમયથી વૈજ્ઞાનિક વર્તુળોમાં ચાલતી ચર્ચાને અંતે, રોવરે પ્રથમ વાર મંગળ પર વીજળી ચમકતી હોવાની ઘટનાને ધ્વનિ સ્વરૂપે રેકોર્ડ કરીને તેની સાબિતી આપી છે. આ ઘટના ત્યારે બની જ્યારે લાલ ગ્રહ પર ધૂળથી ભરેલી ભયાનક આંધી ચાલી રહી હતી. ૨૦૨૧થી મંગળ પર ફરતા પરસીરેંસ રોવરના માઈક્રોફોને આ આંધી દરમિયાન વીજળી ચમકતી હોય તેવો બારીક અવાજ નોંધ્યો, જેને વૈજ્ઞાનિકો મંગળના સંશોધનમાં એક મોટી સફળતા ગણી રહ્યા છે.

છેલ્લાં ઘણાં વર્ષોથી વૈજ્ઞાનિકો એ વાત પર સંશોધન અને ચર્ચા કરી રહ્યા હતા કે શું મંગળના ધૂળ ભરેલા વાતાવરણમાં વિદ્યુત ઊર્જાની ચમક કે વિસર્જન થાય છે? પૃથ્વી પર જોવા મળતી વીજળીની જેમ મંગળ પર પણ વિદ્યુત ઊર્જા હોવાની સંભાવના વ્યક્ત થતી હતી, પરંતુ આજ સુધી કોઈ નક્કર સાબિતી મળી નહોતી. નાસા રોવરની આ તાજેતરની શોધે માત્ર આ સવાલનો જવાબ જ નથી આપ્યો, પરંતુ મંગળના જળવાયુ અને વિદ્યુત ગતિવિધિઓને સમજવા માટે એક નવો માર્ગ પણ ખોલ્યો છે. વિજ્ઞાન પત્રિકા 'નેચર'માં પ્રકાશિત થયેલા સંશોધન અહેવાલમાં આ મહત્ત્વપૂર્ણ શોધને વિશ્વ સમક્ષ મૂકવામાં આવી છે. આ વીજળી ઉત્પન્ન થવા પાછળની પ્રક્રિયા પણ રસપ્રદ છે. આ ઘટના ત્યારે શરૂ થાય છે જ્યારે મંગળ પર ધૂળ અને બારીક કણ એકબીજા સાથે ઝડપથી ટકરાય છે.

આ ટક્કરના પરિણામે, ઈલેક્ટ્રોન કણોનું અવશોષણ થાય છે અને પછી તેમાંથી વિદ્યુત ઊર્જા મુક્ત થાય છે. આ પ્રક્રિયા દરમિયાન જ મંગળ પર વીજળીના નાના ચમકારા જોવા મળે છે, જેનો બારીક અવાજ પરસીરેંસ રોવરના અદ્યતન માઈક્રોફોન દ્વારા રેકોર્ડ કરવામાં આવ્યો છે.

---

# ગ્રીન કાર્ડ ઈન્ટરવ્યૂ: વિઝા નિયમ ભંગ બદલ જીવનસાથીઓની ધરપકડ

(એજન્સી) વોશિંગ્ટન | તા. 29



અમેરિકામાં ઈમિગ્રન્ટ્સની મુશ્કેલી વધારનારો એક નવો અને ચોંકાવનારો સિલસિલો શરૂ થયો છે. ગ્રીન કાર્ડ ઈન્ટરવ્યૂ માટે જતા વિદેશી જીવનસાથીઓને હવે ઈમિગ્રેશન એન્ડ કસ્ટમ્સ એન્ફોર્સમેન્ટ (આઈસીઈ)ના એજન્ટ્સ પકડી રહ્યા છે. પ્રમુખ ટ્રમ્પનું તંત્ર ફરી એકવાર ઈમિગ્રન્ટ્સ પર ત્રાટક્યું છે, જેના કારણે ગ્રીન કાર્ડ ઈન્ટરવ્યૂ માટે જનારાઓમાં ડરનું વાતાવરણ ફેલાયું છે. ૧૨ નવેમ્બરથી અત્યાર સુધીમાં આઈસીઈએ ઓવર સ્ટે સહિતના વિઝા નિયમ ભંગના આક્ષેપોસર ડઝનબંધ જીવનસાથીઓની ધરપકડ કરી છે, જેમાં બ્રિટિશ અને જર્મન નાગરિકોનો પણ સમાવેશ થાય છે. આ અણધારી કાર્યવાહીથી અમેરિકામાં કાયદેસર રહેવાની આશા રાખતા હજારો લોકોની મુશ્કેલીમાં અનેકગણો વધારો થયો છે.

ડઝનબંધ ધરપકડો અને માનવતાનો સવાલ

ગ્રીન કાર્ડ ઈન્ટરવ્યૂ એ પરમેનન્ટ રેસિડેન્સી કાર્ડ મેળવવાની અંતિમ પ્રક્રિયા છે, જે ઈમિગ્રન્ટને અમેરિકામાં કાયમી ધોરણે રહેવાની અને કામ કરવાની મંજૂરી આપે છે. અનેક નવા દંપતીઓ આ કાર્ડના આધારે અમેરિકામાં પોતાની કારકિર્દીનો પ્રારંભ કરતા હોય છે. જોકે, સાન ડીયેગોમાં ૧૨ નવેમ્બરના રોજ થયેલી પહેલી ધરપકડ આ કાયમી વસવાટની આશા પર એક મોટો પ્રહાર હતી.

---

# હોંગકોંગમાં છેલ્લા 8 દાયકાનો સૌથી ભીષણ અગ્નિકાંડ, મૃત્યુઆંક વધી 128 થયો

હોંગકોંગ | હોંગકોંગની બહુમાળી ઈમારતોમાં લાગેલી ભીષણ આગે અત્યાર સુધીમાં 128 લોકોનો ભોગ લીધો છે. છેલ્લા લગભગ આઠ દાયકામાં હોંગકોંગમાં લાગેલી આ સૌથી ભયાવહ આગની ઘટના છે, જેને કારણે સમગ્ર શહેરમાં શોક અને ભયનો માહોલ છવાઈ ગયો છે. જોકે હજુ પણ ઠેર ઠેર મૃતદેહો મળી રહ્યા હોવાથી મૃત્યુઆંક વધવાની શક્યતાઓ હજુ પણ યથાવત્ છે.

આ દુર્ઘટના તાઈ પો સ્થિત વાંગ ફૂક કોર્ટના રહેણાંક સંકુલમાં બની હતી. બુધવારે લાગેલી આ આગ એટલી ભયાવહ હતી કે તેણે વાંસના ટેકાવાળી 32 માળની ઊંચાઈ ધરાવતી આઠ ઈમારતોને પોતાની લપેટમાં લઈ લીધી હતી. ઈમારતોના કાટમાળમાંથી વધુ મૃતદેહો મળી આવતાં મૃત્યુઆંક સતત વધી રહ્યો છે.

---

# ઈમરાન ખાનની મોતની અફવા: પાકિસ્તાન PTI કાર્યકરોનો મહાસંગ્રામ

### અદિયાલા જેલ સત્તાવાળા ઈમરાનના પરિવારને મળવા દેતા નથી

(એજન્સી) ઇસ્લામાબાદ | તા. 29

પાકિસ્તાનના પૂર્વ વડાપ્રધાન ઈમરાન ખાનની જેલમાં સ્થિતિને લઈને સમગ્ર પાકિસ્તાનમાં ભારે વિવાદ અને આક્રોશની લાગણી ફેલાઈ છે. રાવલપિંડીની અદિયાલા જેલમાં કેદ ઈમરાન ખાનનું મૃત્યુ થઈ ગયું હોવાના સોશિયલ મીડિયા પર ફેલાયેલા અહેવાલોએ પરિસ્થિતિને વધુ ગંભીર બનાવી છે. આ અફવાઓને પગલે પાકિસ્તાન તહરીક-એ-ઈન્સાફ (પાકિસ્તાન પીટીઆઈ)ના હજારો કાર્યકરોએ અદિયાલા જેલની બહાર શક્તિ પ્રદર્શન કરીને જંગી ધરણાં શરૂ કર્યા છે. પીટીઆઈના કાર્યકરો 'જેલ કા તાલા તૂટેગા, ઈમરાન ખાન છૂટેગા' જેવા આક્રોશપૂર્ણ સૂત્રોચ્ચાર સાથે સરકાર સામે સીધો પડકાર ફેંકી રહ્યા છે, જે સૂચવે છે કે દેશમાં રાજકીય સંઘર્ષ હવે ચરમસીમા પર પહોંચી ગયો છે.

પાકિસ્તાન પીટીઆઈના નેતાઓએ વિદેશી સોશિયલ મીડિયા એકાઉન્ટ્સ પરથી ઈમરાન ખાનના મૃત્યુની ખોટી અફવાઓ ફેલાવવામાં આવી હોવાનો ગંભીર આક્ષેપ કર્યો છે. પાકિસ્તાન પીટીઆઈનું કહેવું છે કે, આ પ્રકારની અફવાઓ ફેલાવવી એ માત્ર માનવાધિકારોનું જ નહીં, પણ રાષ્ટ્રીય સુરક્ષાનું પણ ઉલ્લંઘન છે.

પીટીઆઈએ સ્પષ્ટ ચેતવણી આપી છે કે ઈમરાન ખાનની સુરક્ષા, સ્વાસ્થ્ય અને બંધારણીય અધિકારોની સંપૂર્ણ જવાબદારી વર્તમાન શાહબાઝ શરીફ સરકાર અને આર્મી ચીફ આસિમ મુનીરની છે. આ પ્રકારના ખોટા અહેવાલોથી દેશમાં અશાંતિ ફેલાય તે પહેલાં સરકારે તાત્કાલિક અને નક્કર પગલાં લેવા જોઈએ તેવી પીટીઆઈની માંગ છે.

---

**સંશોધક** | રેફલેસિયા હેસેલ્ટી: ખૂંખાર વાઘોના ભય વચ્ચે સંશોધકોનો જંગલમાં પડાવ

# તેર વર્ષની તપસ્યા બાદ ખીલ્યું જાદુઈ દુર્લભ ફૂલ

(એજન્સી) સુમાત્રા | તા. 29

ઈન્ડોનેશિયાના સુમાત્રાના ગાઢ વર્ષા જંગલોમાંથી એક આશ્ચર્યજનક અને ભાવુક કરી દે તેવા સમાચાર સામે આવ્યા છે. વનસ્પતિશાસ્ત્રમાં અત્યંત મૂલ્યવાન ગણાતું રેફલેસિયા હેસેલ્ટી નામનું દુર્લભ ફૂલ દાયકાઓ બાદ ખીલ્યું છે. આ ફૂલને પૂર્ણકળાએ ખીલતું જોવા માટે ઈન્ડોનેશિયાના સંશોધક સેપ્ટિયન આંદ્રિકી, જેમને ડેકીના હુલામણા નામથી ઓળખવામાં આવે છે, તેમણે સતત ૧૩ વર્ષ સુધી તપસ્યા કરી હતી. આખરે, જ્યારે ચાંદની રાતમાં આ ભવ્ય ફૂલ ખીલ્યું, ત્યારે ૧૩ વર્ષની મથામણનો અંત આવતા સંશોધક ડેકી આનંદિત થઈને ચોધાર આંસુએ રડી પડ્યા હતા. છેલ્લાં એક દાયકાથી કોઈ માણસે આ ચમત્કારિક ક્ષણનો સાક્ષી બન્યો ન હતો.

### વનસ્પતિશાસ્ત્રનું અમૂલ્ય રત્ન: જીવનચક્રનું રહસ્ય

રેફલેસિયા હેસેલ્ટી એક એવું દુર્લભ ફૂલ છે, જેનું



જીવનચક્ર અત્યંત રસપ્રદ અને સંશોધનક્ષમ છે. કળીમાંથી ફૂલને ખીલતાં પૂરા નવ મહિના જેટલો લાંબો સમય લાગે છે, પરંતુ એક વખત ખીલ્યા પછી તે માત્ર થોડા જ દિવસો સુધી તાજું રહે છે અને પછી કરમાઈ જાય છે. એક મીટર લાંબી કળી ધરાવતા આ ફૂલનું વજન આશરે ૬ કિલો જેટલું હોય છે. તેના આ અનોખા સ્વરૂપ અને ટૂંકા આયુષ્યને કારણે તેને ખીલતું જોવું એ સંશોધકો માટે એક મોટો પડકાર રહ્યો છે. ડેકી છેલ્લાં ૧૩ વર્ષથી સુમાત્રા જંગલમાં આ જ ક્ષણની રાહ જોઈ રહ્યા હતા, પરંતુ સતત પ્રયાસો છતાં નિષ્ફળતા મળી હતી.

ડેકીની તપસ્યાનું ફળ ત્યારે મળ્યું જ્યારે થોડા મહિના પહેલાં જંગલના એક રેન્જરે તેમને આ ફૂલની કળીનો ફોટો મોકલ્યો. આ કળી એ સંકેત હતો કે નવ મહિના બાદ આ ચમત્કાર થવાનો છે. આ સંકેત મળતાં જ ડેકી, ઓક્સફર્ડ યુનિવર્સિટીના સંશોધક ક્રિસ થોરોગુડ અને અન્ય રેન્જર્સની એક નાની ટુકડીએ સફર શરૂ કરી. તેમની યાત્રા અત્યંત થકાવનારી હતી, જેમાં તેમણે ખૂંખાર વાઘોની ટેરેટરીમાંથી ૨૩ કલાકની જોખમી મુસાફરી કરવી પડી. કળી પર નજર જમાવીને સંશોધકોની ટૂકડીએ નવ મહિના સુધી ધીરજ રાખી. આખરે, ફૂલ ખીલવાની ઘડી આવી. મોડી સાંજ સુધી ફૂલ ખીલ્યું નહીં. જંગલમાં વાઘોના ભયાનક અવાજો સ્પષ્ટ સંભળાતા હતા. જો ટુકડી તે જગ્યા છોડી દે તો શક્ય છે કે સવાર સુધીમાં દુર્લભ ફૂલ ખીલી જાય અને તેમની ૧૩ વર્ષની મહેનત પાણીમાં જાય. આખરે, ભારે જોખમ ખેડીને વધુ કલાકો રાહ જોવાનું નક્કી થયું.

---

# એસ-૪૦૦ મિસાઈલ: ભારત રશિયા પાસેથી 300 નવી મિસાઈલ ખરીદશે

(એજન્સી) નવી દિલ્હી | તા. 29

ભારત અને રશિયા વચ્ચેના વ્યૂહાત્મક સંબંધોને વધુ મજબૂત બનાવતો એક અત્યંત મહત્ત્વપૂર્ણ ભારત રશિયા સંરક્ષણ સોદો આકાર લઈ રહ્યો છે. રશિયાના પ્રમુખ વ્લાદિમીર પુતિન આગામી ૫ ડિસેમ્બરે ભારતની મુલાકાતે આવી રહ્યા છે, અને તે દરમિયાન વડાપ્રધાન મોદી સાથેની મંત્રણામાં આ સોદો પાકો થવાની સંપૂર્ણ સંભાવના છે. આ સોદા હેઠળ ભારત રશિયા પાસેથી ૩૦૦ અદ્યતન રશિયન મિસાઈલ્સની ખરીદી કરશે. આ ઉપરાંત, ભારત પાસે કાર્યરત જૂની થઈ ગયેલી એર ડિફેન્સ સિસ્ટમ્સના સ્થાને નવી એસ-૪૦૦ મિસાઈલ ડિફેન્સ સિસ્ટમ્સ અને વધારાની પાંચ એસ-૪૦૦ મિસાઈલ સ્કવોડ્રન્સ પણ ખરીદશે. ભારતની હવાઈ સુરક્ષા પ્રણાલીને અભેદ્ય બનાવવા માટે આ ભારત રશિયા સંરક્ષણ સોદો નિર્ણાયક સાબિત થશે. હાલમાં ભારત પાસે એસ-૪૦૦ મિસાઈલની ત્રણ સ્કવોડ્રન્સ કાર્યરત છે, જે 'ઓપરેશન સિન્દૂર' જેવા સંરક્ષણ અભિયાનોમાં સક્રિયપણે ઉપયોગમાં લેવાઈ છે. આ ત્રણ ઉપરાંત, વધારાની પાંચ સ્કવોડ્રન્સની ખરીદી માટે ભારત દ્વારા રશિયાને 'રીક્વેસ્ટ ફોર પ્રપોઝલ (આરએફપી)' મોકલવામાં આવનાર હોવાના મીડિયા રિપોર્ટ્સ પ્રાપ્ત થયા છે.

આ સોદામાં રશિયન 'પાનસ્ટર મિસાઈલ્સ' પણ સામેલ છે, જે ખાસ કરીને સશસ્ત્ર કામીકાઝે ડ્રોન્સનો અસરકારક રીતે સામનો કરવા માટે ડિઝાઈન કરાયેલી છે. આ પ્રકારના ડ્રોન હુમલાઓનો ખતરો વધતા, ભારત માટે આ મિસાઈલોની ખરીદી એ વર્તમાન યુદ્ધનીતિની જરૂરિયાત છે. રશિયન બનાવટની આ એસ-૪૦૦ મિસાઈલ સિસ્ટમનું ભારતમાં એક ખાસ નામ છે: સુદર્શન ચક્ર.

## કાયદાની કલમ ૩બીના દબાણથી મમતા સરકારે કાયદો સ્વીકાર્યો

# પશ્ચિમ બંગાળમાં ૮૨૦૦૦ વક્ફ મિલકતોનું ડિજિટાઇઝેશન તાત્કાલિક શરૂ

(એજન્સી) કોલકાતા । તા. 29

કેન્દ્ર સરકાર દ્વારા લાવવામાં આવેલા નવા વક્ફ સુધારા અધિનિયમ ૨૦૨૫નો મહિનાઓ સુધી જાહેરમાં અને કાયદાકીય રીતે ઉગ્ર વિરોધ કર્યા બાદ પશ્ચિમ બંગાળની મમતા બેનર્જી સરકારએ આખરે 'યુ-ટર્ન' લીધો છે. કેન્દ્રીય કાયદાનું પાલન કરવું ફરજિયાત બનતાં રાજ્ય સરકારે આ અધિનિયમને લાગુ કરવાની મંજૂરી આપી દીધી છે. રાજ્ય સરકારે તાત્કાલિક કાર્યવાહી કરવાના નિર્દેશ આપતા તમામ જિલ્લા મેજિસ્ટ્રેટને સ્પષ્ટ આદેશ આપ્યો છે કે ૬ઠ્ઠી ડિસેમ્બર, ૨૦૨૫ની અંતિમ સમયમર્યાદા પહેલાં જ રાજ્યની લગભગ ૮૨,૦૦૦ વક્ફ મિલકતોની તમામ વિગતો કેન્દ્રીય પોર્ટલ પર અપલોડ કરી દેવામાં આવે. આ નિર્ણય વક્ફ મિલકતોનું ડિજિટાઇઝેશન કરવાની પ્રક્રિયાને વેગ આપશે.



### મુખ્યમંત્રીનો યુ-ટર્ન: રાજકીય દાવપેચ

મમતા બેનર્જી સરકારનો આ નિર્ણય રાજકીય રીતે ઘણો સંકેત આપનારો માનવામાં આવે છે. અગાઉ, મુખ્યમંત્રી મમતા બેનર્જીએ જાહેરમાં અનેક વખત સ્પષ્ટપણે જાહેરાત કરી હતી કે તેઓ પશ્ચિમ બંગાળમાં આ નવા કાયદાને કોઈપણ ભોગે લાગુ થવા દેશે નહીં. એપ્રિલ મહિનામાં જ્યારે આ બિલ સંસદમાં પસાર થયું, ત્યારે રાજ્યમાં ઠેર ઠેર વિરોધ પ્રદર્શનો ફાટી નીકળ્યા હતા.

નવમી એપ્રિલના રોજ એક કાર્યક્રમમાં તેમણે ભારપૂર્વક દાવો કર્યો હતો કે, "હું બંગાળમાં વક્ફ સુધારા કાયદાને લાગુ થવા દઈશ નહીં... તેમનું રક્ષણ કરવું એ મારી ફરજ છે." જોકે, સંઘીય માળખા હેઠળ કેન્દ્રીય કાયદાની જોગવાઈઓ અને તેને કોર્ટમાં પડકારવા છતાં અનુકૂળ પરિણામ ન મળતાં મમતા બેનર્જી સરકારને અંતે કેન્દ્ર સરકાર સમક્ષ નમતું જોખવાની ફરજ પડી છે.

### કલમ ૩બીનું દબાણ અને સમયમર્યાદા

વક્ફ સુધારા અધિનિયમ ૨૦૨૫ને કોર્ટમાં પડકારવામાં આવ્યો હોવા છતાં, રાજ્ય સરકારને કાયદાકીય દ્રષ્ટિકોણથી કોઈ રાહત મળી શકી નહોતી. આ કાયદાની કલમ ૩બી સ્પષ્ટપણે આદેશ આપે છે કે દેશભરમાં નોંધાયેલ બધી વક્ફ મિલકતોની માહિતી છ મહિનાની અંદર કેન્દ્રીય પોર્ટલ પર અપલોડ થવી જોઈએ.

છ મહિનાની આ સમયમર્યાદા હવે પૂરી થવાના આરે છે, જેને કારણે પશ્ચિમ બંગાળ રાજ્ય વહીવટીતંત્રે તાત્કાલિક ધોરણે ડેટા-એન્ટ્રીની પ્રક્રિયા શરૂ કરવાના પગલાં લીધા છે. જિલ્લા મેજિસ્ટ્રેટને આપવામાં આવેલા તાત્કાલિક નિર્દેશો દર્શાવે છે કે, આ આદેશનું પાલન કરવું એ હવે રાજ્ય સરકાર માટે અનિવાર્ય બની ગયું છે. આનાથી રાજ્યની ૮૨,૦૦૦ જેટલી વક્ફ મિલકતોનો ડેટા કેન્દ્ર પાસે ઉપલબ્ધ થશે.

### વિવાદનું મૂળ: મુખ્ય ફેરફારો

વક્ફ સુધારા અધિનિયમ ૨૦૨૫માં કરવામાં આવેલી કેટલીક જોગવાઈઓ જ વિવાદનું મુખ્ય કારણ બની હતી. આ જોગવાઈઓમાં:

બિન-મુસ્લિમ સભ્યોની નિમણૂક: કાયદામાં વક્ફ બોર્ડ અને વક્ફ ટ્રિબ્યુનલમાં બિન-મુસ્લિમ સભ્યોની નિમણૂક કરવાની જોગવાઈ છે, જે વક્ફના પરંપરાગત વ્યવસ્થાપનમાં મોટો બદલાવ છે.

સરકારનો અંતિમ નિર્ણય: કોઈપણ મિલકતને 'વક્ફ' તરીકે જાહેર કરવા અંગે કેન્દ્ર સરકારનો નિર્ણય અંતિમ માન્ય ગણવો, તે જોગવાઈ પણ વિરોધકર્તાઓ માટે ચિંતાનો વિષય હતી.

આ જોગવાઈઓના કારણે પશ્ચિમ બંગાળ સહિત દેશના અનેક રાજ્યોમાં વિરોધ થયો હતો. જોકે, કેન્દ્રીય કાયદાના અમલની ફરજિયાત જોગવાઈને કારણે મમતા બેનર્જી સરકાર દ્વારા લેવામાં આવેલો આ નિર્ણય સંકેત આપે છે કે હવે રાજ્ય સરકાર કેન્દ્ર સાથે સીધો ટકરાવ ટાળીને, કાયદાનો અમલ કરવા તૈયાર છે. આ પગલું વક્ફ મિલકતોના વ્યવસ્થાપનમાં પારદર્શિતા અને જવાબદેહીતા લાવવા માટેનું એક મહત્ત્વનું પગલું છે.

## એક વ્યક્તિને ૩થી વધુ સિમકાર્ડ નહીં મળે, બાળકોના મોબાઇલ ઉપયોગ અંગે SOP બનાવો: જોધપુર હાઇકોર્ટ

(એજન્સી) જોધપુર । તા. 29

સાયબર છેતરપિંડી અને 'ડિજિટલ અરેસ્ટ'ના વધતાં જતાં કેસોને ગંભીરતાથી લઈને જોધપુર હાઈકોર્ટે એક મહત્ત્વપૂર્ણ ચુકાદો આપ્યો છે. કોર્ટે કેન્દ્ર અને રાજ્ય સરકારને એક જ વ્યક્તિના નામે ત્રણથી વધુ સિમ કાર્ડ આપવા પર સંપૂર્ણ પ્રતિબંધ મૂકવાનો આદેશ આપ્યો છે. આ ઉપરાંત, 16 વર્ષથી ઓછી ઉંમરના બાળકો દ્વારા મોબાઈલ ફોન અને સોશિયલ મીડિયાના ઉપયોગ માટે કડક સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસિજર (SOP) બનાવવાનો પણ નિર્દેશ આપ્યો છે.

84 વર્ષીય એક દંપતી સાથે 2 કરોડ રૂપિયાની છેતરપિંડી કરનારા બે આરોપીઓના જામીન ફગાવી દેતાં જસ્ટિસ રવિ ચિરાનિયાએ સરકાર, પોલીસ અને બેંકોને આ સૂચનાઓ જારી કરી છે. હાઈકોર્ટે અધિક મુખ્ય સચિવ(ગૃહ)ને ભારતીય સાયબર ક્રાઈમ કોઓર્ડિનેશન સેન્ટર(I4C)ની જેમ રાજસ્થાન સાયબર ક્રાઈમ કંટ્રોલ સેન્ટર (R4C) સ્થાપિત કરવાનો આદેશ આપ્યો છે. આ ઉપરાંત I4Cની તર્જ પર સાયબર કેસોની તપાસ માટે જનરલ ઑફ સાયબર હેઠળ ખાસ IT ઈન્સ્પેક્ટરની ભરતી કરવા જણાવાયું છે, જેમને અન્ય વિભાગોમાં ટ્રાન્સફર કરવામાં આવશે નહીં. કોર્ટે બાળકો દ્વારા મોબાઈલ ફોન અને સોશિયલ મીડિયાના દુરુપયોગની ગંભીરતા નોંધીને શિક્ષણ વિભાગને નિર્દેશ આપ્યો છે.

# News Brief

## જમ્મુમાં મુસ્લિમનું મકાન તોડી પડાતા હિન્દુ પાડોશીએ પ્લોટ આપ્યો



જમ્મુ-કાશ્મીર | જમ્મુ-કાશ્મીરમાં ભાઈચારાનું એક ઉત્તમ ઉદાહરણ જોવા મળ્યું છે. સરકારી જમીન પર બનેલા પત્રકાર અરફાઝના ઘરને તોડી પડાતા, લોકો સહાનુભૂતિ વ્યક્ત કરવા માટે મોટી સંખ્યામાં પહોંચી રહ્યા છે. શુક્રવારે હિન્દુ પાડોશીએ અસરગ્રસ્ત પરિવારને તેમનું ઘર ફરીથી બનાવવા માટે પ્લોટ ભેટમાં આપ્યો છે. કુલદીપ કુમાર અને તેમની પુત્રી તાન્યાએ પત્રકારના પરિવારને ટ્રાન્સપોર્ટ નગર વિસ્તારમાં પાંચ મરલાનો પ્લોટ ઓફર કર્યો છે. કુમારે કહ્યું કે, 'હું મારી દીકરીના માધ્યમથી પરિવારને પાંચ મરલા જમીન ભેટમાં આપી રહ્યો છું જેથી મારો ભાઈ પોતાનું ઘર ફરીથી બનાવી શકે.' તે બાંધકામમાં પણ મદદ કરશે. પીડિત પરિવારને ભેટ આપવાનો તેમનો વીડિયો ઈન્ટરનેટ પર વાઈરલ થયો છે, જેની લોકો પ્રશંસા કરી રહ્યા છે. ગત શુક્રવારે જમ્મુ ડેવલપમેન્ટ ઓથોરિટી (JDA) એ કથિત રીતે પત્રકાર અરફાઝ અહમદ ડેંગના ઘરને તોડી પાડ્યું હતું, જેના કારણે જમ્મુ-કાશ્મીરમાં રાજકારણ ગરમાયું છે.

## શિવકુમાર સાથે બ્રેકફાસ્ટ બાદ CM સિદ્ધારમૈયાની ચોખવટ



નવી દિલ્હી | કર્ણાટકમાં ચાલી રહેલા નેતૃત્વ સંકટ વચ્ચે, નાયબ મુખ્યમંત્રી ડી. કે. શિવકુમારે શનિવારે મુખ્યમંત્રી સિદ્ધારમૈયાના નિવાસસ્થાને તેમની સાથે નાસ્તા પર મુલાકાત કરી. આ બેઠક ખૂબ જ મહત્ત્વપૂર્ણ માનવામાં આવી રહી છે કારણ કે કોંગ્રેસ હાઈકમાન્ડે આ મુદ્દાને ઉકેલવા માટે બંને નેતાઓને દિલ્હી બોલાવ્યાની ચર્ચા થઈ રહી હતી આ મુલાકાતનો હેતુ બંને નેતાઓ વચ્ચેના કથિત તણાવને ઘટાડવાનો અને 2023ની વિધાનસભા ચૂંટણી પછી જે સત્તા-વહેંચણી કરાર પર સહમતિ બની હતી, તેના પર પ્રારંભિક ચર્ચા કરવાનો હોવાનું માનવામાં આવે છે. બંનેએ બેઠક બાદ એક સંયુક્ત પ્રેસ કોન્ફરન્સ યોજી હતી. જેમાં મુખ્યમંત્રી સિદ્ધારમૈયાએ ચોખવટ કરતાં કહ્યું કે અમારી વચ્ચે કોઈ મતભેદ નથી અને હા ભવિષ્યમાં પણ અમારી વચ્ચે કોઈ મતભેદ નહીં થાય. હાલમાં અમારું ધ્યાન 2028ની ચૂંટણીઓની તૈયારીઓ પર છે.

## 'અમારું ગઠબંધન વિચારધારા પર ટકેલું, આગળ યથાવત્ જ રહેશે..'



મહારાષ્ટ્ર | મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રી એકનાથ શિંદેએ જણાવ્યું હતું કે રાજ્યમાં સત્તાધારી મહાયુતિ ગઠબંધન વિચારધારા પર આધારિત છે અને તે આગળ પણ ચાલુ રહેશે. તેમણે સ્પષ્ટતા કરી કે શિવસેના (શિંદે જૂથ) અને ભારતીય જનતા પાર્ટી (ભાજપ) નું ગઠબંધન પૂર્વ વડા પ્રધાન અટલ બિહારી વાજપેયી, વરિષ્ઠ નેતા લાલકૃષ્ણ અડવાણી અને શિવસેનાના સ્થાપક બાળાસાહેબ ઠાકરેના આદર્શો પર ટકેલું છે. એકનાથ શિંદેએ મહારાષ્ટ્ર ભાજપના પ્રમુખ રવીન્દ્ર ચવ્હાણની એક ટિપ્પણીના જવાબમાં આ નિવેદન આપ્યું હતું. ગુરુવારે રવીન્દ્ર ચવ્હાણે કહ્યું હતું કે, "હું 2 ડિસેમ્બર સુધી ગઠબંધનને બચાવવા માંગુ છું. આક્ષેપો પર પછીથી જવાબ આપીશ."

**મતદાર યાદીના સ્પેશિયલ ઇન્ટેન્સિવ રિવિઝનનું કામ સમયસર પૂર્ણ**

## BLO લક્ષ્યાંક સિદ્ધ કરનારા અધિકારીઓ માટે હેલિકોપ્ટર રાઈડ

(એજન્સી) ભોપાલ/જબલપુર । તા. 29

મધ્ય પ્રદેશમાં વિધાનસભા ચૂંટણીની તૈયારીઓ વચ્ચે, ચૂંટણી પંચના મહત્ત્વના કાર્યક્રમ સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝનની કામગીરીમાં નિર્ધારિત સમયમર્યાદા પહેલાં જ પોતાનો લક્ષ્યાંક પૂરો કરનારા બૂથ-લેવલ ઓફિસરો પર હાલમાં જિલ્લા વહીવટી તંત્ર તરફથી અનોખા ઈનામોનો વરસાદ થઈ રહ્યો છે. ઉત્કૃષ્ટ કામગીરી બદલ આ BLOને ટાઈગર સફારી, મૂવી ટિકિટ અને હેલિકોપ્ટર રાઈડ જેવા આકર્ષક પુરસ્કારો મળી રહ્યા છે, જે અન્ય સરકારી કર્મચારીઓ માટે પ્રેરણાનું ઉદાહરણ પૂરું પાડી રહ્યા છે. જબલપુર જિલ્લામાં પનાગર વિધાનસભા મતવિસ્તારમાંથી એક ઉદાહરણરૂપ કામગીરી સામે આવી છે. BLO સુપરવાઈઝર સ્નેહલતા પટેલે પોતાના વિસ્તારના તમામ બૂથનું ૧૦૦ ટકા ડિજિટાઈઝેશન સમય પહેલાં જ પૂર્ણ કરી દીધું હતું. આ સિદ્ધિ હાંસલ કરનારા તેઓ જિલ્લાના પ્રથમ BLO સુપરવાઈઝર બન્યા હતા. તેમણે કુલ ૭,૭૦૬ મતદાર ફોર્મ નિર્ધારિત સમય કરતાં વહેલા અપલોડ કરીને પોતાની કાર્યક્ષમતાનો પરિચય આપ્યો હતો. કલેક્ટર રાઘવેન્દ્ર સિંહની સૂચના અનુસાર, આ ઉત્કૃષ્ટ કામગીરી બદલ સ્નેહલતા પટેલને વિશેષ ઈનામથી સન્માનિત કરવામાં આવ્યા હતા. તેમને પીએમ શ્રી હેલી ટૂરિઝમ સર્વિસ દ્વારા વિશ્વ પ્રસિદ્ધ પર્યટન સ્થળો કાન્હા અને બાંધવગઢની હેલિકોપ્ટર રાઈડ (જોય રાઈડ) આપવામાં આવી હતી.

**કોંગ્રેસ નેતા ઉદિત રાજેનું વિવાદિત નિવેદન**

## દિલ્હી બ્લાસ્ટ અંગે કોંગ્રેસ નેતાનું વિવાદિત નિવેદન, આતંકીઓ વિશે બોલતાં જીભ લપસી!

(એજન્સી) નવી દિલ્હી । તા. 29

અવારનવાર પોતાના નિવેદનોને કારણે ચર્ચામાં અને વિવાદોમાં રહેતા કોંગ્રેસ નેતા ઉદિત રાજે વધુ એક વિવાદાસ્પદ નિવેદન આપ્યું છે. આતંકવાદ પર નિવેદન આપતાં કોંગ્રેસ નેતાની જીભ લપસી ગઈ અને તેમણે આતંકવાદી હુમલાને આતંકવાદીઓનો "જલવો" ગણાવી દીધો. ઉદિત રાજે કેન્દ્રની મોદી સરકાર પર નિશાન સાધતાં કહ્યું કે, જ્યારે પણ કહેવામાં આવ્યું કે, આતંકવાદને દફનાવી દેવામાં આવ્યું છે, ત્યારે-ત્યારે આતંકવાદીઓએ પોતાનો જલવો દેખાડ્યો છે. તેમણે દિલ્હી બોમ્બ બ્લાસ્ટનો ઉલ્લેખ કરતી વખતે આ નિવેદન આપ્યું હતું.

10 નવેમ્બરની સાંજે લાલ કિલ્લા પાસે એક i20 કારમાં થયેલા મોટા બ્લાસ્ટમાં હુમલાખોર સહિત 15 લોકો માર્યા ગયા હતા અને 20 લોકો ગંભીર રીતે ઘાયલ થયા હતા. આ બ્લાસ્ટને ડૉક્ટરોના એક આતંકવાદી મોડ્યુલે અંજામ આપ્યો હતો. જમ્મુ-કાશ્મીરના એક ડૉક્ટર આતંકવાદી ઉમર નબીએ આ આત્મઘાતી હુમલો કર્યો હતો.



જમ્મુ-કાશ્મીરની સુરક્ષા અંગે મુખ્યમંત્રી ઉમર અબ્દુલ્લા દ્વારા આપવામાં આવેલા નિવેદન અંગેના સવાલના જવાબમાં ઉદિત રાજે કહ્યું કે, તેઓ શું ખોટું કહી રહ્યા છે? રાજ્યનો દરજ્જો આપવાનું વચન આપવામાં આવ્યું હતું.

## ભારતના 61% વિસ્તાર પર ભૂકંપનો ખતરો

નવી દિલ્હી | હિમાલયન રેન્જના રાજ્યોમાં ભૂકંપનો સૌથી વધુ ખતરો છે. જમ્મુ-કાશ્મીર, હિમાચલ, ઉત્તરાખંડ, સિક્કિમ, અરૂણાચલ અને પૂર્વોત્તરના રાજ્યોમાં ગમે ત્યારે મોટો ભૂકંપ આવે તેવી દહેશત છે. હિમાલયના પેટાળમાં ટેક્ટોનિક પ્લેટમાં હિલચાલ થઈ રહી હોવાથી આ વિસ્તારોને વધારે સંવેદનશીલ ગણવામાં આવ્યા છે. દક્ષિણ ભારતના વિસ્તારોમાં ભૂકંપનો ખતરો દેશના અન્ય ભાગ કરતાં ઓછો છે. ભૂકંપ વૈજ્ઞાનિકોએ નવો સિસ્મિક મેપ જાહેર કર્યો છે. ભૂકંપ વૈજ્ઞાનિકોના નવા અહેવાલ પ્રમાણે દેશના 61 ટકા વિસ્તારમાં ભૂકંપની શક્યતા છે. અગાઉ આ વિસ્તાર 59 ટકા હતો. ભારતની ટેક્ટોનિક પ્લેટ દર વર્ષે ઉત્તર તરફ પાંચ સેન્ટિમીટર ખસતી હોવાથી પેટાળમાં હિલચાલ વધી છે. પરિણામે ભૂકંપનો ખતરો પણ વધ્યો છે. હિમાલયન રેન્જમાં ભૂકંપનું જોખમ સૌથી વધુ છે.

**ઉદયપુરથી ગુજરાત સુધી તપાસનો ધમધમાટ**

## બાઈક ટેક્સી ડ્રાઈવરના ખાતામાં 331 કરોડ રૂપિયા મળતા ઈડી ચોંકી

નવી દિલ્હી | એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED)એ ગેરકાયદે ઓનલાઈન સટ્ટાબાજી એપ્લિકેશન 'OneXbet' સંબંધિત એક મોટા મની લોન્ડરિંગ કેસનો પર્દાફાશ કર્યો છે. દિલ્હીમાં એક સામાન્ય બાઈક ટેક્સી ડ્રાઈવરના બેન્ક ખાતામાં માત્ર આઠ મહિનાના ગાળામાં 331.36 કરોડ રૂપિયા જમા કરવામાં આવ્યા હોવાનું બહાર આવતાં ED ચોંકી ઉઠી છે, અને આ કેસના તાર ઉદયપુર અને ગુજરાતના એક યુવા નેતાના વૈભવી લગ્ન સુધી પહોંચ્યા છે. ED ગેરકાયદે ઓનલાઈન સટ્ટાબાજીના મની લોન્ડરિંગની તપાસ કરી રહી હતી. કરોડો રૂપિયાના 'મની ટ્રેલ'ની તપાસ કરતાં અધિકારીઓ દિલ્હીની એક ઝૂંપડપટ્ટીમાં રહેતા એક સામાન્ય બાઈક ટેક્સી ડ્રાઈવરના ઘરે પહોંચ્યા હતા.19મી ઓગસ્ટ 2024 થી 16મી એપ્રિલ 2025 વચ્ચેના સમયગાળામાં ડ્રાઈવરના બેન્ક ખાતામાં 331.36 કરોડ રૂપિયા જમા થયા હતા.

## રાજસ્થાનમાં વરસાદ-ધુમ્મસ

નવી દિલ્હી | પહાડી રાજ્યોમાં કડકડતી ઠંડી શરૂ થઈ ગઈ છે. હિમાચલના 16 શહેરોમાં રાતનું તાપમાન 5 ડિગ્રીથી નીચે પહોંચી ગયું છે. લાહૌલ સ્પીતિ, કિન્નૌર અને ચંબામાં પાણીની ટાંકીઓ, પાઈપલાઈન અને રસ્તા કિનારે પાણીમાં બરફ જામવા લાગ્યો છે. ઉત્તરાખંડના 4 ધામોમાં તાપમાન માઈનસ 10 ડિગ્રીથી પણ નીચે ગયું છે. આદિ કૈલાસમાં પણ પારો માઈનસ 15 ડિગ્રી નોંધાયો છે, જેના કારણે ત્યાં ગૌરી કુંડ સરોવર જામી ગયું છે. ઘણા પહાડી વિસ્તારોમાં લોકો બરફ ઓગાળીને પી રહ્યા છે. ઠંડી વચ્ચે રાજસ્થાનમાં શુક્રવારે જયપુર, ઉદયપુર સહિત ઘણા વિસ્તારોમાં હળવો વરસાદ થયો. હવામાન વિભાગે આજે અને કાલે શીતલહેરની સંભાવના વ્યક્ત કરી છે. સવારના સમયે ધુમ્મસનું એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે.

## આતંકી શાહીનના ફ્લેટમાંથી 18.50 લાખ રૂપિયા જપ્ત

(એજન્સી) ફરીદાબાદ । તા. 29



દિલ્હી બ્લાસ્ટના આતંકી મોડ્યુલમાં સામેલ લેડી આતંકી ડો. શાહીન સઈદના ફરીદાબાદ સ્થિત અલ-ફલાહ યુનિવર્સિટીના ફ્લેટમાંથી નેશનલ ઇન્વેસ્ટિગેશન એજન્સી (NIA) ને 18.50 લાખ રોકડ સહિત સોનાના બિસ્કિટ અને કેટલાક દાગીના મળ્યા છે. કબાટમાંથી અરબના અન્ય દેશોની કરન્સી પણ મળી છે. ગુરુવારની રાત્રે તપાસ એજન્સી શાહીનને લઈને અલ-ફલાહ યુનિવર્સિટી પહોંચી હતી. ટીમે અહીં તેની તમામ ગતિવિધિઓની તપાસ કરી. તપાસ એજન્સીના સૂત્રો પાસેથી મળેલી માહિતી અનુસાર અલ-ફલાહ યુનિવર્સિટીની અંદર શાહીનનો 22 નંબરનો ફ્લેટ છે. આ ફ્લેટમાં તે ઘણા સમય સુધી રહી.

તપાસ એજન્સીએ ફ્લેટમાં રાખેલા કબાટનું લોક ખોલાવ્યું તો અંદર સિક્રેટ લોકર મળ્યું. તેને ખોલાવવામાં આવ્યું તો અંદર ઘણા પેકેટ રાખેલા હતા. ટીમે જ્યારે આ પેકેટ ખોલીને જોયા તો બધા ચોંકી ગયા. આ પેકેટમાં 500-500 રૂપિયાની નોટો રાખવામાં આવી હતી. ટીમના સભ્યોએ મશીન વગર જ્યારે આ નોટો ગણી તો 18.50 લાખ રૂપિયા થયા.

સોનાના 2 બિસ્કિટ, 300 ગ્રામ દાગીના પણ મળ્યા આ પછી ટીમે કબાટના બીજા લોકરની તલાશી લીધી. જેમાં સોનાના 2 બિસ્કિટ સાથે લગભગ 300 ગ્રામ સોનાના દાગીના મળી આવ્યા હતા. સૂત્રોએ એમ પણ જણાવ્યું કે કબાટમાંથી આરબ દેશોની કરન્સી પણ મળી છે. જણાવી દઈએ કે ડો. શાહીનના ઘણા નજીકના લોકો ફંડિંગ માટે અનેક બિન-સરકારી સંગઠનો (NGO)ના સંપર્કમાં હતા. આતંકી શાહીન વર્ષ 2006 થી 2013 સુધી GSVM મેડિકલ કોલેજ કાનપુરમાં ફાર્માકોલોજીની પ્રવક્તા અને વિભાગના વડા રહી હતી. એજન્સીની તપાસમાં સામે આવ્યું કે NGO દ્વારા પૈસા મંગાવતી ગેંગનું નેટવર્ક ખાડી દેશો બહેરીન, કુવૈત, ઓમાન, કતાર, સાઉદી અરબ અને સંયુક્ત આરબ અમીરાત સુધી ફેલાયેલું છે.

**ગ્રીહમ હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડ**

રજિસ્ટર્ડ ઓફિસ: છઠ્ઠો માળ, બી બિલ્ડીંગ, ગંગા ટ્રુએનો, લોહેગાંવ, પુણે, મહારાષ્ટ્ર 411014. શાખા બંધ: યુનિટ ત્રીજો માળ, ઓફિસ નં. 340, માધવ પ્લાઝા, લાલ બંગલો, સિટી સર્વે નં. G/1/146/ સબ પ્લોટ નં. 146/1, ન્યૂ સિટી સર્વે નં. 1116/1, વોર્ડ નં. 10, જામનગર

**ઈ-હરાજી - વેચાણ સૂચના**
**(સરફેસી કાયદા હેઠળ સુરક્ષિત સ્થાવર સંપત્તિનું વેચાણ)**

સિક્યોરિટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઇનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એક્ટ, 2002 ('અધિનિયમ') હેઠળ સ્થાવર સંપત્તિના વેચાણ માટે ઈ-હરાજી વેચાણ સૂચના ('અધિનિયમ') જે સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, 2002 ના નિયમ 8 અને 9 સાથે વાંચવામાં આવે છે. અહીં સામાન્ય રીતે જાહેર જનતાને અને ખાસ કરીને ઋણ લેનાર/સહ-ઋણ લેનાર/ગીરો આપનાર/જામીન આપનાર(ઓ) ને સૂચના આપવામાં આવે છે કે નીચે વર્ણવેલ સ્થાવર મિલકતો. ગ્રિહુમ હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડ (ત્યારબાદ કાયદા મુજબ 'સુરક્ષિત લેણદાર' તરીકે ઓળખાય છે), જેનો કબજો સિક્યોર્ડ લેણદારના અધિકૃત અધિકારી દ્વારા કાયદાની કલમ 13(12) હેઠળ આપવામાં આવેલી સત્તાઓનો ઉપયોગ કરીને લેવામાં આવ્યો છે, જે કાયદાની કલમ 13(2) હેઠળ સૂચના અનુસાર સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલના નિયમો 8 અને 9 સાથે વાંચવામાં આવે છે. સિક્યોર્ડ એસેટ્સ 31-12-2025 ના રોજ ઈ-ઓક્શન દ્વારા 'જેમ છે ત્યાં છે', 'જેમ છે તેમ છે', અને 'જે કંઈ છે ત્યાં છે' ના ધોરણે વેચવામાં આવશે. આથી સામાન્ય જનતાને જાણ કરવામાં આવે છે કે અમે https://www.bankeauctions.com વેબસાઈટ પર પૂરા પાડવામાં આવેલ ઈ-ઓક્શન પ્લેટફોર્મ દ્વારા જાહેર વેચાણ કરવા જઈ રહ્યા છીએ. વેચાણની વિગતવાર શરતો અને શરતો માટે, કૃપા કરીને GHFL/સુરક્ષિત લેણદારની વેબસાઈટ એટલે કે www.grihumhousing.com માં આપેલી લિંકનો સંદર્ભ લો.

| ક્રમ નં. | દરખાસ્ત નંબર ગ્રાહકનું નામ (A) | ડિમાન્ડ નોટિસ તારીખ અને બાકી રકમ (B) | કબજાની પ્રકૃતિ (C) | મિલકતનું વર્ણન (D) | અનામત કિંમત (E) | EMD (RP ના 10%) (F) | EMD સબમિશન તારીખ (G) | વધતી જતી બોલી (H) | મિલકત નિરીક્ષણ તારીખ અને સમય (I) | હરાજીની તારીખ અને સમય (J) | જાણીતા કેસ / કોર્ટ કેસ જો કોઈ હોય તો (K) |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 | લોન નંબર LAP0589200000005018592 અને HL0190H19100044 રાણા વિજય કુમાર (ઋણ લેનાર) દીપિકા વિજયકુમાર રાણા (સહ ઉધાર લેનાર) | સૂચના તારીખ: ૦૯-૦૭-૨૦૨૫ કુલ લેણાં: રૂ.૭,૯૧,૭૯૮/- (રૂપિયા સાત લાખ એકાવન હજાર સાતસો આઠ નેવું માત્ર) જેમાં ૦૯-૦૭-૨૦૨૫ ના રોજ ચૂકવવાપાત્ર LAP0589200000005018592 માં રૂ.૧,૩૪,૫૭૯/- અને HL0190H19100044 માં રૂ.૬,૫૭,૨૧૯/- ની આઉટસેન્ડિંગનો સમાવેશ થાય છે, જેમાં વસૂલાત સુધી અનુક્રમે વાર્ષિક ૧૫.૧% અને ૧૪.૧૦% વ્યાજનો સમાવેશ થાય છે. | પ્રત્યક્ષ | મિલકતના બધા ટુકડા અને પાર્સલ, જેમાં પ્લોટ નં. ૧૧૧ ૧૨X૩૬ ફૂટનો કુલ ૪૩૨ ચોરસ ફૂટ એટલે કે ૪૦.૨૬ ચોરસ મીટર (કે.જે.પી. મુજબ ૪૦.૨૬ ચોરસ મીટર)નો સમાવેશ થાય છે, જે 'મેઘા ડિસ્કવરીઝ' માં રોડ અને સી.ઓ.પી. ની જમીનમાં ૨૮.૧૮ અવિભાજિત હિસ્સો ધરાવે છે, જે રેવન્યુ સર્વે નં. ૨૯/૧, બ્લોક નં. ૫૧, મોજે ગામ ધલુડા, તા. પલસાણા, જિલ્લો: સુરત ખાતે સ્થિત છે. મિલકતની સીમાઓ: પૂર્વમાં: રોડ, પશ્ચિમમાં: ખુલ્લી જમીન અને બ્લોક નં. દિવાલ, ઉત્તરમાં: પ્લોટ નં. ૧૧૦, દક્ષિણમાં: પ્લોટ નં. ૧૧૨. | રૂ.૬,૮૦,૭૫૦/- (રૂપિયા છ લાખ એંસી હજાર સાતસો પચાસ માત્ર) | રૂ.૬૮,૦૭૫/- (રૂપિયા અડસઠ હજાર પંચોતેર માત્ર) | ૩૦-૧૨-૨૦૨૫ સાંજે ૫ વાગ્યા પહેલા | રૂ. ૧૦,૦૦૦/- | ૨૪-૧૨-૨૦૨૫ (સવારે ૧૧ થી સાંજે ૪ વાગ્યા સુધી) | ૩૧-૧૨-૨૦૨૫ (સવારે ૧૧ થી બપોરે ૨ વાગ્યા સુધી) | NIL |
| 2 | લોન નં. HL00214100000005022672 રાજેશભાઈ હરીજી સોલંકી (ઋણ લેનાર) ભાવનાબેન રાજેશભાઈ સોલંકી (સહ લેનારા) | સૂચના તારીખ: ૦૭-૦૧-૨૦૨૫ કુલ લેણાં: 07-01-2025 ના રોજ ચૂકવવાપાત્ર રૂ. 18,42,457/- (રૂપિયા અઢાર લાખ બેતાલીસ હજાર ચારસો સત્તાવન માત્ર) વસૂલાત સુધી વાર્ષિક 13% વ્યાજ સાથે. | પ્રત્યક્ષ | 'કૃષ્ણ નગર ભાગ-૧' તરીકે ઓળખાતી યોજનામાં, જે બનાસકાંઠા જિલ્લામાં, ડીસા તાલુકા, મૌજે નવદીસા અને ગુજરાત રાજ્યમાં ડીસાના નોંધણી ઉપ-જિલ્લાના ફ્રીહોલ્ડ લેન્ડ બેરિંગ સિટી સર્વે નં.૪૦૯૦, શીટ નં.૪૧ પર સ્થિત છે, તે સ્થાવર મિલકતનો તે ટુકડો અને પાર્સલ પ્લોટ નં.૨૪ પી પશ્ચિમ બાજુનો ભાગ છે, જેનો પ્લોટ વિસ્તાર ૪૫.૮૧ ચોરસ મીટર [૭૯૩.૦૦ ચોરસ ફૂટ] છે. અને પ્લોટની સીમાઓ: ઉત્તર: પ્લોટ નં.૨૩ પી ની જમીન, દક્ષિણ: પ્લોટ નં.૨૩ પી ની જમીન, પૂર્વ: પ્લોટ નં.૨૪ પી ની જમીન, પશ્ચિમ: ૧૬ ફૂટ રોડ પછી કોલેજ કોર્ટ. | રૂ.૧૨,૪૮,૬૪૩/- (રૂપિયા બાર લાખ અડતાલીસ હજાર છસો તેતાલીસ માત્ર) | રૂ.૧,૨૪,૮૬૪.૩૦ (રૂપિયા એક લાખ ચોવીસ હજાર આઠસો ચોસઠ અને ત્રીસ પૈસા માત્ર) | ૧૫-૧૨-૨૦૨૫ સાંજે ૫ વાગ્યા પહેલા | રૂ. ૧૦,૦૦૦/- | ૧૦-૧૨-૨૦૨૫ (સવારે ૧૧ થી સાંજે ૪ વાગ્યા સુધી) | ૧૬-૧૨-૨૦૨૫ (સવારે ૧૧ થી બપોરે ૨ વાગ્યા સુધી) | NIL |

ઈચ્છુક બોલી લગાવનારાઓ/ખરીદદારોને સલાહ આપવામાં આવે છે કે તેઓ સિક્યોર્ડ ક્રેડિટર શાખા અને હરાજી મિલકતોની મુલાકાત લે, અને પોતાની પૂછપરછ કરે અને વધારાના ચાર્જ, બોજો અને કોઈપણ તૃતીય-પક્ષના હિતોની ખાતરી કરે અને બિડ સબમિટ કરતા પહેલા તેના પાસાઓની ખાતરી કરે. મિલકત કર, વીજળી/પાણીના બાકી લેણાં અને કોઈપણ અન્ય બાકી લેણાં, જો કોઈ હોય, તો તે મિલકત સાથે જોડાયેલ છે જે સફળ બોલી લગાવનાર દ્વારા નક્કી કરવામાં આવશે અને ચૂકવવામાં આવશે.
રસ ધરાવતા બોલી લગાવનારાઓએ પોર્ટલ પર પોતાનું રજીસ્ટ્રેશન કરાવવું જરૂરી છે અને લોગિન આઈડી અને પાસવર્ડ અગાઉથી મેળવવો જરૂરી છે, જે ઈ-બિડિંગ માટે ફરજિયાત છે, ઓક્શન સર્વિસ પ્રોવાઈડર પાસેથી) C1 ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડ. સરનામું- પ્લોટ નં.68 ત્રીજો માળ ગુડગાંવ હરિયાણા-122003. હેલ્પલાઈન નંબર-7291981124,25,26 સપોર્ટ ઈમેલ આઈડી Support@bankeauctions.com. સંપર્ક વ્યક્તિ - ધરણી પી, ઈ-મેલ આઈડી: dharani.p@c1india.com, સંપર્ક નં.9948182222. કૃપા કરીને નોંધ લો કે સંભવિત બોલી લગાવનારાઓ ફક્ત તેમની પાસેથી જ ઈ-હરાજી પર ઓનલાઈન તાલીમ મેળવી શકે છે. ઈચ્છુક ખરીદનાર/બિડરે અર્નેસ્ટ મની ડિપોઝિટ (EMD) ની રકમ NEFT/RTGS/DD દ્વારા 'Grihum Housing Finance Ltd', બેંક-ICICI BANK LTD ના ખાતામાં સબમિટ કરવાની રહેશે. ૧૫-૧૨-૨૦૨૫ ના રોજ અથવા તે પહેલાં કોઈપણ રાષ્ટ્રીયકૃત અથવા શિડ્યુલ્ડ બેંકમાં ખાતા નંબર-૦૦૦૬૫૧૦૦૦૪૬૦ અને આઈએફએસસી કોડ- આઈસીઆઈસી૦૦૦૦૦૦૬, ૨૦, આર. એન. મુખર્જી રોડ- કોલકાતા-૭૦૦૦૦૧ ડ્રો કરીને https://www.bankeauctions.com પર પોતાનું નામ નોંધાવો અને યુઝર આઈડી અને પાસવર્ડ મફતમાં મેળવો અને સેવા પ્રદાતા પાસેથી ઈ-ઓક્શન અંગે તાલીમ મેળવો. વેબસાઈટ પર નોંધણી કરાવ્યા પછી, ઈચ્છુક ખરીદનાર/બિડરને નીચેના દસ્તાવેજોની નકલો અપલોડ કરીને, ઈ-મેલ કરીને સ્વ-પ્રમાણિત હાર્ડ કોપી સરનામે મોકલવાની રહેશે: દુકાન નંબર ૨૪, ૨૫, ૨૬ અને ૨૭, પહેલો માળ, તિરુપતિ શોપિંગ કોમ્પ્લેક્સ, ડીસા હાઈવે, પાલનપુર, ગુજરાત, ૩૮૫૦૦૧ મોબાઈલ નંબર +૯૧ ૯૫૯૭૯૨૯૦૫૦ ઈ-મેલ આઈડી rahul.r1@grihum-housing.com. નિયમો અને શરતો વિશે વધુ વિગતો માટે કૃપા કરીને ઈ-હરાજીમાં ભાગ લેવા માટે https://www.bankeauctions.com અને www.grihumhousing.com ની મુલાકાત લો. આ નોટિસને સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ-2002 ના નિયમ 8(6) હેઠળ ઉધાર લેનાર/સહ-ઉધાર લેનાર/મોર્ટગેગર/ગેરંટર(ઓ) ને 15 દિવસ (પંદર) નોટિસ તરીકે પણ ગણવી જોઈએ.

તારીખ: ૩૦-૧૧-૨૦૨૫, સ્થળ: ગુજરાત

સંપાદક/- અધિકૃત અધિકારી, ગૃહમ હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડ

સિટી એક્સપ્રેસ

SUNDAY 30 NOVEMBER-2025

AHMEDABAD


### સુનયના તોમર 30 નવેમ્બરે નિવૃત થશે, ચાર્જ બે IASને સોંપાયો

ગુજરાત સરકારના સામાન્ય વહીવટ વિભાગ (GAD) દ્વારા 29 નવેમ્બર, 2025ના રોજ થયેલા આદેશ મુજબ સુનયના તોમર 30 નવેમ્બરે નિવૃત થવાથી ઉચ્ચ સ્તરીય બે IAS અધિકારીઓને વધારાનો ચાર્જ સોંપવામાં આવ્યો છે. આ આદેશ રાજ્યપાલના નામે જારી કરવામાં આવ્યો છે. આદેશ અનુસાર આઈએએસ મુકેશ કુમાર જે હાલમાં પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ વિભાગમાં પ્રિન્સિપલ સેક્રેટરી તરીકે ફરજ બજાવી રહ્યા છે, તેમને ઉચ્ચ-તકનીકી શિક્ષણ સહિતના શિક્ષણ વિભાગના પ્રિન્સિપલ સેક્રેટરી તરીકે વધારાની જવાબદારી સોંપવામાં આવી છે.

### 15મા નાણાપંચના બીજા હપ્તામાં 741.90 કરોડની ફાળવણી

ગુજરાત સરકાર દ્વારા ગ્રામ્ય વિકાસને વેગવન્તો બનાવવા એક મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન હેઠળ રાજ્ય સરકારે 15મા નાણાપંચની ભલામણ મુજબ પંચાયતી રાજ સંસ્થાઓને બીજા હપ્તા તરીકે રૂ. 741.90 કરોડની ફાળવણી કરી છે.પંચાયત મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું હતું કે, આ રકમ દ્વારા સમગ્ર રાજ્યના ગ્રામ્ય વિસ્તારોમાં આશરે 45,000થી વધુ વિકાસ કામો હાથ ધરવામાં આવશે. જેમાં પીવાના પાણીની સુવિધા, સ્વચ્છતા, ગામડાઓમાં પાયાની સુવિધાઓના વિકાસ સહિતના કાર્યોનો સમાવેશ થશે.



# AMTS અને BRTSના પાસની લાઇનમાંથી 50 હજાર વિદ્યાર્થીઓને મુક્તિ: હવે ઓનલાઇન પાસ કઢાવી શકશે



(એજન્સી) અમદાવાદ | તા. 29

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન સંચાલિત AMTS અને BRTS બસમાં મુસાફરી કરનારા વિદ્યાર્થીઓએ હવે પાસ કઢાવવા માટે લાઈનમાં ઊભું રહેવું પડશે નહીં. જેના માટે I pass Ahmedabad એપ્લિકેશન લોન્ચ કરવામાં આવી છે. આ એપ્લિકેશનમાં વિદ્યાર્થીઓએ ફોર્મ ભરીને મોકલવાનું રહેશે. જે બાદ વિદ્યાર્થીઓએ ઓનલાઈન પાસની ફી ભરવાની રહેશે. ફી ભર્યા બાદ પાસ ઓનલાઈન જ મોકલી આપવામાં આવશે. આ પાસ ડાઉનલોડ કરી પોતાની પાસે રાખવાનો રહેશે. જો કોઈ વિદ્યાર્થી ફિઝિકલ પાસ કાઢવા માંગતો હતો તે પ્રિન્ટ કાઢીને પણ પોતાની પાસે રાખી શકશે.

**દર 6 મિનિટે ચાલતી BRTS-અમદાવાદ**

- 167 કિ.મી. વિસ્તારમાં સેવા
- 19 રૂટ અને 197 બસ સ્ટેશન
- 89 કિ.મી કોરીડોર
- 78 કિ.મી.મિક્સ ટ્રાફિક રૂટ
- 144 સ્ટેશન અને 53 કેબિન
- 1.65 લાખ લોકોની રોજ મુસાફરી



આ અંગે AMTS કમિટી ચેરમેન ધરમશી દેસાઈએ જણાવ્યું હતું કે AMTS બસમાં 50000થી વધારે વિદ્યાર્થીઓ કન્સેશન પાસ કઢાવીને મુસાફરી કરતા હોય છે. દર છ મહિને વિદ્યાર્થીઓને પાસ કઢાવવો પડે છે ત્યારે તેઓને લાઈનમાં ઊભું રહેવું ન પડે તેના માટે મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા નવી એપ્લિકેશન તૈયાર કરવામાં આવી છે. જે એપ્લિકેશનમાં વિદ્યાર્થી દ્વારા રજિસ્ટ્રેશન કરવાનું રહેશે. આ રજિસ્ટ્રેશન કર્યા બાદ વિદ્યાર્થીએ AMTS અને BRTS બસ એમ બંનેના પાસ કઢાવી શકશે. જો વિદ્યાર્થી AMTS અને BRTS બંનેમાં મુસાફરી કરતો હોય તો બંનેના પાસ કઢાવી શકશે.

**AMTSએ 8 કરોડમાં ચાર ડબલ ડેકર એસી બસ ખરીદી :** અમદાવાદ મ્યુનિસિપલ ટ્રાન્સપોર્ટ સર્વિસ (AMTS )દ્વારા રૂ.8 કરોડના ખર્ચે નવી ચાર ડબલ ડેકર એસી બસ ખરીદવામાં આવી છે. નવી આવનાર ડબલ ડેકર બસ રૂટ નંબર 130 નરોડાથી નારોલ, રૂટ નંબર 501 ઉજાલા સર્કલથી ત્રિમંદિર અને રૂટ નંબર 401 ત્રિમંદિરથી ઉજાલા સર્કલના રૂટ પર દોડાવવામાં આવશે. જ્યારે એક ડબલ ડેકર નિકોલ વિસ્તારમાં દોડાવવા માટે શક્યતા ચકાસાઈ રહી છે. AMTS કમિટીના ચેરમેન ધરમશી દેસાઈએ જણાવ્યું હતું કે પહેલા સાત ડબલ ડેકર ખરીદવામાં આવી હતી અને હવે નવી ચાર બસ આવતા કુલ ડબલ ડેકર બસની સંખ્યા 11 થશે. લાલ દરવાજાથી વસ્ત્રાલ અને ઈસનપુરથી રાણીપનો રૂટ બંધ કરી દેવામાં આવ્યો હતો અને તેને હયાત રૂટ ઉપર જ દોડાવવામાં આવે છે.

## અમદાવાદ | સરખેજ વિસ્તારમાં એમ્બરગ્રીસ વેચવા આવેલા ચાર શખસો ઝડપાયા

(એજન્સી) અમદાવાદ | તા. 29

એમ્બરગ્રીસ એટલે કે સ્પર્મ વ્હેલની ઊલટી. એક કિલોના એક કરોડ રૂપિયા લેખે વેચાતા એમ્બરગ્રીસના પોણા નવ કિલોના જથ્થા સાથે અમદાવાદમાંથી ચાર શખસો ઝડપાયા છે. અમદાવાદમાં હાલ જે જથ્થો ઝડપાયો છે તે અત્યાર સુધીનો સૌથી મોટો જથ્થો છે. ચાર મહિના પહેલા પણ અમદાવાદમાંથી એમ્બરગ્રીસના જથ્થો ઝડપાયો હતો. અમદાવાદ ઝોન-7 એલસીબીની ટીમે બાતમીના આધારે સરખેજ-મકરબા ટોરન્ટ પાવર રોડ પર નવા બની રહેલા બ્રીજ પાસેથી ચાર શખસોની 8 કિલો 700 ગ્રામ એમ્બરગ્રીસના જથ્થા સાથે ધરપકડ કરી છે. જે ચાર લોકો ઝડપાયા છે તેઓના નામ રિંકુ સીંગ, શશાંક પાંડે, જતીન પટેલ અન એજેક્ષ વ્યાસ છે.

**પોણા નવ કરોડના 'તરતા સોના' સાથે ચાર ઝડપાયા:**

### સુરતના શખસ પાસેથી એમ્બરગ્રીસ મેળવી અમદાવાદમાં વેચવાના હતા

આરોપીઓની તપાસ દરમિયાન સામે આવ્યું હતું કે નરોડામાં રહેતો રીન્કુ સિંહ રાજપુત સુરતના એક વ્યક્તિ પાસેથી એમ્બરગ્રીસનો જથ્થો વેચવા માટે લાવ્યો હતો.સુરતના વ્યક્તિએ એમ્બરગ્રીસ વેચાય તો તેને અડધા પૈસા આપવાની વાતચીત કરી હતી.રીન્કુસિંહે એમ્બરગ્રીસ શશાંકના ઘરે રાખવા માટે આપી હતી.આરોપીઓ સરખેજમાં વેચવા આવ્યા હતા ત્યારે જ પોલીસે ઝડપી પાડ્યા હતા.

## ન્યુઝ બ્રિફ

**■ અમદાવાદમાંથી પ્રતિબંધિત ચાઈનીઝ દોરી જથ્થો ઝડપાયો**

અમદાવાદ | આગામી ઉત્તરાયણના તહેવારને ધ્યાનમાં રાખીને અમદાવાદ પોલીસ ચાઈનીઝ તુક્કલ/ લેન્ટર્ન, ચાઈનીઝ માંજા, ગ્લાસ કોટેડ થ્રેડ, સિન્થેટીક કોટિંગ સાથેની પ્લાસ્ટિક દોરી અને નાયલોન દોરીના ઉત્પાદન, વેચાણ અને સંગ્રહ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. ત્યારે અમદાવાદ શહેર ક્રાઈમ બ્રાન્ચની ટીમે કાલુપુર ખાતે આવેલ એમ.એસ. શોપિંગ સેન્ટરમાંથી પ્રતિબંધિત ચાઈનીઝ દોરીના જથ્થા સાથે એક આરોપી ઝડપાયો છે અને મુદ્દામાલ જપ્ત કર્યો છે. મળતી માગિતી મુજબ, પોલીસની ટીમ પેટ્રોલીંગમાં હતી. આ દરમિયાન બાતમીના આધારે, કાલુપુર ટાવર પાસે આવેલા એમ.એસ. શોપિંગ સેન્ટરની દુકાન નંબર 12, પહેલા માળે દરોડો પાડવામાં આવ્યો હતો.

**■ હું કોંગ્રેસથી અલગ થઈ જૂદું ગ્રૂપ બનાવવા માંગુ છું, અહેમદ પટેલનો પુત્ર**

અમદાવાદ | કોંગ્રેસના દિવંગત દિગ્ગજ નેતા અને ગાંધી પરિવારના અત્યંત નજીકના ગણાતા અહેમદ પટેલના પુત્ર ફૈઝલ પટેલે સોશિયલ મીડિયા પર કોંગ્રેસથી અલગ થઈને એક 'નવું ગ્રૂપ' બનાવવાની વાત કરીને રાજકીય વર્તુળોમાં ખળભળાટ મચાવી દીધો છે. ફૈઝલે દાવો કર્યો હતો કે તેમની બહેન મુમતાઝ પટેલ પણ તેમના સમર્થનમાં છે. જો કે, મુમતાઝ પટેલે તુરંત જ ભાઈના દાવાનું ખંડન કર્યું છે અને સ્પષ્ટ શબ્દોમાં પોતાને આ બાબતથી અલગ કરી લીધા છે. સોશિયલ મીડિયા પર ફૈઝલ પટેલની એક પોસ્ટનો સ્ક્રીનશોટ ઝડપથી વાઈરલ થઈ રહ્યો છે. આ પોસ્ટમાં ફૈઝલે લખ્યું છે કે, 'હું કોંગ્રેસ પાર્ટીતી અલગ થઈને એક નવું ગ્રૂપ બનાવવાનું વિચારી રહ્યો છે.

**■ અમદાવાદના ફતેવાડીમાંથી ગેરકાયદે કોલ સેન્ટર ચલાવતો યુવક પકડાયો**

અમદાવાદ | અમદાવાદના ફતેહવાડી વિસ્તારમાં ગેરકાયદે રીતે કાર્યરત કોલ સેન્ટરનો પર્દાફાશ થયો છે. આ કોલ સેન્ટર અમેરિકાના નાગરિકોને નિશાન બનાવી ગિફ્ટ કાર્ડ અને ક્રિપ્ટોકરન્સીનો ઉપયોગ કરીને છેતરપિંડી કરતું હતું. પોલીસે બાતમીના આધારે ફતેહવાડીના કાદરી પાર્ટી પ્લોટ સામે દરોડો પાડીને કોલ સેન્ટરના એક પ્રોસેસરની ધરપકડ કરી છે. નોંધનીય છે કે, ઝડપેલા આરોપી પાસેથી અમેરિકાના નાગરિકોનો ડેટા, ક્રિપ્ટો પેમેન્ટની વિગતો ધરાવતો મોબાઈલ ફોન અને અન્ય ડિજિટલ પુરાવા જપ્ત કર્યા છે. પોલીસને મળેલા બાતમીને આધારે રેડ કરી હતી. જેમાં સોયબ ઘાંચી નામના શખસને ઝડપી લેવાયો હતો.

### નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીનું રાજીનામું આપ્યા વિના છૂટકો નહીં: મેવાણી

# ગુજરાતમાં ડ્રગ્સ-દારૂનું રાજકારણ ગરમાયું મેવાણીએ રાજીનામું માગ્યું



**મુખ્યમંત્રી અને ગૃહમંત્રી પર સીધો રાજકીય પડકાર**

જીગ્નેશ મેવાણીએ નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીનું રાજીનામું માંગતા કહ્યું કે, 'નથિંગ લેસ ધેન ધેટ. આઠ ચોપડી પાસ ગૃહમંત્રીને સત્તાના કોઈ સ્થાન ઉપર રહેવાનો અધિકાર નથી.' આ ઉપરાંત, તેમણે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ચૂપકિદી પર સવાલ ઉઠાવતા કહ્યું કે, 'આ વિશે મુખ્યમંત્રીને કંઈ કહેવાનું થતું નથી કે પછી તેમને મજા પડી રહી છે. તેમના પેટનું પાણી કેમ નથી હલતું જ્યારે તેમના જ વિધાનસભા ક્ષેત્રમાં દારૂના કારણે બહેન-દીકરીઓ વિધવા થઈ રહી છે.' આ પહેલા, બનાસકાંઠાના થરાદમાં એક જનાક્રોશ રેલીમાં પણ જીગ્નેશ મેવાણીએ ઉચ્ચ પોલીસ અધિકારીઓની હાજરીમાં રાજ્યના ડીજી, ગૃહ સચિવ અને મુખ્યમંત્રીને પડકાર ફેંક્યો હતો કે તેઓ હર્ષ સંઘવી અને ભૂપેન્દ્ર પટેલના વિધાનસભા ક્ષેત્રમાંથી દારૂ-જુગારના અડ્ડા બંધ કરીને બતાવે

(એજન્સી) અમદાવાદ | તા. 29

ગુજરાતના વિવિધ જિલ્લા-તાલુકામાં બેફામપણે ચાલી રહેલા દારૂ, ડ્રગ્સ, જુગાર અને કૂટણખાનાના ગેરકાયદે વેપારના વિવાદે રાજ્યમાં ઉગ્ર રાજકીય સ્વરૂપ ધારણ કર્યું છે. આ ગંભીર મુદ્દે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના કાર્યકારી પ્રમુખ જીગ્નેશ મેવાણીએ ફરી એકવાર નાયબ મુખ્યમંત્રી અને ગૃહમંત્રી હર્ષ સંઘવી પર આકરા પ્રહારો કરીને તેમના રાજીનામાની માંગ કરી છે. જીગ્નેશ મેવાણીએ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની આ ગંભીર મુદ્દેની ચૂપકિદી સામે પણ સવાલો ઉઠાવતા રાજ્યનું ડ્રગ્સ-દારૂનું રાજકારણ હવે ચરમસીમાએ પહોંચ્યું છે.

પ્રેસ કોન્ફરન્સ યોજીને જીગ્નેશ મેવાણીએ રાજ્યની કાયદો-વ્યવસ્થા પર ગંભીર સવાલો ઉઠાવ્યા હતા. તેમણે જણાવ્યું હતું કે, "ગુજરાતના તમામ ૩૩ જિલ્લા અને ૨૫૦થી વધારે તાલુકામાં જાણે કાયદો અને બંધારણના ધજાગરા ઉડતા હોય એમ દારૂ-જુગારના અડ્ડા, ડ્રગ્સનો વેપલો અને કૂટણખાના પણ ખુલ્લેઆમ ચાલી રહ્યા છે. રાજ્ય સરકાર અને પોલીસની રહેમ નજર વિના આ બધું શક્ય નથી."

ડ્રગ્સના કારોબાર અંગે આક્રમક વલણ અપનાવતા તેમણે સીધો રાજકીય આક્ષેપ કર્યો હતો: "ગુજરાતના દરિયાકાંઠા પરથી અંદાજિત રૂ. ૬૪ હજાર કરોડનું ડ્રગ્સ પકડાયું છે. કોણ છે ગુજરાતનો એક બદમાશ મંત્રી જે ગુજરાતની યુવા પેઢીની નસોમાં ડ્રગ્સ ઘૂસાડી રહ્યો છે. જે મંત્રી દારૂ-જુગારના અડ્ડા, ડ્રગ્સના કારોબાર અને કૂટણખાનામાંથી કમાય છે તે ગુજરાત અને ભારત ભૂમિનો ગદ્દાર કહેવાય."

ગેરકાયદે પ્રવૃત્તિઓ સામેની લડતને વેગ આપવા માટે જીગ્નેશ મેવાણીએ નવી રણનીતિ પણ જાહેર કરી છે. તેમણે કહ્યું કે, 'રાજ્યમાં અનેક સ્કૂલ-કોલેજો બહાર, હોસ્ટેલો અને યુનિવર્સિટીઓ બહાર છડે ચોક ડ્રગ્સ મળી રહ્યું છે. મુખ્યમંત્રીએ તાત્કાલિક એક 'બ્લુપ્રિન્ટ' તૈયાર કરીને યુવા પેઢીને બચાવવી જોઈએ.'

કોંગ્રેસ પક્ષ ટૂંક સમયમાં ગેરકાયદે પ્રવૃત્તિઓની જાણકારી માટે એક હેલ્પલાઈન નંબર પણ જાહેર કરવાની છે. મેવાણીએ જનતાને અપીલ કરી છે કે, "તમે પણ કોઈની ચિંતા કર્યા વગર વીડિયો અપલોડ કરો અને કોંગ્રેસના આગેવાનોને ટેગ કરો. આ કેવળ કોંગ્રેસનું નહીં, પરંતુ ગુજરાતની જનતાનું અભિયાન છે. આ મુદ્દાને લઈને અમે 'જનતા રેડ' પણ કરીશું."

### પોલીસ સામે આક્રમક વલણ અને તેના પ્રત્યાઘાતો

જીગ્નેશ મેવાણીએ પોલીસને સંબોધન કરતા કહ્યું હતું કે, 'તમારા પટ્ટા ઉતરી જશે, યાદ રાખજો.' આ નિવેદન બાદ હર્ષ સંઘવીએ પણ એક કાર્યક્રમમાં મેવાણીની ભાષાનો મુદ્દો ઉઠાવીને 'સંસ્કાર'ની વાત કરી હતી. ત્યાર પછી રાજ્યના ડીજીએ પણ પોલીસ કાર્યક્રમમાં આડકતરી રીતે આવા રાજકીય નિવેદનો સહન નહીં કરવાનું કહ્યું હતું. જોકે, જીગ્નેશ મેવાણીએ ફરી એક વીડિયો મૂકીને પોલીસ પરિવારોને 'કોઈના રાજકીય હાથા ના બનો' તેવી અપીલ કરી હતી.

**અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન | ૨૨ કિ.મી.ની કામગીરી શરૂ થશે**

# ખારીકટ કેનાલના બીજા તબક્કાના નવીનીકરણ માટે ૮૨૯ કરોડ મંજૂર

(એજન્સી) અમદાવાદ | તા. 29

અમદાવાદ શહેર માટે વર્ષોથી મહત્ત્વપૂર્ણ ગણાતી ખારીકટ કેનાલના વિકાસ અને નવીનીકરણની મહત્ત્વાકાંક્ષી કામગીરી હવે બીજા તબક્કામાં પ્રવેશવા જઈ રહી છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ખારીકટ કેનાલના બીજા તબક્કા (ફેઝ-૨)ની કામગીરી ટૂંક સમયમાં શરૂ કરવામાં આવશે, જેના માટે ૮૨૯ કરોડ મંજૂર રૂપિયાનો જંગી ખર્ચ અંદાજવામાં આવ્યો છે. આ પ્રોજેક્ટ પૂર્ણ થવાથી શહેરના પૂર્વીય વિસ્તારોમાં ગંદકી અને પાણીના નિકાલની સમસ્યામાં નોંધપાત્ર રાહત મળશે.

ખારીકટ કેનાલ પ્રોજેક્ટના બીજા તબક્કાની વિગતો આપતાં AMC વોટર સપ્લાય કમિટીના ચેરમેન દિલીપ બગરિયાએ જણાવ્યું હતું કે, "કેનાલના બીજા તબક્કામાં કુલ ૨૨ કિલોમીટર લાંબી કેનાલનું નિર્માણ અને નવીનીકરણ કરવામાં આવશે. આ કામગીરી શહેરના પૂર્વીય વિસ્તારોના મુખ્ય હિસ્સાઓને આવરી લેશે, જેથી આ વિસ્તારોના લોકોને ડ્રેનેજ અને ગંદા પાણીના નિકાલની સમસ્યાથી મુક્તિ મળે." આ વિશાળ પ્રોજેક્ટ માટેના ટેન્ડરમાં સ્પષ્ટ ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે આ સંપૂર્ણ કામગીરી ૩૦ મહિનામાં પૂર્ણ કરવાની રહેશે, જે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની આ પ્રોજેક્ટને ઝડપથી પૂરો કરવાની પ્રતિબદ્ધતા દર્શાવે છે.



**પ્રથમ તબક્કાની પ્રગતિ: ટૂંક સમયમાં પૂર્ણાહુતિ**

કમિટીના ચેરમેન દિલીપ બગરિયાએ ખારીકટ કેનાલના પ્રથમ તબક્કાની કામગીરીની પ્રગતિ વિશે પણ મહત્ત્વની માહિતી આપી હતી. પ્રથમ તબક્કામાં કુલ ૧૨.૭૫ કિલોમીટરની કામગીરી હાથ ધરવામાં આવી હતી, જેનો અંદાજિત ખર્ચ ૧૩૦૦ કરોડ રૂપિયા હતો.

સંબંધિત એજન્સીને કડક સૂચના આપી દેવામાં આવી છે કે પ્રથમ તબક્કાની આ કામગીરી ૩૧મી ડિસેમ્બર સુધીમાં કોઈપણ સંજોગોમાં પૂર્ણ કરી દેવામાં આવે. આનાથી શહેરના અન્ય ભાગોમાં પણ નવીનીકરણના લાભ મળવાનું શરૂ થઈ જશે.

કેનાલના આ સમગ્ર મહત્ત્વકાંક્ષી પ્રોજેક્ટની કામગીરી માટે કોંકણ રેલવેને કામ સોંપવામાં આવ્યું છે. મોટા ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સમાં કોંકણ રેલવેની નિપુણતા અને સમયસર કામ પૂર્ણ કરવાની ક્ષમતાને ધ્યાનમાં રાખીને આ નિર્ણય લેવાયો છે. ખારીકટ કેનાલનું નવીનીકરણ અમદાવાદના ઈતિહાસમાં એક મહત્ત્વપૂર્ણ પગલું ગણાશે, જે માત્ર પાણીના નિકાલની સમસ્યા જ નહીં, પરંતુ કેનાલની આસપાસના વિસ્તારોમાં સ્વચ્છતા અને પર્યાવરણની ગુણવત્તા સુધારવામાં પણ મદદ કરશે.

### બે વર્ષથી નાસતા ફરતો નરોડાનો આરોપી ઝડપાયો

# પોલીસે બી.એલ.ઓ. બનીને પિતાને ફોન કર્યો અને ભાંડો ફૂટ્યો

(એજન્સી) અમદાવાદ | તા. 29



અમદાવાદમાં નરોડા પોલીસે બે વર્ષથી નાસતા ફરતા એક અપહરણના આરોપીને ઝડપી પાડ્યો છે. પોલીસે આરોપીના પિતાને B.L.O. તરીકે ઓળખ આપીને ફોન કર્યો હતો અને આ રીતે મહેસાણાથી આરોપીને પકડી પાડવામાં સફળતા મેળવી હતી. નરોડા પોલીસની ટીમ દ્વારા નાસતા ફરતા આરોપીઓને પકડવાની કામગીરી ચાલી રહી હતી. જે અંતર્ગત વર્ષ 2023માં નરોડા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા અપહરણના ગુનામાં સગીર દીકરીને ભગાડી જનાર શખ્સની શોધખોળ ચાલી રહી હતી. આ ગુનામાં આરોપી રોહિત ઠાકોર છેલ્લા બે વર્ષથી ફરાર હતો.

**અમદાવાદમાં સાબરમતીના 3 બ્રિજ**

# અંડરપાસ મેન્ટેનન્સ માટે બંધ રખાયો

(એજન્સી) અમદાવાદ | તા. 29

અમદાવાદમાં સાબરમતી નદી પર પૂર્વ અને પશ્ચિમ વિસ્તારને જોડતા ત્રણ મુખ્ય બ્રિજ અને એક અંડરપાસ પર મેન્ટેનન્સની કામગીરી હાથ ધરવામાં આવનાર છે. આ કામગીરીના પગલે વાહનચાલકોને અગવડ ન પડે તે માટે વૈકલ્પિક રૂટ જાહેર કરવામાં આવ્યા છે.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા જાહેર કરાયેલા આદેશ મુજબ, શનિવાર (29મી નવેમ્બર)ની રાત્રે 11 વાગ્યાથી લઈને બીજા દિવસે સવારે 6 વાગ્યા સુધી ગાંધી બ્રિજ, કેડિલા બ્રિજ અને શાહીબાગ અંડરપાસ મેન્ટેનન્સ માટે માર્ગો પર વાહનવ્યવહાર બંધ રહેશે.

દિલ્હી દરવાજા અને સુભાષબ્રિજ તરફથી આવતા વાહનચાલકોને જો એરપોર્ટ તરફ જવું હોય, તો તેઓ શિલાલેખ ફ્લેટ થઈને રિવરફ્રન્ટ પરથી અવરજવર કરી શકશે. એરપોર્ટ/ગાંધીનગર તરફથી આવતા વાહનચાલકો શાહીબાગ ડફનાળાથી રિવરફ્રન્ટમાં થઈને અન્ય વૈકલ્પિક રસ્તાઓનો ઉપયોગ કરીને શહેરના અન્ય ભાગોમાં જઈ શકશે.

### MBBS ગ્રેજ્યુએટના ફોર્મમાં થયેલી ભૂલ સુધારીને પ્રવેશ આપવાનો આદેશ

# ગુજરાત હાઈકોર્ટનો ચુકાદો: ફોર્મની ભૂલથી નીટ-પીજી પ્રવેશ રદ ના કરી શકાય

(એજન્સી) અમદાવાદ | તા. 29



ગુજરાત હાઈકોર્ટે મેડિકલના વિદ્યાર્થીઓના હિતમાં એક અત્યંત મહત્ત્વપૂર્ણ અને દૂરંદેશી ચુકાદો આપ્યો છે. કોર્ટે સ્પષ્ટપણે જણાવ્યું છે કે, નીટ-પીજી પ્રવેશ માટેના અરજી પત્રકમાં થયેલી અજાણતા કે ગણતરીની નાની ભૂલના કારણે કોઈ પણ MBBS ગ્રેજ્યુએટને ઉચ્ચ અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવવા માટે ગેરલાયક ઠેરવી શકાય નહીં. આ ચુકાદો વર્ષ ૨૦૨૫ની નીટ-પીજી પ્રવેશ પ્રક્રિયાના એક કેસમાં વિદ્યાર્થીને મોટી રાહત આપનારો સાબિત થયો છે.

આ કેસના અરજદાર મુબીન અલી ઉમાટિયાએ નીટ-પીજીના અરજી ફોર્મમાં પોતાના MBBSના ગુણની ટકાવારી દર્શાવવામાં ભૂલ કરી હતી. તેમની વાસ્તવિક ટકાવારી ૫૭.૩૩% હતી, પરંતુ ભૂલથી ફોર્મમાં ૫૮.૨૮% લખાઈ ગઈ હતી. માત્ર આ નાની ગણતરીની ભૂલના આધારે અરજદારને પ્રવેશ પ્રક્રિયા માટે ગેરલાયક ઠેરવવાનો નિર્ણય લેવાયો હતો. આ અન્યાયી નિર્ણયને પડકારતી અરજી ગુજરાત હાઈકોર્ટ સમક્ષ કરવામાં આવી હતી.

ગુજરાત હાઈકોર્ટએ અરજદારને ગેરલાયક ઠેરવતા આદેશને તાત્કાલિક અસરથી રદ કર્યો છે. કોર્ટે 'એડમિશન કમિટી ફોર પ્રોફેશનલ મેડિકલ કોર્સ' (એસીપીએમસી) અને 'નેશનલ બોર્ડ ઓફ એક્ઝામિનેશન્સ ઈન મેડિકલ સાયન્સ' (એનબીઈએમએસ) ને નિર્દેશ આપ્યો છે કે અરજદારના રેકોર્ડમાં ટકાવારી સુધારીને ૫૭.૩૩% કરવામાં આવે અને તેને તાત્કાલિક નીટ-પીજી પ્રવેશ પ્રક્રિયામાં ભાગ લેવા દેવામાં આવે.

"રેકોર્ડ પર એવી કોઈ બાબત સામે આવી નથી જેનાથી સાબિત થાય કે અરજદારે કોઈ ગેરરીતિ આચરી છે અથવા ઈરાદાપૂર્વક માહિતી છુપાવી છે. આ માત્ર ગણતરીમાં થયેલી માનવીય ભૂલ હતી. જો કોઈ MBBS ગ્રેજ્યુએટ અનુસ્નાતક તબીબી અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવવા માંગતો હોય, ત્યારે અજાણતા થયેલી ગણતરીની ભૂલના કારણે તેની કારકિર્દી રોળાવવી ન જોઈએ." કોર્ટે એ પણ નોંધ્યું કે હજુ નીટ-પીજી પ્રવેશ પ્રક્રિયા શરૂ થઈ નથી, તેથી અરજદારના કેસને ધ્યાનમાં લેવો યોગ્ય છે.

અરજદારના વકીલે દલીલ કરી હતી કે, 'વિદ્યાર્થી પ્રતિભાશાળી છે અને ભૂલ અજાણતા થઈ છે. જો તેને તક મળે તો તે પોતાની પસંદગીની બ્રાન્ચમાં એડમિશન મેળવીને દેશની સેવા કરી શકે છે.'

બીજી તરફ, એસીપીએમસી અને એનબીઈએમએસ વતી હાજર એડિશનલ એડવોકેટ જનરલે કોર્ટમાં પોતાનો પક્ષ રજૂ કર્યો હતો. તેમણે દલીલ કરી હતી કે 'એસીપીએમસી ફક્ત પ્રવેશ પ્રક્રિયાનું સંચાલન કરે છે અને નિયમો બનાવવામાં તેની કોઈ ભૂમિકા નથી. નિયમો અનુસાર તેની પાસે કોઈપણ પ્રકારની ભૂલ સુધારવાનો અધિકાર નથી.'